RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૩૮, વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ (૩), શનિવાર તા.૦૧-૦૨-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂ.૧-૫૦ પૈસા

# જીડીપી ૬.૩થી ૬.૮ ટકા રહેવા ધારણાઃ આર્થિક સર્વે

## બજેટ પૂર્વે નાણામંત્રીએ દેશની આર્થિક સ્થિતિનો હિસાબ રજુ કર્યો, ફુગાવો નિયંત્રણમાં, વપરાશ સ્થિર રહી શકે છેઃ સિતારામન

નવીદિલ્હી,તા.૩૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે શુક્રવારે સંસદમાં ચાલુ નાણાકીય વર્ષનો આર્થિક સર્વે રજૂ કર્યો છે. આર્થિક સર્વેક્ષણને દેશની આર્થિક સ્થિતિનો હિસાબ કહેવામાં આવે છે. સર્વે મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૬.૩ ટકાથી ૬.૮ ટકાની વચ્ચે રહી શકે છે.

આ અંદાજ સૂચવે છે કે આવતા વર્ષે પણ આર્થિક પ્રવૃત્તિ ધીમી રહેશે. સર્વેમાં આશા વ્યક્ત કરવામાં આવી છે કે ફુગાવો નિયંત્રણમાં રહેશે. જ્યારે વપરાશ સ્થિર રહી શકે છે. છ મહિનાના ટૂંકા ગાળા પછી આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ આવ્યું છે. છેલ્લો આર્થિક સર્વે જુલાઈ ૨૦૨૪માં સામાન્ય ચૂંટણીઓ પછી રજૂ કરવામાં આવ્યો હતો. તેને ૨૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું.

આ સર્વે રિપોર્ટ નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતને સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત દેશ બનાવવા માટે, આગામી એક કે બે દાયકા સુધી સરેરાશ ૮%ની સ્થિર જીડીપી વૃદ્ધિ હાંસલ કરવાની જરૂર છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, 'જ્યારે આ વિકાસ દર લક્ષ્ય વિશે કોઈ પ્રશ્ન નથી, ત્યારે એ જોવું પણ મહત્વપૂર્ણ છે કે વૈશ્વિક વાતાવરણ (રાજકીય અને આર્થિક) ભારતના વિકાસ પરિણામોને અસર કરશે.'

નબળા ઉત્પાદન ક્ષેત્ર અને ધીમા કોર્પોરેટ રોકાણને કારણે, ભારતનો વિકાસ દર નાણાકીય વર્ષ ૨૪-૨૫ માં ઘટીને ૬.૪% થવાનો અંદાજ છે, જે ચાર વર્ષમાં સૌથી ધીમો વિકાસ છે અને નાણાકીય વર્ષ ૨૩-૨૪ માં નોંધાયેલા વિકાસ કરતા વધુ ઝડપી ઘટાડો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૮.૨ ટકા હતો. ભારતીય અર્થતંત્ર ૨૦૨૨-૨૩માં ૭.૨ ટકા અને ૨૦૨૧-૨૨માં ૮.૭ ટકાના દરે વધ્યું.






ફુગાવા અંગે, સર્વેમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કોમોડિટીના ભાવમાં વધારો થવાનું જોખમ મર્યાદિત જણાય છે. જોકે, વૈશ્વિક દબાણ હજુ પણ એક મુદ્દો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ચોથા ક્વાર્ટરમાં શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમનને કારણે ખાદ્ય ફુગાવો ઓછો થવાની ધારણા છે. આર્થિક સર્વેક્ષણમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે, વ્યૂહાત્મક અને સમજદાર નીતિ વ્યવસ્થાપનની સાથે સ્થાનિક મૂળભૂત બાબતોને વધુ મજબૂત બનાવવાની જરૂર પડશે. જાહેર મૂડી ખર્ચમાં વધારો અને વ્યવસાયિક અપેક્ષાઓમાં સુધારો થવાથી રોકાણ પ્રવૃત્તિમાં વધારો થવાની અપેક્ષા છે, એમ તેમાં જણાવાયું છે.

સર્વે મુજબ, આપત્તિ-સ્થિતિસ્થાપક શહેરીકરણ, જાહેર પરિવહન, વારસા સ્થળો, સ્મારકો અને પર્યટન સ્થળોના સંરક્ષણ અને જાળવણીની જરૂર છે. આ અહેવાલમાં ગ્રામીણ જાહેર માળખાગત સુવિધાઓ, જેમાં કનેક્ટિવિટીનો સમાવેશ થાય છે, પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. "અમારી ચોખ્ખી શૂન્ય પ્રતિબદ્ધતાઓને કારણે નવીનીકરણીય ઉર્જા ક્ષમતા બનાવવા પર વધારાનો ભાર મૂકવામાં આવી રહ્યો છે," સર્વેમાં જણાવાયું છે. આર્થિક સર્વેક્ષણ મુજબ, સરકારના વિવિધ સ્તરે બજેટ મર્યાદાઓ છે. કાર્યક્રમ અને પ્રોજેક્ટ આયોજન, ધિરાણ, બાંધકામ, જાળવણી, મુદ્રીકરણ અને અસર મૂલ્યાંકન જેવા ઘણા મહત્વપૂર્ણ માળખાગત ક્ષેત્રોમાં ખાનગી ભાગીદારીને વેગ આપવાની જરૂર છે.

"અમારો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ વિવિધ પીપીપી મોડેલોને સમર્થન આપે છે," સર્વેમાં જણાવાયું છે. સર્વે મુજબ, સરકારે રાષ્ટ્રીય માળખાગત પાઈપલાઈન, રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન અને પીએમ-ગતિ શક્તિ જેવા સુવિધા તંત્ર સ્થાપિત કર્યા છે, જેના કારણે પ્રગતિ થઈ છે. નાણાકીય બજાર નિયમનકારોએ ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે સુધારા કર્યા છે. આમ છતાં, ઘણા મુખ્ય ક્ષેત્રોમાં ખાનગી સાહસોની ભાગીદારી હજુ પણ મર્યાદિત છે. ખાનગી ભાગીદારી વધારવા માટેની વ્યૂહરચના માટે વિવિધ સ્તરે સરકારો, નાણાકીય બજારના ખેલાડીઓ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ નિષ્ણાતો અને આયોજકો અને ખાનગી ક્ષેત્ર જેવા તમામ હિસ્સેદારો દ્વારા સંકલિત પગલાં લેવાની જરૂર છે.

# સોમનાથ મંદિરની સરકારી જમીન પર ઉર્સનું સરઘસ નહીં યોજી શકાયઃ સુપ્રીમ કોર્ટ

સોમનાથ,તા.૩૧

સુપ્રીમ કોર્ટે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર પાસે બુલડોઝર કાર્યવાહીના કેસમાં મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી. કોર્ટે આ આદેશ આપ્યો કે વિવાદિત સ્થળ તોડી પાડવામાં આવ્યું કેમકે તે જમીન સરકારની માલિકીની છે. વેરાવળ સોમનાથ ખાતે દબાણ દૂર કરવા માટે મોટા પાયે તોડી પાડવાના મુદ્દે અરજદારોની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. રાજ્ય સરકારે સોમનાથ મંદિરની નજીકના સરકારી સ્થળે ઉર્સ યોજવાની અરજદારોની વિનંતીનો વિરોધ કર્યો હતો.



શુક્રવારે સુપ્રીમ કોર્ટે ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદે દબાણોને હટાવવાના કેસની સુનાવણી કરી. દરમિયાન, સુપ્રીમ કોર્ટે ૧ થી ૩ ફેબ્રુઆરી દરમિયાન તોડી પાડવામાં આવેલી દરગાહ પર ઉર્સ યોજવાની પરવાનગી માંગતી અરજીને ફગાવી દીધી હતી.

ગુજરાતના અધિકારીઓએ કોર્ટને જણાવ્યું હતું કે સરકારી જમીન પર બનેલા મંદિરો સહિત અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે. ઉપરોક્ત જમીન પર ધાર્મિક કાર્યક્રમો સહિત કોઈપણ પ્રવૃત્તિની મંજૂરી નથી. જસ્ટિસ બીઆર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ગુજરાત સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા કરવામાં આવેલી રજૂઆતોની નોંધ લીધી કે સરકારી જમીન પર મંદિરો સહિત તમામ અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે.

મહેતાએ જણાવ્યું હતું કે પહેલાથી જ અતિક્રમણ કરાયેલી જમીન પર હિન્દુ ધાર્મિક સમારોહ સહિત કોઈપણ પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવી રહી નથી. અરજદાર વતી હાજર રહેલા વકીલે કહ્યું કે ત્યાં એક દરગાહ હતી જેને અધિકારીઓ દ્વારા તોડી પાડવામાં આવી હતી. તેમણે કહ્યું કે દરગાહમાં 'ઉર્સ' ઉત્સવ ઉજવવાની પરંપરા ઘણા વર્ષોથી ચાલી આવે છે અને ગુરુવારે અધિકારીઓએ તેના માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો.

બેન્ચે કહ્યું કે અરજીમાં કરવામાં આવેલી વિનંતી મુખ્ય કેસની સુનાવણી કર્યા વિના સ્વીકારી શકાય નહીં. આમ કહીને ઉર્સ ઉજવવાની અરજી ફગાવી દેવામાં આવી. રાજ્ય સરકારે વેરાવળ સોમનાથ જિલ્લામાં મોટા પાયે કાર્યવાહી કરી હતી અને મોટા પાયે અતિક્રમણ હટાવ્યું હતું. સરકાર દ્વારા કરવામાં આવેલ કોંક્રિટ ફેન્સીંગ પૂર્ણ થઈ ગયું છે. સરકારે દલીલ કરી હતી કે ડિમોલિશનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ફેન્સીંગ પણ કરવામાં આવી છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ, સોમનાથ મંદિરની આસપાસ કથિત ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. પટણી મુસ્લિમ સોસાયટીએ ૧ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી હતી. આ અરજીમાં ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે અવમાનનાની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

### બજેટ પહેલા શેર બજાર ચમક્યું

# સેન્સેક્સ ૭૪૧, નિફ્ટી ૨૫૯ અંકની તેજી સાથે બંધ

મુંબઈ, તા.૩૧

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૭૬ પોઈન્ટ વધીને ૭૭,૫૦૦.૫૭ પર બંધ થયો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૨૫૮.૯૦ પોઈન્ટના વધારા સાથે ૨૩,૫૦૮.૪૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગઈકાલે ગુરુવારે પણ શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું હતું.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે દેશનું બજેટ રજૂ કરશે. નાણામંત્રીએ આજે બજેટ રજૂ કરતા પહેલા સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વે રજૂ કર્યો. આ સમયગાળા દરમિયાન ભારતીય શેરબજારે વેગ પકડ્યો અને શાનદાર વધારા સાથે ટ્રેડિંગ બંધ કર્યું. મહિનાના છેલ્લા દિવસે શેરબજાર વધારા સાથે ખુલ્યું અને મોટા વધારા સાથે બંધ થયું. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૭૬ પોઈન્ટ (૦.૯૭%) વધીને ૭૭,૫૦૦.૫૭ પર બંધ થયો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૨૫૮.૯૦ પોઈન્ટ (૧.૧૧%) ના વધારા સાથે ૨૩,૫૦૮.૪૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગઈકાલે ગુરુવારે પણ શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું હતું. શુક્રવારે સેન્સેક્સની ૩૦ માંથી ૨૪ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની ૬ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે નિફ્ટી ૫૦ માં ૫૦ માંથી ૪૪ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૬ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે સેન્સેક્સ કંપનીઓમાં લાર્સન એન્ડ ટુબ્રોના શેર સૌથી વધુ ૪.૩૭ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ITC હોટેલ્સના શેર સૌથી વધુ ૨.૯૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આજે સેન્સેક્સમાં લિસ્ટેડ અન્ય કંપનીઓમાં નેસ્લે ઈન્ડિયાના શેર ૪.૨૫ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૩.૬૬ ટકા, ટાઈટન ૩.૫૯ ટકા, ટાટા મોટર્સ ૨.૭૩ ટકા, ટાટા સ્ટીલ ૨.૬૭ ટકા, ITC ૨.૫૧ ટકા, મારુતિ સુઝુકી ૨.૪૯ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૨.૪૮ ટકા વધ્યા હતા. પાવર ગ્રીડ ૨.૨૯ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૨૩ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૦૬ ટકા, ઝોમેટો ૧.૪૬ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧.૪૩ ટકા, ઈન્ફોસિસ ૧.૨૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૭ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૯૦ ટકા, સન ફાર્મા ૦.૮૮ ટકા, ટેક મહિન્દ્રા ૦.૮૧ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૭૨ ટકા અને TCS ના શેર ૦.૧૮ ટકાના વધારા સાથે બંધ થયા.

### ભારત સહિત BRICS દેશોને ટ્રમ્પની ખુલ્લી ધમકી

# 'હું તમાશો નથી જોવાનો, ડૉલરને ઈગ્નોર ના કરતાં'

વૉશિંગ્ટન, તા.૩૧

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ BRICS દેશોથી ભારે નારાજ હોવાનું સામે આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી એવા અહેવાલ હતા કે બ્રિક્સ દેશો પોતાની કરન્સી લાવશે. પણ હવે ટ્રમ્પે આ મામલે બ્રિક્સ દેશોને ખુલ્લી ધમકી આપી દીધી છે.

ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ઈચ્છે છે કે બ્રિક્સ દેશો સમજી લે કે તે અમેરિકન ડૉલરનું સ્થાન નહીં લઈ શકે. જો એવું થશે તો બ્રિક્સ દેશો ૧૦૦% ટેરિફ ચૂકવવા તૈયારી કરી લે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર કહ્યું કે બ્રિક્સ દેશો અમેરિકન ડૉલરના વર્ચસ્વને પડકારવાનો પ્રયાસ કરી રહ્યા છે અને અમે તમાશો જોઈ રહ્યા છીએ પણ હવે આવું નહીં ચાલે. હું તમાશો નથી જોવાનો.ટ્રમ્પે કહ્યું કે આ હોસ્ટાઈલ દેશો અમેરિકન ડૉલરના વર્ચસ્વને પડકારવાનો પ્રયાસ ન કરે અને ન તો બ્રિક્સ દેશોની કોઈ કરન્સી લાવે અથવા તેને સપોર્ટ કરે. જો કોઈએ આવું કર્યું તો બ્રિક્સ દેશો પર ૧૦૦% ટેરિફ લગાવાશે. ટ્રમ્પે કહ્યું કે જો મારી વાત ન માની તો અમેરિકન બજારના દરવાજા આવા દેશો માટે કાયમ માટે બંધ કરી દઈશ. તેમણે કોઈ અન્ય બજારો શોધવા પડશે. ટ્રમ્પે કહ્યું કે તેની કોઈ સંભાવના જ નથી કે બ્રિક્સ દેશ



ઈન્ટરનેશનલ બજારમાં અમેરિકન ડૉલરનું સ્થાન કોઈ અન્ય કરન્સીને આપે.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું

# ખોટું નહીં બોલી શકું, કોંગ્રેસે દલિતો માટે જે કરવું જોઈતું હતું તે કર્યું નથી

## લોકસભામાં રાહુલ ગાંધીએ કોંગ્રેસ પાર્ટી પર જ સવાલ ઉઠાવતા મોટી ચર્ચા છેડી

નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસ નેતા અને વાયનાડ સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું કે છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં કોંગ્રેસે દલિતો અને પછાત વર્ગો માટે પૂરતું કામ કર્યું નથી. તેમણે કહ્યું કે તેમને એ કબૂલ કરવામાં જરાય ખચકાટ નથી કે પાર્ટી વંચિત વર્ગો દ્વારા તેમના દાદી અને પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના સમયમાં દેખાડવામાં આવેલા વિશ્વાસને જાળવી રાખવાને લાયક નથી.



દલિતોના પ્રભાવશાળી લોકો અને બુદ્ધિજીવીઓના એક સંમેલનને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું કે દલિતો અને પછાત વર્ગોની મુક્તિનો એક નવો તબક્કો આકાર લેવાનો શરૂ કરી રહ્યો છે. હું કહી શકું છું કે કોંગ્રેસે છેલ્લા ૧૦-૧૫ વર્ષોમાં જે કરવું જોઈતું હતું તે કર્યું નથી. જો હું મે આ ન કહ્યું હોત તો હું તમને ખોટું બોલી રહ્યો હોઈશ અને મને ખોટું બોલવું ગમતું નથી. આ હકીકત છે. જો કોંગ્રેસ પાર્ટીએ દલિતો, પછાતો અને અતિ પછાતોનો વિશ્વાસ જાળવી રાખ્યો હોત તો આરએસએસ ક્યારેય સત્તામાં ન આવત. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે ઈન્દિરા ગાંધીના સમયમાં (દલિતો અને પછાત વર્ગોનો) પૂરેપૂરો વિશ્વાસ જાળવી રાખવામાં આવ્યો હતો. દલિતો, આદિવાસીઓ, અલ્પસંખ્યકો, અતિ પછાતોને ખબર હતી કે ઈન્દિરા ગાંધી તેમના માટે લડશે અને મરી જશે પરંતુ ૧૯૯૦ના દાયકાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થઈ રહ્યો છે અને હું તેને જોઈ શકું છું. તેમણે કહ્યું કે તેમનું આ સત્ય કબૂલ કરવાનું તેમને નુકસાન પહોંચાડી શકે છે પરંતુ તેઓ પ્રતિક્રિયાથી ડરતા નથી.

આ દરમિયાન ભીડમાંથી કોઈએ પૂર્વ પ્રધાનમંત્રી નરસિંહા રાવના નામની બૂમ પાડી એવો ઈશારો કર્યો કે તેમના કાર્યકાળમાં આત્મવિશ્વાસમાં ઘટાડો થયો હતો. જેના પર રાહુલ ગાંધીએ કહ્યું કે હું નામ નહીં લઉ, પરંતુ એ વાસ્તવિકતા છે અને કોંગ્રેસ પાર્ટીએ વાસ્તવિકતા સ્વીકાર કરવી પડશે. તેનો મુકાબલો કરવા માટે ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસે પાર્ટીમાં આંતરિક ક્રાંતિ લાવવી પડશે.

દાવો કરતા કહ્યું કે હાલના માળખામાં દલિતો અને ઓબીસી માટે કોઈ તક નથી, જેના પર તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ અને આરએસએસે કબજો કરી લીધો છે. તેમણે કહ્યું કે વંચિત વર્ગોને ફક્ત પ્રતિનિધિત્વ નહીં પરંતુ સત્તાની જરૂર છે. તેમણે કહ્યું કે, તેમને સંસ્થાનો, શૈક્ષણિક સંસ્થાનો, કોર્પોરેટ ઈન્ડિયા અને ન્યાયપાલિકા ભાગીદારી જોઈએ. સત્તામાં ભાગીદારી અને પ્રતિનિધિત્વમાં ઘણું અંતર છે.

ચૂંટણી જીતવા માટે સંઘર્ષ કરી રહેલી પાર્ટી સતત ત્રણ લોકસભા ચૂંટણી હારી છે અને હવે ફક્ત ત્રણ રાજ્યો સુધી સત્તામાં સિમિત છે. ગાંધી છેલ્લા કેટલાક સમયથી મુસ્લિમ-દલિત-પછાત સમર્થન આધાર બનાવવાની આકરી કોશિશ કરી રહ્યા છે. મોહબ્બત કી દુકાન, જાતિ ગણતરી અને રિઝર્વેશન પર ૫૦ ટકાની મર્યાદા હટાવવાની માંગણી દ્વારા નફરત અને ધ્રુવીકરણના રાજકારણ વિરુદ્ધ અવાજ ઉઠાવીને ફરીથી લોકોના મનમાં જગ્યા બનાવવાની કોશિશ કરી રહ્યા છે.

### સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા

# એલઓસી ઉપર સરહદ પારથી ઘૂસણખોરી નિષ્ફળ

પૂંચ, તા. ૩૧

જમ્મુ-કાશ્મીરના પૂંચમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ગઈકાલે એટલે કે ગુરુવારે સાંજે આતંકવાદીઓનું એક જૂથ એલઓસી પાર કરીને ભારતીય વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ સુરક્ષા દળોએ સરહદ પારથી આ ઘૂસણખોરીને નિષ્ફળ બનાવી અને ત્રણેય આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

પૂંચમાં એલઓસી પર ખડમાલ વિસ્તારમાં તૈનાત સેનાના જવાનોએ થોડી હિલચાલ જોઈ. ઘૂસણખોરીની સંભાવનાને જોતા, સૈનિકોએ નજીકની સુરક્ષા ચોકીઓને એલર્ટ કરી અને આતંકવાદીઓને જોતાની સાથે જ તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોએ આ અથડામણમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે અને વિસ્તારમાં હજુ પણ મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

આ પહેલા ૨૪ જાન્યુઆરીની રાત્રે કઠુઆમાં ગોળીબાર થયો હતો. કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા બાદ મધરાતે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સૈનિકોને રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે શંકાસ્પદ આતંકવાદીઓની ગતિવિધિઓનો અહેસાસ થયો હતો.

આ પછી સેનાએ ફાયરિંગ શરૂ કરી દીધું હતી. લગભગ અડધા કલાક સુધી બંને તરફથી ગોળીબાર થયો હતો. જો કે આ ફાયરિંગમાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું કે ત્રણ આતંકવાદીઓ હતા, જેઓ કાર્યવાહી બાદ નજીકના જંગલ તરફ ભાગી ગયા હતા.

તાજેતરમાં જ જમ્મુ-કાશ્મીરમાં પોલીસ અને સેનાએ સંયુક્ત રીતે સક્રિય આતંકવાદીઓ અને તેમના પરિવારોના લગભગ ૨૫ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે.

આ દરમિયાન ટીમે ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને વાંધાજનક સામગ્રી પણ જપ્ત કરી હતી. ટ્રેંછ કોર્ટમાંથી મળેલા વોરંટના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. રાજૌરી, નૌશેરા, થાણા મંડી, ધાર હાલ, કોત્રાંકા, બુધલ, માંજાકોટ અને છિંગાસ સહિત વિવિધ વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

### બાંગ્લાદેશમાં ફરી સક્રિય થઈ અવામી લીગ

# યુનુસના રાજીનામાની માંગ સાથે આંદોલનની જાહેરાત

ઢાકા, તા.૩૧

બાંગ્લાદેશમાં હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાને દેશ છોડીને ભાગવું પડ્યું હતું. ત્યારથી બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર ચાલી રહી છે. યુનુસ સરકાર દરમિયાન શેખ હસીના અને તેમના પક્ષ અવામી લીગના નેતાઓ સામે સતત કેસ નોંધાઈ રહ્યા છે. તાજેતરમાં વચગાળાની સરકારના એક સલાહકારે કહ્યું હતું કે અવામી લીગને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

આ દરમિયાન ભારતમાં રહીને શેખ હસીના સતત વર્ચ્યુઅલ માધ્યમથી સમર્થકોને સંબોધિત કરી રહી છે અને હવે અવામી લીગ મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની સરકારને સીધી પડકાર ફેંકવા જઈ રહી છે.

અવામી લીગે સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું એલાન આપ્યું છે. તેમનો કાર્યક્રમ આખા ફેબ્રુઆરી મહિના સુધી ચાલુ રહેશે. તેમણે યુનુસ સરકારના રાજીનામાની માંગણી સાથે ૧૮ ફેબ્રુઆરીએ સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું એલાન આપ્યું છે. આ દરમિયાન વચગાળાની સરકારે પણ વળતી ચેતવણી આપી છે.

મીડિયા અહેવાલ મુજબ, અવામી લીગ ૧ ફેબ્રુઆરીથી બાંગ્લાદેશી રાજકારણમાં સક્રિય રીતે ફરી પ્રવેશ કરી રહી છે. તે ૧ ફેબ્રુઆરીથી કાર્યક્રમ માટે પત્રિકાઓનું વિતરણ કરશે. આ કાર્યક્રમ ૬, ૧૦ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ પણ યોજાશે. આ પછી, ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે.

જો કે, આવામી લીગને આ ચેતવણીનો ખોટો અર્થઘટન ન થાય તે માટે શફીકુલ આલમે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, વચગાળાની સરકારે સત્તા સંભાળ્યા પછી કોઈપણ કાયદેસર વિરોધ પ્રદર્શનોને અટકાવ્યા નથી કે પ્રતિબંધિત કર્યા નથી. અમે સભા અને સંગઠનની સ્વતંત્રતામાં માનીએ છીએ.

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

# ભીડનું પ્રબંધન

પ્રયાગરાજમાં મૌની અમાસે મચેલી ભાગદોડ બહુ દુઃખદ અને વિચારણીય છે. એ વધુ અફસોસની વાત છે કે મૌની અમાસને લઈને પ્રશાસન પહેલેથી જ બહુ ચુસ્ત હતું, તેમ છતાં દુર્ઘટના ઘટી ગઈ. ગયા કુંભ ૨૦૧૩માં પણ પ્રયાગરાજમાં મૌની અમાસના દિવસે જ ભાગદોડ મચી હતી, પરંતુ તે ભાગદોડ રેલવે સ્ટેશને થઈ હતી. આ વખતે સંગમ તટ પર થઈ. કદાચ પ્રશાસન સવારના ભવ્ય અમૃત સ્નાનને સુગમ બનાવવા માટે તૈયાર થઈ રહ્યું હશે, પરંતુ લગભગ અડધી રાતના સમયે જ ભીડ ઉમટી પડી અને તેનાથી બચાવનો મોકો હાથમાંથી નીકળી ગયો. બેશક, પ્રશાસન પોતાની આંતરિક તપાસમાં ખામીઓ પર ધ્યાન આપશે અને ભીડ પ્રબંધનની ખામીઓ દેખાશે. બેશક, લોકો ૧૯૫૪ના કુંભને યાદ કરી રહ્યા હશે, જ્યારે ભાગદોડમાં સેંકડો લોકો કાળનો કોળિયો બની ગયા હતા. એ કુંભથી પણ પ્રશાસને ખૂબ બોધ લીધો હતો અને કુંભ આયોજનોને સુરિક્ષત અને સુગમ બનાવ્યો હતો. બેશક, પ્રશાસનના કુશળ યોજનાકારોએ ફરી એક વખત પોતાની યોજનાઓના બૃહદ પટલ પર પાછું ફરવું પડશે.

આપણે કોઈ ખચકાટ વિના સ્વીકારવું જોઈએ કે ભીડ હવે આપણા માટે એક પ્રાથમિક સમસ્યા બની રહી છે. ૧૯૫૪ના કુંભ સમયે દેશની આબાદી ૪૦ કરોડ પણ ન હતી અને આજે ૧૪૦ કરોડને પાર પહોંચી ગઈ છે. ભીડની સમસ્યા માત્ર કુંભ જેવા વિશાળ આયોજનોમાં નથી થઈ રહી, લગભગ દરેક શહેર ભીડથી ગ્રસ્ત થવા લાગ્યાં છે. ધ્યાન આપવાની વાત છે કે આપણા દેશમાં નવથી વધારે એવાં શહેરો છે જેની આબાદી ૭૦ લાખથી પણ વધારે છે. લગભગ ૪૬ શહેરો એવાં છે, જેની આબાદી ૧૦ લાખથી વધારે છે. આ શહેરો પાસે એવાં મેદાન પણ નથી જ્યાં પાંચ લાખની ભીડને એક જગ્યાએ સંભાળી શકાય. મતલબ કે આપણાં શહેરો મોટાં આયોજનો માટે તૈયાર નથી, તેનો સીધો સંકેત છે કે કોઈપણ આયોજનમાં આવવા માટે લોકોને આહ્વાન કરવું ખતરાથી ખાલી નથી. આબાદી એવી રીતે વધી રહી છે કે દરેક શહેરમાં તમને કેટલાંક સ્થળ એવાં મળી જશે જ્યાં હંમેશાં ભાગદોડની સ્થિતિ બને છે. વિશેષ રૂપે રેલવે સ્ટેશનો પર ધ્યાન રાખવાની જરૂર છે. સ્ટેશનો પર મોટી આબાદી માટે સુવિધાઓ ઓછી પડે છે, એટલે મોટાભાગે લોકો પ્લેટફોર્મ પર બેઠેલા-સૂતેલા જોવા મળે છે. શું આપણે માત્ર આબાદી વધારી રહ્યા છીએ અને એ હિસાબે સુવિધાઓ વિકસિત કરવામાં પાછળ છીએ? આપણે વધતી ભીડનાં વિભિન્ન પાસાંથી વાકેફ રહેવું પડશે. પ્રયાગરાજ મહાકુંભને લઈને જે ફરિયાદો આવી રહી છે એના પર ધ્યાન આપવું જરૂરી છે. શું વીઆઈપીઓ અને તેમના સગા-સંબંધીઓને કારણે પ્રશાસન કોઈ પ્રકારના દબાણમાં છે? શું સામાન્ય લોકો માટે સહજ ઉપલબ્ધ સુવિધાઓની અછત છે? શું ભવિષ્યમાં આવાં મોટાં આયોજનોમાં ભીડ કે શ્રદ્ધાળુઓની એક નિશ્ચિત સંખ્યા નક્કી કરવી પડશે? આ એવા સામાન્ય સવાલ છે જેના પર પ્રશાસન અવશ્ય વિચાર કરી રહ્યું હશે. પ્રયાગની દુર્ઘટના બાદ પ્રશાસન પોતાની વ્યવસ્થા સુધારશે, પરંતુ લોકોએ પણ હંમેશાં માટે સાવધાન થઈ જવું જોઈએ. દુનિયામાં સૌથી વધુ આબાદીવાળા દેશમાં ડગલેને પગલે અનુશાસન અને સંયમ રાખવાની જરૂર છે, પરંતુ શું આપણે એવું કરીએ છીએ? ભીડની સ્થિતિઓથી બચવા માટે એક રાષ્ટ્રીય વ્યવહાર સંહિતા બનાવવા અને લાગુ કરવાની જરૂર હવે વધી ગઈ છે.

### હિન્દુ રાષ્ટ્રવાદનો પ્રથમ વખત કટ્ટરવાદી વિચારસરણી તરીકે ઉલ્લેખ કરાયો

# બ્રિટનને ખાલિસ્તાનીઓ ઉપરાંત હિન્દુ રાષ્ટ્રવાદીઓનો પણ ખતરો

લંડન, તા.૩૧

બ્રિટન સરકારના લીક થયેલા એક્સ્ટ્રીમિઝમ રિવ્યુ નામના રીપોર્ટમાં દેશમાં ઊભરતા નવ જોખમમાં ખાલિસ્તાની ઉગ્રવાદની સાથે હિન્દુ રાષ્ટ્રવાદનો પણ સમાવેશ કરાયો છે. સરકારની આવી સમીક્ષામાં હિન્દુ રાષ્ટ્રવાદનો પ્રથમ વખત કટ્ટરવાદી વિચારસરણી તરીકે ઉલ્લેખ કરાયો છે. આ રીપોર્ટમાં ભારત સરકારની વિદેશી ભૂમિકા વિશે પણ ચિંતાઓ વ્યક્ત કરાઈ છે.યુકે હોમ ઓફિસના સુરક્ષા પ્રધાન ડેન જાર્વિસે મંગળવારે હાઉસ ઓફ કોમન્સમાં જણાવ્યું હતુ કે રીપોર્ટનું કયું વર્ઝન લીક થયું છે તે સ્પષ્ટ નથી અને તેના દાવા સરકારની નીતિનું પ્રતિનિધિત્વ કરતાં નથી. લીક થયેલા અહેવાલ મુજબ આ દસ્તાવેજમાં સૌથી લાંબા વિભાગને અંડરસ્ટેન્ડ નામ અપાયું છે. તેમાં નવ પ્રકારના કટ્ટરવાદનો ઉલ્લેખ કરાયો છે, જેમાં ક્રમવાર ધોરણે ઈસ્લામવાદી, કટ્ટર જમણેરી, કટ્ટર મહિલા વિરોધી, ખાલિસ્તાન તરફી ઉગ્રવાદ, હિન્દુ રાષ્ટ્રવાદી ઉગ્રવાદ, પર્યાવરણીય ઉગ્રવાદ, ડાબેરી પાંખ, અરાજકતાવાદી અને સિંગલ-ઈશ્યુ એક્સ્ટ્રીમિઝમ (ન્છજીૈ), હિંસા અન ષડયંત્રોનો સમાવેશ કરાયો છે. ''અંડરસ્ટેન્ડ'' સેક્શનના ૧૭-૧૮ પેજમાંબેપ્રકારના ઉગ્રવાદનો ઉલ્લેખ કરાયો છે, જેનું મૂળ ભારતીય ઉપખંડમાં છે. તેમાં ખાલિસ્તાન તરફી ઉગ્રવાદ અને હિન્દુ રાષ્ટ્રવાદી ઉગ્રવાદનો સમાવેશ કરાયો છે .ખાલિસ્તાન ઉગ્રવાદ અંગે રીપોર્ટમાં જણાવાયું છે કે ખાલિસ્તાનને સમર્થન આપવું તે ઉગ્રવાદ છે, પરંતુ આ હેતુના સમર્થનમાં હિંસાની તરફેણ કરવામાં આવે છે ત્યારે સમસ્યા ઊભી થાય છે. હિન્દુ રાષ્ટ્રવાદનો ૨૦૨૩ના રિવ્યૂમાં સમાવેશ કરાયો ન હતો, પરંતુ તે એક ભૂલ હતી. હિન્દુ અને મુસ્લિમ વચ્ચે સપ્ટેમ્બર ૨૦૨૨માં લેસ્ટરમાં થયેલી હિંસાને કારણે હિંદુ રાષ્ટ્રવાદી ઉગ્રવાદનો જોખમોમાં સમાવેશને સરકાર યોગ્ય માને છે.આ રીપોર્ટમાં ભારત સરકારની ''વિદેશી ભૂમિકા'' વિશે ચિંતાઓ વ્યક્ત કરાઈ છે. તેમાં કેનેડા અને અમેરિકામાં શીખો સામેની જીવલેણ હિંસામાં ભારતીય સંડોવણીના આરોપોનો ઉલ્લેખ કરાયો છે.

# આર્થિક સર્વેની ૧૦ મોટી વાતો

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદના બંને ગૃહમાં ઈકોનોમિક સર્વે રજૂ કર્યો હતો. ૧૦ મુદ્દામાં સમજો દેશની અર્થવ્યવસ્થાના હાલ.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૬માં ભારતીય અર્થવ્યવસ્થા ૬.૩થી ૬.૮ ટકાના દરે વધશે.

૨. સ્થિર ખર્ચના કારણે ભારતીય અર્થવ્યવસ્થાના પાયા મજબૂત બન્યા

૩. જાહેર ક્ષેત્રમાં મૂડી વ્યય તથા ઈન્ડસ્ટ્રીયલ અપેક્ષાઓમાં સુધારાના કારણે રોકાણમાં વધારાની આશા

૪. શાકભાજીના ભાવમાં ઋતુ અનુસાર ઘટાડો. સરકારે ખાદ્ય પદાર્થોનો બફર સ્ટોક વધાર્યો તથા ખુલ્લા બજારમાં ખાદ્ય વસ્તુઓના સપ્લાય માટે આયાતમાં ઢીલ આપી.

૫. વૈશ્વિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે વ્યૂહનીતિ તથા માળખાગત સિદ્ધાંતો મજબૂત કરવા પડશે. વેપારમાં અનિશ્ચિતતાઓ તથા જીઓ-પોલિટિકલ પરિસ્થિતિઓ વિકાસ માટે પ્રતિકૂળ. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતની આર્થિક સંભાવનાઓ સંતુલિત.

૬. ભારતે નીચલા સ્તર સુધી સંરચનાત્મક સુધારા અને વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મકતા સુધારવાની જરૂર.

૭. બ્રાઝિલ, ભારત, ચીન જેવી વિકસતી અર્થવ્યવસ્થાવાળા દેશોમાં ખાદ્ય ઉપજમાં બદલાવ લાવવાથી ભાવ વધારા પર અંકુશ લાગ્યો.

૮. ૨૦૨૬માં ભૂરાજકીય તણાવના કારણે જોખમ, જોકે કોમોડિટીમાં પહેલેથી જ ઊંચી કિંમતોના કારણે હવે ભાવવધારાનું જોખમ ઓછું.

૯. સ્વચ્છતા તથા IT વિભાગની સફળતાઓના કારણે મૂળભૂત સુવિધાઓમાં સુધારો થયો.

૧૦. વિવિધ દાળ, ટામેટાં તથા ડુંગળીનું ઉત્પાદન વધારવા માટે ઋતુ અનુસાર વિવિધ ઉપજ વિકસિત કરવાની જરૂર.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

# ભાજપે વલસાડ, પારડી, ધરમપુર, બોટાદ, ગઢડાના ઉમેદવાર જાહેર કર્યા

અમદાવાદ, તા.૩૧

ભાજપે ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને અને મધ્યસત્ર પેટાચૂંટણી બાબતે વલસાડ જિલ્લાની વલસાડ, પારડી અને ધરમપુરના કુલ ૨૪ વોર્ડની ૯૬ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

આમ ભાજપે ૪૦ ટકા મહિલાઓને ટિકિટ આપી છે. આમ ભાજપે પાયાના સ્તરથી જ મહિલાઓને વધારે ટિકિટ આપવાનું શરૂ કરી દીધું છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આ ઉમેદવારો માટે સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા કરીને આ ઉમેદવારો નક્કી કર્યા છે.

વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે ઉમેદવારો જાહેર કર્યા છે. તેમા ૫૦ ટકા ટિકિટ મહિલા ઉમેદવારોને આપી છે. આ જ રીતે પારડી નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠક માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. તેમા ૧૪ બેઠક પર મહિલા ઉમેદવાર ઉતારવામાં આવ્યા છે આ બતાવે છે કે ૫૦ ટકા સીટો પર ભાજપે મહિલા ઉમેદવારો પર ભરોસો જતાવ્યો છે. આ રીતે જ ધરમપુરની છ વોર્ડની ૨૪ બેઠકો પર ૧૨ મહિલા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. અહીં પણ ૫૦ ટકા મહિલા ઉમેદવારોને ટિકિટ અપાઈ છે.

જ્યારે તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં ઉમરગામની બે અને કપરાડાની એક બેઠક પર ભાજપે ત્રણ નામ જાહેર કર્યા છે. તેમા કપિલ મુકેશભાઈ ઘોડી, સંજયભાઈ રણજીતભાઈ દુબળા અને અંબાદાસભાઈ ગોપાલભાઈ ગાયકવાડને મેદાનમાં ઉતાર્યા છે.

બોટાદ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી યોજાઈ રહી છે. તેમા ભાજપે ૧૧ વોર્ડ માટે ૪૪ ઉમેદવારો જાહેર કર્યા છે અને તેમા પણ મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. એટલે કે ૨૨ ઉમેદવાર મહિલા છે. આ જ રીતે ગઢડા નગરપાલિકાના ચાર વોર્ડની ૧૬ બેઠકોની ચૂંટણી યોજાઈ રહી છે.

તેમા આઠ બેઠકો પર મહિલા ઉમેદવારોને ઊભી રાખવામાં આવી છે. આમ ભાજપ આગામી ચૂંટણીમાં મહિલાઓ પર વધુને વધુ દારોમદાર રાખવા જઈ રહ્યુ છે. મહિલાઓના પ્રતિનિધિત્વને લઈને કોંગ્રેસ ૩૩ ટકા પર અટકી ગઈ છે તો ભાજપ સ્થાનિક ચૂટણીમાં મહિલા પ્રતિનિધિત્વને લઈને ૫૦ ટકાએ પહોંચી ગયું છે.

### ગુજરાતમાં વધુ એક ભરતી કૌભાંડ?

# સિનિયર ક્લાર્ક ભરતીમાં એક ઉમેદવારને ૨૧૦માંથી ૨૧૦ માર્ક્સ મળ્યા

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં વધુ એક ભરતીમાં કૌભાંડનો દાવો કરાયો છે. દક્ષિણ ગુજરાતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હસ્તકની કોલેજમાં ભરતી મામલે આરોપ ઉઠ્યા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ વન સેવા મહાવિદ્યાલય BRSમાં ભરતી કૌભાંડનો આરોપ મૂક્યો છે. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં એક ઉમેદવારને કેવી રીતે પૂરા ગુણ મળ્યા તે સવાલ કરાયો. જયદીપસિંહ પરમારના પરિણામ પર યુવરાજસિંહ જાડેજાએ સવાલ ઉઠાવ્યા. જયદીપસિંહ પરમાર પૂર્વ કોર્પોરેટર રાજેન્દ્રસિંહના પુત્ર છે. જયદીપસિંહ પરમારે ભ્રષ્ટાચારથી નોકરી મેળવ્યાનો આરોપ મૂકાયો છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે તસવીરો સાથે કેટલાક પુરાવા રજૂ કર્યા છે. તેમણે આપેલી વિગતો અનુસાર, સિનિયર ક્લાર્કના પદ માટે ૬૩ લોકોએ ઉમેદવારી કરી હતી જેમાં ૩૨ હાજર રહ્યા હતા. જેમં OMR પદ્ધતિથી પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં જયદીપસિંહના તમામ જવાબો સાચા પડ્યા હતા. દાવો એવો કરવામાં આવ્યો છે કે, પેપરની જે આન્સર કી હતી તેમાં કેટલાક જવાબો ખોટા હતા, પરંતુ જયદીપસિંહે જે જવાબો ટીક કર્યા તેને સાચા ગણવામાં આવ્યા છે. આ સાથે જે કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટ લેવાની હોય તે રદ કરવામાં આવતા શંકા વધુ ઘેરી બની છે. યુવરાજસિંહે આ ખુલાસો કરીને પુરાવાના આધારે તપાસની માંગ કરી છે. ભરતી કૌભાંડ મુદ્દે યુવરાજસિંહ જાડેજાએ ધરમપુરના કોર્પોરેટર રાજેન્દ્રસિંહ પરમારના પુત્રએ ભ્રષ્ટાચારથી નોકરી મેળવી હોવાનો આક્ષેપ કર્યો. દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટી હસ્તકની કોલેજમાં ભરતીને લઈ ગંભીર આક્ષેપ કર્યા. વન સેવા મહાવિદ્યાલય બી આર એસ કોલેજમાં ભરતી પર આક્ષેપ કરાયા. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં ઉમેદવારને ૨૧૦ માંથી ૨૧૦ માર્ક મળ્યા છે. કુલ ૬૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, જેમાં ૩૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

યુવરાજ સિંહે કહ્યું કે, અમે અને આમરી ટીમ દ્વારા વિશ્લેષણ કરતા જાણવા મળ્યું કે, બેઠક ક્રમાંક જી-૦૦૪૧ નાં ઉમેદવાર પરમાર જયદીપસિંહ રાજેન્દ્રસિંહ નામના હોનહાર ઉમેદવારને આન્સર કી પ્રમાણે ૨૧૦/૨૧૦ ગુણ પ્રાપ્ત થાય છે. અજીબ વાત તો એ છે કે ''આન્સર કી પ્રમાણે'' ઉમેદવારનાં બધાં જ ૨૧૦ પ્રશ્નો સાચા પડે છે. ચોકવાનારું એ પણ છે કે આન્સર-કી માં અમુક પ્રશ્નોના જવાબ/વિકલ્પમાં ભુલ છે તો તે ઉમેદવારના જવાબ કે વિકલ્પ તેમાં પણ આન્સર કી પ્રમાણે જ જવાબ આપેલ છે. આ કોઈ સ્કૂલ કે કોલેજની પરીક્ષા નથી કે જેમાં એક જ પુસ્તક માથી બધા જ પ્રશ્નો પૂછાય, આ સ્પર્ધાત્મક પરીક્ષા છે જેમાં વિશ્વના કોઈપણ ખૂણેથી પ્રશ્ન પૂછવામાં આવે છે. તો પણ આ ભાઈને ૨૧૦/૨૧૦ ગુણ પ્રાપ્રત થાય છે. એટલે પૂરા ગુણ મેળવનાર ઉમેદવારને વર્તમાન આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહેવામાં કંઈ જ ખોટું નથી. અમુક પ્રશ્નો તો એટલા સરળ કે ધોરણ ૬ થી ૮ નાં પાઠ્યપુસ્તક માંથી હતા, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે પેપર સેટર દ્વારા રજૂ કરેલ આન્સર કી માં પણ તેના જવાબ ખોટા આપવામાં આવેલ અને ઉમેદવારે પણ તે જ જવાબ ટિક કરેલ હતા ! આ કેવો સંયોગ?

# પૂર્વ MLAનો પુત્ર ચેઈન સ્નેચિંગના ગુનામાં ઝડપાયો

અમદાવાદ, તા.૩૧ઃ અમદાવાદમાં ચેઈન સ્નેચિંગની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ચેઈન-સ્નેચિંગ કરતી અલગ અલગ ગેંગ છે જે રાહદારી તેમજ વાહન ચાલકોને ટાર્ગેટ કરતી હોય છે. પરંતુ ઘાટલોડિયા પોલીસના હાથમાં એક એવો યુવક આવ્યો છે, જે કોઈ ગેંગ માટે નહીં, પરંતુ પ્રેમિકા માટે ચેઈન-સ્નેચિંગનો ગુનો પહેલી વખત કર્યો હતો. આ ઉપરાંત આ યુવક મધ્ય પ્રદેશના કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્યનો પુત્ર હોવાનો ઘટસ્ફોટ થયો છે.મળતી માહિતી અનુસાર, શહેરના થલતેજ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા ૨૫ વર્ષિય પ્રદ્યુમ્નસિંહ વિજેન્દ્રસિંહ ચંદ્રાવતની પોલીસે અટકાત કરી છે. તેણે ૨૫મી જાન્યુઆરીની રાતે મેમનગર રાજવી ટાવરમાં રહેતા ૬૫ વર્ષિય વસંતીબેન ઐયર ગળામાંથી ચેઈન કટરથી તોડીને ફરાર થઈ ગયો હતો. આ મામલે વસંતીબેને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું હતુ કે, ચેઈન સ્નેચિંગની ઘટના પ્રદ્યુમનસિંઘે કરી છે. પોલીસે પ્રદ્યુમ્નસિંહની ધરપકડ કરીને પુછપરછ કરી હતી. પ્રદ્યુમ્નસિંહ મધ્યપ્રદેશના નીમજ જિલ્લામાં આવેલા માલહેડા ગામનો રહેવાસી છે. પ્રદ્યુમ્નસિંહના પિતા વિજેન્દ્રસિહ ચંદ્રાવત મધ્ય પ્રદેશના પૂર્વ ધારાસભ્ય રહી ચુક્યા છે. પ્રદ્યુમ્નસિંહ ઘરથી કંટાળી ગયો હોવાથી તે અમદાવાદ આવી ગયો હતો અને ભાડાના મકાનમાં રહેતો હતો. તે એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો, જેના કારણે તેનો ખર્ચો વધી ગયો હતો. મોજશોખ પૂરા કરવા માટે પ્રદ્યુમ્નસિંહ ગુનાખોરીના રવાડે ચઢી ગયો હતો.

# પ્લાસ્ટિક વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરતી પાલિકા સામે જીપીસીબી આકરા પગલાં લેઃ હાઈકોર્ટ

અમદાવાદ, તા.૩૧

પ્લાસ્ટિક વેસ્ટના યોગ્ય નિકાલના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ અંગે મહત્વનો આદેશ આપતા જણાવ્યું છે કે રાજ્યમાં પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ ન કરતી મનપા (મહાનગર પાલિકાઓ) અને નપા (નગરપાલિકાઓ) સામે યોગ્ય પગલાં લો.

ગુજરાત હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાના કારણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ની પણ ઝાટકણી કાઢી હતી. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતુ કે જીપીસીબી ખાલી હાથ પર હાથ ધરીને બેસી રહેવા માટે નથી. તેણે કોઈપણ પ્રકારની કામગીરીનું ફક્ત નિરીક્ષણ કરીને જ સંતોષ માનવાનો નથી, પરંતુ તે કામગીરી યોગ્ય રીતે થઈ છે કે નહીં તે જોવાનું પણ છે. તેની સાથે કચરા નિકાલની કાર્યવાહી યોગ્ય રીતે ન કરનારી પાલિકાઓની સામે તેણે કાર્યવાહી પણ કરવી જોઈએ. આ તેનો અધિકાર છે.

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલના મુદ્દે જીપીસીબીએ કોઈની શેહ કે શરમમાં આવ્યા વગર કામ કરવાનું છે. તેણે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની શરમ રાખવાની નથી. ઉલ્લેખનીય છે કે ગીરનાર અભયારણ્યમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધની માંગણી કરતી અરજી કરવામાં આવી હતી. અરજી પર થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

ગુજરાતમાં પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ મોટી સમસ્યા છે. તેમા પણ વિવિધ મનપા અને નપાનું તેના અંગેનું ઉદાસીન વલણ આ સમસ્યામાં વધારો કરે છે. તેના લીધે નગરો કચરાના ઢગ જેવા બની રહ્યા છે. આજે પ્લાસ્ટિક વેસ્ટને લઈને સ્થિતિ એટલી વણસી ગઈ છે કે તેના માટે છેક ગુજરાત હાઈકોર્ટ સુધી લાંબા થવું પડે છે. પ્લાસ્ટિક વેસ્ટમાંથી હવે શહેરો તો ઠીક પણ ગીર જેવા અભયારણ્યો પણ બાકાત રહ્યા નથી. પ્લાસ્ટિક વેસ્ટના મુદ્દે સ્થિતિ વકરતી જોઈને ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ થઈ ગઈ છે અને તેણે જીપીસીબીને નિર્ણાયક પગલાં લેવા હાકલ કરી છે.

# ગુજરાતના મુખ્ય સચિવ તરીકે પંકજ જોષીએ પદભાર સંભાળ્યો

ગાંધીનગર, તા.૩૧

રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષીએ મુખ્ય સચિવ તરીકે ચાર્જ સંભાળ્યો છે. મુખ્ય સચિવ જોષીને નિવૃત થઈ રહેલા મુખ્ય સચિવ રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય સચિવ જોષીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ.ડી.આઈ ઈન્વેસ્ટમેન્?ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાત રાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે, અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.ભારત સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવએ ઉમેર્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ૨૦૪૭' વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોકયુમેન્ટ ૨ થીમ પર આધારિત છે, અર્નીંગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમારને રાજયના વરિષ્ઠ સનદી અધિકારીઓ? તેમજ વિવિધ વિભાગોના વડા- અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ શ્રી જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા, અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર સહિત વિવિધ સનદી અધિકારીશ્રીઓએ શ્રી રાજકુમાર સાથે તેમણે કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્રી પંકજ જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. શ્રી જોષીએ સિવિલ ઈજનેરીમાં બી.ટેક. તેમજ જળ ક્ષેત્રે એમ. ટેક.નો અભ્યાસ કર્યો છે. તેઓએ ગુજરાતમાં પ્રાંત અધિકારીથી શરૂ કરીને સરકારના વિવિધ મહત્વના વિભાગોમાં સફળતાપૂર્વક ફરજ બજાવીને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવશ્રી તરીકે મહત્વની જવાબદારી સંભાળી છે.

## સુડોકુ નં. ૧૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 4 | | | 6 |
| 4 | | | | | 7 | 8 | 3 | |
| | 3 | | | | | | | |
| | | 4 | 9 | | | | 2 | 8 |
| | 1 | 6 | 7 | | 2 | 9 | 4 | |
| 2 | 5 | | | | 3 | 1 | | |
| | | | | | | | 9 | |
| | 2 | 1 | 4 | | | | | 5 |
| 9 | | | 5 | | 6 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૫૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | 5 | 3 | 8 | 9 | 1 |
| 4 | 1 | 5 | 8 | 7 | 9 | 3 | 6 | 2 |
| 8 | 9 | 3 | 2 | 6 | 1 | 5 | 4 | 7 |
| 7 | 6 | 4 | 3 | 1 | 5 | 9 | 2 | 8 |
| 1 | 3 | 9 | 7 | 2 | 8 | 4 | 5 | 6 |
| 5 | 2 | 8 | 6 | 9 | 4 | 7 | 1 | 3 |
| 2 | 4 | 7 | 5 | 8 | 6 | 1 | 3 | 9 |
| 9 | 5 | 6 | 1 | 3 | 7 | 2 | 8 | 4 |
| 3 | 8 | 1 | 9 | 4 | 2 | 6 | 7 | 5 |

## આપની આજ...

મેષઃ આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃષભઃ આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

મિથુનઃ આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ મળશે બાળક તરફથી તમને નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

કર્કઃ આજે શરીરના કેટલાંક આંતરિક વિકારો રહેશે. આ અંગે તપાસ કરીને સારા ડોક્ટરની સલાહ લેવામાં દિવસ પસાર કરશો. રોગની સ્થિતિમાં પણ તમારું ફરવાનું વધારે છે. આરામ કરવો વધુ સારો રહેશે.

સિંહઃ આજે રોજગારી વ્યવસાયના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

કન્યાઃ આજનો દિવસ ખર્ચાનો સાબિત થઈ શકે છે. તમારે બિનજરૂરી ખર્ચાને રોકવા જોઈએ. ભવિષ્યમાં આ નાણાં ફક્ત તમારા માટે જ કામ આવશે. જો તમે કોઈ રોગથી પીડિત છો તો આજે અગવડતા વધી શકે છે.

તુલાઃ આજનો દિવસ સંતોષ અને શાંત રહેવાનો છે. આજે રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. ગઠબંધનથી શાસન અને શક્તિનો લાભ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદમાં વધારો કરવામાં આવશે.

વૃશ્ચિકઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો. રાત્રે પ્રિય મહેમાનોને આવકારવાનો યોગ રહેશે.

ધનઃ આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકના શિક્ષણ અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારો મેળવવાનું આનંદકારક રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

મકરઃ આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. દાંપત્ય જીવનમાં આનંદ રહેશે અને વિવાદ સમાપ્ત થશે. આજે ભાઈ-ભાભી સાથે વ્યવહાર ના કરો, સંબંધ ખરાબ થવાનું જોખમ છે.

કુંભઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે. સવારથી રાત સુધી, તમને પ્રિયજનોના સારા સમાચાર મળશે.

મીનઃ આજે તમારા સ્વાસ્થ્યમાં પરેશાની થઈ શકે છે. આજે તમને કાર્યોમાં નિરાશા મળી શકે છે. વિરોધી સમાચાર સાંભળ્યા પછી કોઈને અચાનક સફર પર જવું પડી શકે છે. તેથી સાવચેત રહો અને ઝઘડા તેમદ વિવાદને ટાળો.

# ખંભાળીયાનું ગૌરવ

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૩૧



દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયા સ્થિત સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલીત એસએનડીટી હાઈસ્કૂલના સંસ્કૃતના શિક્ષિકા ડો.રંજન જોષીએ સર્વ શિક્ષા અભિયાન અને એનસીઈઆરટી આયોજીત સમૃધ્ધી કાર્યક્રમ અંતર્ગત રાજ્યસ્તરે પ્રથમ સ્થાન મેળવી ગુજરાત રાજ્યનુ પ્રતિનિધિત્વ કરવા માટે નેશનલકક્ષાએ દિલ્હી ભાગ લેવા જશે. તેઓએ ખંભાળીયા અને હાઈસ્કુલનુ નામ રોશન કર્યુ છે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# ટ્રમ્પની કેટલીક નીતિઓ આપણા અભ્યાસક્રમની બહાર હોઈ શકે છે: જયશંકર



નવીદિલ્હી,તા.૩૧

વિદેશ મંત્રી એસ જયશંકરે નવા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ પર ભારતનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે કહ્યું કે ટ્રમ્પની કેટલીક નીતિઓ ભારતના અભ્યાસક્રમની બહાર હોઈ શકે છે. પરંતુ આપણે આપણા રાષ્ટ્રીય હિતને મહત્વ આપીશું.

દિલ્હી યુનિવર્સિટીની એક કોલેજમાં એક કાર્યક્રમ દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રવાદી છે. વૈશ્વિક સ્તરે ભારતનો પ્રભાવ વધી રહ્યો છે. હું તાજેતરમાં અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ગયો હતો. ત્યાં અમારી સાથે સારો વ્યવહાર અને આદર કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે ટ્રમ્પની નીતિઓ વૈશ્વિક બાબતોમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે, પરંતુ આપણી વિદેશ નીતિ રાષ્ટ્રીય હિત પર આધારિત હશે.

વિદેશ મંત્રીએ કહ્યું કે હા એ સાચું છે કે ટ્રમ્પ ઘણી બધી બાબતો બદલી નાખશે. પણ કદાચ કેટલીક બાબતો આપણા અભ્યાસક્રમની બહાર છે. તેથી આપણે આપણી વિદેશ નીતિને ચોક્કસપણે દૂર રાખવી પડશે. જે આપણા રાષ્ટ્રીય હિતમાં હશે. તેમણે કહ્યું કે કેટલાક મુદ્દાઓ પર આપણે અલગ હોઈ શકીએ છીએ. પરંતુ ઘણા ક્ષેત્રો એવા છે જે આપણા કાર્યક્ષેત્રમાં આવશે. તેમણે કહ્યું કે અમેરિકા સાથે અમારા સંબંધો મજબૂત છે. પીએમ મોદીના ટ્રમ્પ સાથે સારા અંગત સંબંધો છે.

વિદેશ મંત્રીએ ભારતના વધતા જતા વૈશ્વિક પ્રભાવ અંગે બદલાતી ધારણા વિશે પણ માહિતી આપી. તેમણે કહ્યું કે હવે ઘણા બિન-ભારતીયોએ પણ પોતાને ભારતીય કહેવાનું શરૂ કરી દીધું છે. કારણ કે તેઓ વિચારે છે કે આમ કરવાથી તેમને ક્યાંક વિમાનમાં સીટ મળશે.

સંવાદ સત્રમાં વિદેશ મંત્રી એસ જયશંકરે રાજકારણમાં તેમના પ્રવેશ વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું નોકરિયાત બનીશ. રાજકારણમાં મારો પ્રવેશ અચાનક થયો. જો તમે ઈચ્છો તો, તમે તેને ભાગ્ય કહી શકો છો અથવા તમે તેને મોદી કહી શકો છો. પીએમ મોદીએ મારો પીછો એવી રીતે કર્યો કે કોઈ ના પાડી શકે નહીં. તેમણે કહ્યું કે વિદેશમાં રહેતા એનઆરઆઈને હજુ પણ તેમની માતૃભૂમિમાં વિશ્વાસ છે. જે કોઈ દેશની બહાર જાય છે તે આપણી પાસે આવે છે. બહાર આપણે જ રક્ષક છીએ.

# વિક્ષેપોનો યુગ સમાપ્ત થવો જોઈએ અને સંસદમાં અર્થપૂર્ણ ચર્ચાઓ થવી જોઈએ: ઉપરાષ્ટ્રપતિ

નવીદિલ્હી,તા.૩૧

બજેટ સત્ર શરૂ થતાં પહેલાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું હતું કે સંસદમાં વિક્ષેપનો તબક્કો સમાપ્ત થવો જોઈએ અને અર્થપૂર્ણ ચર્ચા માટે માર્ગ બનાવવો જોઈએ. રાષ્ટ્રીય મહિલા આયોગના ૩૩મા સ્થાપના દિવસના કાર્યક્રમને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે દેશને એવા વિપક્ષની જરૂર છે જે સહકારી અને અર્થપૂર્ણ હોય. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે 'સંસદમાં વધુ ચર્ચા અને ચર્ચા થવી જોઈએ અને તેમાં વિક્ષેપ ન આવવો જોઈએ.'

મહિલા સશક્તિકરણ વિશે વાત કરતી વખતે, રાજ્યસભાના અધ્યક્ષે સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓને અનામત આપવાના નિર્ણયની પ્રશંસા કરી અને તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી. તેમણે કહ્યું કે હવે દેશમાં એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે, જે મહિલાઓની મહત્વાકાંક્ષાઓને પણ ટેકો આપે છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે વધતી મહત્વાકાંક્ષાઓ મોટા પડકારો પણ લાવે છે અને તે પડકારોને દૂર કરવા માટે, ઊર્જા અને યોગ્ય દિશા હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે મહિલાઓની સક્રિય ભાગીદારી વિના ભારતની પ્રગતિ અધૂરી છે. તેમણે કહ્યું, 'મને કોઈ શંકા નથી કે અડધી વસ્તીના યોગદાન વિના, આ દુનિયા ન તો ખુશ થઈ શકે છે અને ન તો દેશ પ્રગતિ કરી શકે છે.'

મહિલા આયોગની ભૂમિકા અંગે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે આયોગે સનસનાટીભર્યા સમાચારો કરતાં માહિતી પ્રસાર અને સર્જનાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને હેડલાઈન્સ બનાવવી એ અંતિમ ધ્યેય ન હોવો જોઈએ. તેમણે કહ્યું, 'શક્તિ ક્યારેય શક્તિના ઉપયોગમાં નથી, પરંતુ મર્યાદાઓની અનુભૂતિમાં છે.' તમારી મર્યાદાઓ તમારી તાકાતને વ્યાખ્યાયિત કરે છે. ઉપરાષ્ટ્રપતિએ નાણામંત્રી નિર્મલા સીતારમણની પણ પ્રશંસા કરી. તેમણે ભાર મૂક્યો કે પુરુષોની સ્ત્રીઓ પર પ્રભુત્વ મેળવવાની વૃત્તિનો અંત આવવો જોઈએ.

### બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સંબોધન

# આજે દેશ નિર્ણયોનો અમલ થતો જોઈ રહ્યો છે, ગરીબો, મહિલાઓ, યુવાનોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે

નવીદિલ્હી,તા.૩૧

સંસદનું બજેટ સત્ર આજે શુક્રવાર, ૩૧ જાન્યુઆરીથી શરૂ થયું છે. પ્રથમ દિવસે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે, શનિવાર, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કેન્દ્રીય બજેટ ૨૦૨૫ રજૂ કરશે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને સંસદના આ સત્રને સંબોધિત કરીને આનંદ થયો. બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. હું બાબા આંબેડકર અને અન્ય બંધારણ ઘડવૈયાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. રાષ્ટ્રપતિએ મહાકુંભનો ઉલ્લેખ કર્યો અને ત્યાં થયેલી નાસભાગમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી. રાષ્ટ્રપતિએ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને પણ શ્રદ્ધાંજલિ આપી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે દેશ નિર્ણયોનો અમલ થતો જોઈ રહ્યો છે. આમાં ગરીબો, મહિલાઓ, યુવાનો વગેરેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ૩ કરોડ પરિવારોને ઘર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે ગ્રામીણ વસ્તી માટે સૌમિત્ર યોજના હેઠળ ૨ કરોડથી વધુ સૌમિત્ર કાર્ડ જારી કર્યા છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ ૪૧ હજાર કરોડ રૂપિયાની રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. આદિવાસી લોકો માટે ૮૦ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને આપણું પશુધન મજબૂત બની રહ્યું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આયુષ્માન યોજના હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોની સારવાર માટે દર વર્ષે ૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. યુવાનોને ટોચની ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશિપ મળશે જે તેમના માટે રોજગારની તકો ખોલશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ, ૨૫ હજાર વસાહતોને જોડવા માટે ૭૦ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે છેલ્લા ૬ મહિનામાં ૧૭ નવી વંદે ભારત અને એક નમો ભારત ટ્રેન મળી છે. સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી માટે પગલાં લીધાં છે. ૧૦ વર્ષમાં, વિકસિત ભારત તરફ ઝડપી પગલાં લેવામાં આવ્યા છે. ભારત ટૂંક સમયમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સરકારે સેવા, સુશાસન વગેરેને પ્રાથમિકતા આપી છે. સરકારનો મંત્ર સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ છે, જેનો ઉદ્દેશ્ય વિકસિત ભારતનું નિર્માણ કરવાનો છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ૧૨ કરોડ શૌચાલય અને ઉજ્જવલા યોજના હેઠળ સિલિન્ડર જેવી યોજનાઓ દ્વારા ગરીબોને ગૌરવ સાથે જીવવાનો અધિકાર મળ્યો છે. ૨૫ કરોડ લોકો ગરીબી રેખાથી ઉપર આવી ગયા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે મધ્યમ વર્ગ જેટલા વધુ સપના જોશે, તેટલો જ દેશ ઉડશે.

# ગુજરાતમાં ૩ નવા ફોજદારી કાયદાના અમલીકરણ અંગે શાહે સમીક્ષા બેઠક યોજી

નવીદિલ્હી,તા.૩૧

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શુક્રવારે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ૩ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ, મુખ્ય સચિવ અને ગુજરાતના પોલીસ મહાનિર્દેશક, રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરોના મહાનિર્દેશક અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ચર્ચા દરમિયાન શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લાવવામાં આવેલા ૩ નવા ફોજદારી કાયદાઓનો આત્મા ૩ વર્ષની અંદર ફ્ઁઇ થી સુપ્રીમ કોર્ટ સુધીના કોઈપણ કેસમાં ન્યાય આપવાની જોગવાઈમાં છે. નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કામની પ્રશંસા કરતા, શાહે રાજ્ય સરકારને ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં તમામ કમિશનરેટમાં નવા કાયદાઓનો ૧૦૦ ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા માસિક, રાજ્યના ગૃહમંત્રી દ્વારા પખવાડિયામાં અને મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને પોલીસ મહાનિર્દેશકના સ્તરે સાપ્તાહિક સમીક્ષા થવી જોઈએ.

અમિત શાહે કહ્યું કે ગુજરાતે ૧૦ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૨ ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે બાકીના કેસોમાં કોર્ટ પાસેથી પરવાનગી લેવાની જોગવાઈનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કાયદાની સમીક્ષા કરવી જોઈએ. ગૃહમંત્રીએ કહ્યું કે ગુજરાતે ઝીરો એફઆઈઆરને ૧૦૦ ટકા એફઆઈઆરમાં રૂપાંતરિત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે એવી સિસ્ટમ બનાવવી જોઈએ જેમાં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ દ્વારા બે રાજ્યો વચ્ચે એફઆઈઆર ટ્રાન્સફર કરી શકાય. ગુજરાતે સીસીટીએનએસ ૨.૦ અપનાવવું જોઈએ. નવા કાયદાઓમાં ઈલેક્ટ્રોનિક પુરાવાની જોગવાઈ અંગે ગૃહમંત્રીએ કહ્યું કે તેના યોગ્ય અમલીકરણ માટે, રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગે એક બેઠક યોજવી જોઈએ અને હોસ્પિટલોમાંથી પોસ્ટમોર્ટમ અને અન્ય તબીબી અહેવાલો ઈલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા પર ભાર મૂકવો જોઈએ. શાહે કહ્યું કે જેલ, સરકારી હોસ્પિટલો, બેંકો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી વગેરે જેવા પરિસરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુરાવા રેકોર્ડ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. તેમણે કહ્યું કે જેલોમાં દરેક કોર્ટ માટે એક વિડીયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ.

# ભોપાલમાં જયશ્રી ગાયત્રી ફૂડ્સના પાયલ મોદીએ આપઘાતનો પ્રયાસ કર્યો

### કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન અને અન્ય ૫ લોકો પર આરોપ લગાવ્યા

ભોપાલ,તા.૩૧

ભોપાલમાં જયશ્રી ગાયત્રી ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડના માલિકની પત્ની પાયલ મોદીએ ઝેર ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. ગુરુવારે સાંજે સાડા સાત વાગ્યાના સુમારે પાયલ મોદીએ ઘરમાં રાખેલા ઉંદરનું ઝેર ખાઈ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.. જે બાદ તેમને બંસલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે પાયલની હાલત હજુ પણ નાજુક છે. પોલીસના જણાવ્યા અનુસાર, પાયલે કયા કારણોસર ઝેર પીધું તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસનું કહેવું છે કે મામલાની તપાસ ચાલી રહી છે. પાયલની કથિત સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન



અને અન્ય ૫ લોકો પર આરોપ લગાવવામાં આવ્યા છે.

પાયલ મોદી જયશ્રી ગાયત્રી ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર છે. પાયલ કિશન મોદીની પત્ની છે. કિશન મોદી જયશ્રી ગાયત્રી ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના માલિક અને એમડી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રાજધાની ભોપાલ ઉપરાંત સિહોર અને મુરેના જિલ્લામાં મેસર્સ જયશ્રી ગાયત્રી ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

પાયલ મોદીની કથિત સુસાઈડ નોટમાં કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન અને તેમના અન્ય પાંચ સહયોગીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં ચંદ્ર પ્રકાશ પાંડે, વેદ પ્રકાશ પાંડે, સુનીલ ત્રિપાઠી, ભગવાન સિંહ મેવાડા અને હિતેશ પંજાબીના નામ સામેલ છે. માહિતી મુજબ ચંદ્ર પ્રકાશ પાંડે અને ચિરાગ પાસવાન સગા ભાઈ છે. વેદ પ્રકાશ પાંડે અને ચંદ્ર પ્રકાશ સાચા ભાઈઓ છે. સુસાઈડ નોટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ઉપરોક્ત તમામ લોકો ચિરાગ પાસવાનની રાજકીય શક્તિનો ઉપયોગ મોદીની કંપનીઓ પર સીજીએસટી, એફએફએસઆઈ, ઈઓડબ્લ્યુ ઈડીના દરોડા પાડવા માટે કરી રહ્યા છે.

ટીઆઈ ભૂપેન્દ્ર કોલ સંધુએ જણાવ્યું કે પરિવારના સભ્યોએ સુસાઈડ નોટ છોડવાની વાત કરી છે. હાલ સુસાઈડ નોટ કબજે કરવામાં આવી નથી. જપ્ત કરી તપાસમાં સામેલ કરવામાં આવશે.

# કેરળમાંથી મોટી સંખ્યામાં ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ

કોચ્ચી,તા.૩૧

દેશના વિવિધ રાજ્યોમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો સામે પોલીસ ઝુંબેશ ચાલુ છે. આ ક્રમમાં, કેરળમાં મોટી સંખ્યામાં ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવી છે. કેરળ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે એર્નાકુલમ ગ્રામીણ પોલીસ અને આતંકવાદ વિરોધી ટુકડી એ એર્નાકુલમ જિલ્લાના ઉત્તર પરાવુર વિસ્તારમાંથી ૨૭ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. આ બાંગ્લાદેશીઓ કોચીમાં ગેરકાયદેસર રીતે રહેતા અને કામ કરતા હતા.

કેરળ પોલીસ અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ધરપકડ કરાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો પોતાને પશ્ચિમ બંગાળના સ્થળાંતરિત કામદારો હોવાનો દાવો કરીને ઘણી જગ્યાએ કામ કરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે બે અઠવાડિયા પહેલા તસ્લીમા બેગમ નામની ૨૮ વર્ષીય મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે ઓપરેશન ક્લીન નામનું એક ખાસ અભિયાન શરૂ કર્યું. આ ઝુંબેશ હેઠળ આ ધરપકડો કરવામાં આવી છે.

વાસ્તવમાં, પોલીસને ઉત્તર પરાવુરમાં રહેતા બાંગ્લાદેશી નાગરિકો વિશે માહિતી મળી હતી. આ પછી, એર્નાકુલમ ગ્રામીણ પોલીસની એક ટીમે છ્જી ની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધર્યું. પોલીસે દસ્તાવેજો તપાસ્યા ત્યારે જાણવા મળ્યું કે આ લોકો બાંગ્લાદેશી નાગરિક હતા અને ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા હતા. તે પોતાને ભારતીય નાગરિક હોવાનો દાવો કરી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા લોકોની વિગતવાર પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસે માહિતી આપી છે કે પકડાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ ભારતના પશ્ચિમ બંગાળથી સરહદ પાર કરીને આવ્યા હતા. કોચી આવતા પહેલા, તેણે એજન્ટોની મદદથી આધાર કાર્ડ અને અન્ય દસ્તાવેજો મેળવ્યા હતા. આ બાંગ્લાદેશીઓ વિવિધ નોકરીઓમાં રોકાયેલા હતા અને કેટલાક મજૂર છાવણીઓમાં રહેતા હતા. પોલીસના મતે, સમગ્ર દેશમાં એક સાથે બાંગ્લાદેશી નાગરિકોની આ સૌથી મોટી ધરપકડ હોઈ શકે છે.

# મુર્મુ થાકી ગયા હતા: રાહુલ, સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિના ભાષણને કંટાળાજનક ગણાવ્યું

નવીદિલ્હી,તા.૩૧

બજેટ સત્રના પહેલા દિવસે, ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. રાષ્ટ્રપતિએ પોતાના સંબોધનમાં સરકારના વિવિધ કાર્યોની ચર્ચા કરી. જોકે, રાષ્ટ્રપતિનું ભાષણ પૂરું થતાં જ રાજકીય નિવેદનબાજી ફરી શરૂ થઈ ગઈ. કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે કંઈક એવું કહ્યું જેનાથી રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. ભાજપે આ મામલે



કોંગ્રેસ પાર્ટીને માફી માંગવા કહ્યું છે.

સંસદમાં રાષ્ટ્રપતિના સંબોધન પછી મીડિયા સાથે વાત કરતા, કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધીએ કહ્યું કે રાષ્ટ્રપતિ અંત સુધીમાં ખૂબ થાકી ગયા હતા. તે ભાગ્યે જ બોલી શકતી હતી. આ દરમિયાન સોનિયા ગાંધીએ કથિત રીતે 'ગરીબ વસ્તુ' શબ્દોનો ઉપયોગ કર્યો હતો. તે જ સમયે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પણ રાષ્ટ્રપતિ મુર્મુના ભાષણને કંટાળાજનક ગણાવ્યું.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ રાષ્ટ્રપતિના સંબોધન અંગે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના નિવેદનોની નિંદા કરી છે. જેપી નડ્ડાએ કહ્યું- "હું અને બધા ભાજપના કાર્યકરો સોનિયા ગાંધી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ માટે 'ગરીબ વસ્તુ' શબ્દના ઉપયોગની સખત નિંદા કરીએ છીએ. આવા શબ્દોનો ઈરાદાપૂર્વક ઉપયોગ કોંગ્રેસ પક્ષના ગરીબ વિરોધી અને આદિવાસી વિરોધી સ્વભાવને દર્શાવે છે." "તે બતાવે છે. હું કોંગ્રેસ પક્ષ તરફથી માનનીય રાષ્ટ્રપતિ અને ભારતના આદિવાસી સમુદાયો પાસે બિનશરતી માફી માંગુ છું."

કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પર આપેલા નિવેદન પર ભાજપના સાંસદ જગદંબિકા પાલે કહ્યું- "આ દેશને શરમજનક નિવેદન છે. રાષ્ટ્રપતિ બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધિત કરે છે અને તેમાં તેઓ ભારતની નીતિઓની ચર્ચા કરે છે." સરકાર. એક માળખું છે. જ્યારે તેની ચર્ચા થશે, ત્યારે તેમને ટીકા કરવાની તક મળશે. પરંતુ આજના નિવેદન પછી, આ બંને લોકો સાંસદ બનવા યોગ્ય નથી. પહેલો મૂળભૂત નિયમ એ છે કે રાષ્ટ્રપતિ કોઈ ટિપ્પણી ન કરે. ન્યાયાધીશ પર, પણ આજે એક આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ પર આવી ટિપ્પણી કરવામાં આવી."

### NHRC લાલઘૂમ, સરકારને નોટિસ ફટકારી

# દિલ્હીમાં હાડ થીજવતી ઠંડીમાં ૪૭૪ બેઘરના મોત

નવી દિલ્હી, તા.૩૧

ડિસેમ્બરથી મધ્ય જાન્યુઆરીની વચ્ચે હાડ થીજવતી ઠંડીમાં દિલ્હીના રસ્તાઓ અને ફૂટપાથો પર ૪૭૪ બેઘરોએ જીવ ગુમાવ્યા. આની પર રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશને (એનએચઆરસી) પોતે ધ્યાન આપતાં દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશ્નરને નોટિસ ફટકારીને એક અઠવાડિયાની અંદર વિસ્તૃત રિપોર્ટ માગ્યો છે. એનએચઆરસી અનુસાર બેઘર લોકોની વચ્ચે કામ કરનાર અને બિન સરકારી સંગઠન સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ (સીએચડી)ના એક રિપોર્ટ અનુસાર દિલ્હીમાં આ શિયાળામાં ૫૬ દિવસની અંદર લગભગ ૪૭૪ લોકોએ જીવ ગુમાવ્યા. ગરમ વસ્ત્રો, ધાબળા અને પૂરતો આશ્રય જેવી જરૂરી સુરક્ષાત્મક ઉપાયોની ગેરહાજરીના કારણે આ મોત ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરથી આ વર્ષે ૧૦ જાન્યુઆરીની વચ્ચે થયા છે.

આયોગે જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં ઘણા આશ્રય ગૃહ સમુચિત માગને પૂરી કરવામાં અસમર્થ છે અને જે ઉપલબ્ધ છે, તેમાંથી મોટાભાગમાં જરૂરી સુવિધાઓનો અભાવ છે. જેનાથી વ્યક્તિ કડકડતી ઠંડીમાં રહેવા મજબૂર થઈ જાય છે. રસ્તા પર રહેતાં લોકો વિશે એ પણ વાત સામે આવી છે કે તે યોગ્ય મેડીકલ સારવાર અને સારસંભાળના અભાવમાં શ્વસન સંક્રમણ, ત્વચા સંબંધિત બીમારીઓ અને બગડતા માનસિક આરોગ્ય સહિત ઘણા આરોગ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે.

શિયાળામાં સૌથી વધુ મોત રેલવે સ્ટેશન પરિસરોમાં નોંધવામાં આવ્યા હતા. જેમાં આનંદ વિહાર, શાકભાજી બજાર, હજરત નિઝામુદ્દીન, સરાય રોહિલા, દિલ્હી કેન્ટ સહિત અન્ય સ્ટેશન છે, જ્યાં ૧૦૦ મોત નોંધાયા હતા. તે બાદ વધુ મોત ઉત્તર દિલ્હી જિલ્લામાં નોંધાયા. શાકભાજી બજાર, કાશ્મીરી ગેટ, કોતવાલી, લાહોરી ગેટ, સિવિલ લાઈન્સ, બાડા હિન્દુરાવ, સદર બજાર, તિમારપુર, સરાય રોહિલા, વજીરાબાદ, ગુલાબી બાગ સહિત અન્ય સ્થળોમાં નવેમ્બરથી અત્યાર સુધી ૮૩ મોત થયા હતા.

મધ્ય દિલ્હીના દરિયાગંજ, પહાડગંજ, નબી કરીમ, જામા મસ્જિદ, હૌજ કાજી, રાજેન્દ્ર નગર, પટેલ નગર, કમલા માર્કેટ, કરોલબાગ સહિત અન્ય વિસ્તારોમાં ૫૪ બેઘરોના મોત શિયાળામાં નોંધાયા. સીએચડીના કાર્યકારી ડાયરેક્ટર સુનીલ અલેડિયાના જણાવ્યા અનુસાર બેઘરોના મોતના આ આંકડા દિલ્હી પોલીસ નેટવર્ક (જિપ નેટ) દ્વારા સંકલિત છે.

# ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો સંકલ્પ પૂર્ણ કરીશું, ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે:મોદી

નવીદિલ્હી,તા.૩૧

સંસદનું બજેટ સત્ર આજથી શરૂ થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'બજેટ સત્ર પહેલાં, હું સંપત્તિ અને સમૃદ્ધિની દેવી દેવી લક્ષ્મીને મારા પ્રણામ કરું છું.' આ દરમિયાન, પીએમ મોદીએ સંસદ પરિસરમાં પહોંચ્યા પછી કહ્યું કે આ બજેટ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરશે. આ બજેટ સત્રમાં ઘણા ઐતિહાસિક બિલોમાં સુધારા પર ચર્ચા કરવામાં આવશે. આ બજેટ સત્રમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, 'હું પ્રાર્થના કરું છું કે દેવી લક્ષ્મી આપણા દેશના ગરીબ અને મધ્યમ વર્ગ પર પોતાના આશીર્વાદ વરસાવતા રહે.' ભારતે લોકશાહી રાષ્ટ્ર તરીકે ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તે ખૂબ જ ગર્વની વાત છે. ભારતે વૈશ્વિક સ્તરે પોતાને સારી રીતે સ્થાપિત કર્યું છે. આ મારા ત્રીજા કાર્યકાળનું પહેલું પૂર્ણ બજેટ છે.

આ સાથે, પીએમ મોદીએ કહ્યું, 'હું વિશ્વાસ સાથે કહી શકું છું કે ૨૦૪૭ માં જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે, ત્યારે ભારત વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરશે અને આ બજેટ દેશને નવી ઉર્જા અને આશા આપશે.' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'તમે નોંધ્યું હશે કે ૨૦૧૪ પછી, આ પહેલું સંસદ સત્ર છે જેમાં આપણા મામલાઓમાં કોઈ 'વિદેશી ચિનગારી' (વિદેશી હસ્તક્ષેપ) સળગી નથી, જેમાં કોઈ વિદેશી શક્તિએ આગ સળગાવવાનો પ્રયાસ કર્યો નથી.' મેં દરેક બજેટ સત્ર પહેલાં આ જોયું છે. અને આપણા દેશમાં ઘણા લોકો આ તણખાને ભડકાવવામાં કોઈ કસર છોડતા નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આપણો દેશ યુવાન છે. વિકસિત ભારતનો સૌથી મોટો લાભ આજના ૨૦-૨૫ વર્ષના યુવાનોને મળશે. જ્યારે તેઓ ૫૦ વર્ષના થશે, ત્યારે તેઓ નીતિ નિર્માણની બાગડોર સંભાળશે. વિકસિત ભારતના આપણા વિઝનને સાકાર કરવાના આપણા પ્રયાસો આપણી યુવા પેઢી માટે એક મહાન ભેટ હશે.પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ આડકતરી રીતે વિપક્ષી પાર્ટીઓ પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે વિદેશથી પ્રજ્વલિત થતી ચિનગારીને વેગ આપનારા લોકોની કોઈ કમી નથી. ૨૦૧૪ થી, હું જોઈ રહ્યો છું કે દરેક સત્ર પહેલાં, લોકો તોફાન કરવા માટે તૈયાર હોય છે અને અહીં એવા લોકોની કોઈ કમી નથી જે તેને પ્રોત્સાહન આપે છે. આ પહેલું સત્ર છે જેમાં કોઈ વિદેશી સ્પાર્ક દેખાતો નથી. સંસદના બજેટ સત્ર પહેલા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ ગરીબો અને મધ્યમ વર્ગ પર દેવી લક્ષ્મીના આશીર્વાદ વરસાવવા માટે પ્રાર્થના કરે છે. તેમણે કહ્યું કે હું વિશ્વાસ સાથે કહી શકું છું કે આ બજેટ સત્ર 'વિકસિત ભારત' ના આપણા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નવો આત્મવિશ્વાસ અને ઉર્જાનો સંચાર કરશે.




# વાંકાનેરઃ અગાઉની બોલાચાલી મામલે બે જૂથ બાખડ્યા, સામસામી ફરિયાદ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

રાજાવડલા ગામે એક વર્ષ પૂર્વે બોલાચાલી થઇ હતી જેનો ખાર રાખી બે જૂથ બાખડી પડ્યા હતા સામસામે પાઈપ અને સળિયા સહિતના હથિયારો વડે મારામારી કરી બંને પક્ષે ઈજા પહોંચાડી હતી જે મારામારી મામલે પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

વાંકાનેરના નવા રાજાવડલા ગામે રહેતા રોહિત રાજેશભાઈ છત્રોટીયાએ આરોપીઓ અવિનાશ બેચર દેત્રોજા, નવઘણ બેચર દેત્રોજા, શ્યામજી વિનોદ દેત્રોજા અને ચેતન બેચર દેત્રોજા રહે બધા જુના રાજાવડલા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે રોહિતને આરોપી નવઘણ સાથે એકાદ વર્ષ પૂર્વે બોલાચાલી થઇ હતી અને રોહિત પોતાનું બાઈક લઈને જતો હતો ત્યારે રાજાવડલા ગામના ઝાપા પસે આરોપી ચાલીને જતા હતા જેનો હાથ અડી જતા બોલાચાલી થઇ હતી બાદમાં આરોપીઓએ ફરિયાદી રોહિતને ગાળો આપી તેના પિતા રાજેશભાઈને લોખંડ પાઈપ વડે માથાના ભાગે મારી ઈજા કરી કાકા રમેશભાઈને પાઈપ વડે ઈજા કરી હતી અને રોહિતને પગમાં ઈજા કરી હતી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

જયારે સામાપક્ષે શ્યામજી વિનોદભાઈ દેત્રોજાએ આરોપીઓ રોહિત રાજેશભાઈ છત્રોટીયા, રાજેશભાઈ માનસિંગભાઈ છત્રોટીયા, રમેશ ઉર્ફે કુકો માનસિંગભાઈ છત્રોટીયા અને રોનક રાજેશભાઈ છત્રોટીયા રહે બધા રાજાવડલા ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે એકાદ વર્ષ પૂર્વે બોલાચાલી થઇ હતી જેનો ખાર રાખી તા. ૨૯ ના રોજ ફરિયાદી સાથે બોલાચાલી કરી રાજેશભાઈએ અવિનાશને માથામાં લોખંડ પાઈપ વડે મારી ઈજા કરી રમેશ નામના આરોપીએ નવઘણને લોખંડ પાઈપ વડે માથામાં મારી તેમજ લાકડાના ધોકા વડે ઈજા કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી વાંકાનેર સીટી પોલીસે બન્ને પક્ષની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે

# માળિયાઃ દેશી જામગરી બંદુક સાથે એક ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

માળિયા તાલુકાની સીમમાં ગુલાવડી વિસ્તારમાંથી પોલીસે દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે એક ઈસમને દ્રુપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે માળિયા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમીને આધારે ગુલાબડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી જ્યાં દરગાહ સામેથી આરોપી અજમેર જાકીર આલમ (ઉ.વ.૨૮) રહે નવાગામ ગ્રીન લેન્ડ ચોકડી પાસે રાજકોટ વાળાને ઝદ્પીલીને આરોપીના કબજામાંથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક નંગ ૦૧ કીમત રૂ ૨૫૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

**પ્રોહીબીશનના બે ગુનામાં ત્રણ માસથી નાસતો ફરતો ઈસમ ઝડપાયો**

મોરબી તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશનના બે ગુનામાં ત્રણ માસથી નાસતા ફરતા ઈસમને પોલીસે ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હોય જે અંતર્ગત મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગ કરતી હતી અને તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશનના બે ગુનામાં આરોપી ભાવેશ ઉર્ફે મુન્નો પરબત ધ્રાંગા રહે જુના નાગડાવાસ મોરબી વાળો ત્રણ માસથી નાસતો ફરતો હતો જે આરોપી રવિરાજ ચોકડી પાસે હોવાની બાતમી મળતા આરોપીને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# જામનગરમાં 'કિસ્મત ફ્લોર મિલ'માં કિસ્મત અજમાવતા તસ્કરો

## બારીના સળિયાવાળી અંદર પ્રવેશી રૂપિયા ૩૦,૦૦૦ની રોકડ ઉઠાવી ગયા, પોલીસ ફરિયાદ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૧:

જામનગરમાં લીમડાલેન વિસ્તારમાં આવેલી કિસ્મત ફ્લોર મિલમાં ગઈ મોડી રાત્રેથી આજે વહેલી સવાર સુધીમાં કોઈ તસ્કરો ત્રાટક્યા હતા, અને બારીની સળિયા વાળી ને અંદર પ્રવેશ મેળવી લઈ કિસ્મત અજમાવીને અંદરથી રોકડ રકમ ઉઠાવી ગયા હતા.જે મામલે પોલીસ ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરાઈ છે. જામનગરમાં લીમડાલેન વિસ્તારમાં આણદાબાવા આશ્રમની નજીક આવેલી કિસ્મત ફ્લોર મિલમાં ગઈ મોડી રાત્રી થી આજે વહેલી સવાર સુધીના સમયગાળા દરમિયાન તસ્કરો એ હાથ ફેરો કર્યો હતો, અને પોતાની કિસ્મત અજમાવી તેમાં સફળ થયા હતા.તસ્કરોએ બારી ના સળિયા વાળી ને અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને ટેબલના ખાનામાં રાખેલી ૩૦ હજારની રોકડ રકમ કે જે દુકાનમાં કામ કરતા ત્રણ કર્મચારીઓને પગારના સ્વરૂપે ચૂકવવાની હતી, અને તૈયાર રાખી હતી. જે રકમ તથા અન્ય પરચુરણ ઉઠાવી ગયા હતા. વહેલી સવારે ફ્લોર મિલ ને ખોલતી વખતે ઉપરોક્ત ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવતાં જે મામલે સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા તજવીજ કરાઈ છે. ઉપરાંત પોલીસ ટુકડી દ્વારા પણ સામેના ભાગમાં આવેલા આણદાબાવા આશ્રમની હોસ્પિટલ સહિતના સીસીટીવી કેમેરાઓની મદદથી તસ્કરો ને શોધવા માટેની કવાયત શરૂ કરાઈ છે.

# રાજકોટઃ દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની અને મદદગારને ૧૦ વર્ષની કેદ

## સગીરાને ફોસલાવી પરિચિતના રૂમે લઈ જઈ હવસનો શિકાર બનાવી હતી, રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ

રાજકોટ તા.૩૧:

શહેરના ઢેબર રોડ પર રહેતા પરિવારની સગીર પુત્રી ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સજા અને રૂ.૨૨ હજારનો દંડ તેમજ મદદગાર શખ્સને ૧૦ વર્ષની સજા અને રૂ.૫,૦૦૦ નો દંડ ફટકારી ભોગ બનનાર સગીરાને રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ઢેબર રોડ ઉપર રહેતા પરિવારની સગીર પુત્રીને જામનગર રોડ ઉપર આવેલા બજરંગવાડી વિસ્તારમાં રહેતા વિશાલ ચનાભાઈ પરમાર નામના શખ્સે લલસાવી ફોસલાવી આરોપી હુસેનશાહ રફિકભાઈ શાહમદારના રૂમ ખાતે લઈ જઇ દુષ્કર્મ આચર્યું હોવાની ભોગ બનનાર સગીરાના પિતાએ બંને શખ્સ વિરુદ્ધ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા બંને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ સ્પે. પકસો કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપીઓ વિરુદ્ધ ભોગ બનનાર સગીરાએ રેકર્ડ પર સમગ્ર ઘટનાની હકીકત જણાવી હતી. ફરિયાદ પક્ષે તેના ભોગ બનનાર સગીરાના પિતા, મેડિકલ ઓફિસર અને પોલીસ અને સાહેદોને તપાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સ્પે. પોકસો કોર્ટે બંને આરોપીને તકસીરવાન ઠેરવી મુખ્ય આરોપી વિશાલ પરમારને ૨૦ વર્ષની સજા અને રૂ.૨૨ હજારનો તેમજ મદદગારી કરનાર હુસેનશાહ શાહમદારને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કરી ભોગ બનનાર સગીરાને રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરીકે એપીપી મહેશકુમાર જોષી રોકાયા હતા. ઉલ્લેખનીય છે કે મહેશકુમાર જોષીએ છેલ્લા ચાર દિવસમાં પોકસો એક્ટના ગુનામાં સજાના ત્રણ હુકમ કરાવ્યા છે.

# રાજકોટઃ આરીફ ચાવડા હત્યા કેસમાં આરોપીના જામીન રદ

## ડેરીમાં છાશ અને બગડેલ પનીરનું ઉત્પાદન કરી વેચાણ થતું હોવાનો વાંધો ઉઠાવતા માર મારતા યુવાનનું મોત નિપજ્યું હતુ

રાજકોટ તા.૩૧:

રાજકોટના દુધસાગર રોડ પર રહેતા મુસ્લીમ અગ્રણી આરીફ ગુલામ હશેન ચાવડાની નજીવી બાબતની તકરારમાં તેના પાડોશી દ્વારા કરાયેલ હત્યાના ગુનામાં જેલમાં રહેલ આરોપી વસીમ ઉર્ફે ચકો ખૈબરની જામીન અરજી કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવેલ છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટના દુધસાગર મેઇન રોડ પર આવેલ ફારૂકી મસ્જિદ પાસે ડેરીમાં છાશ અને બગડેલ પનીરનું ઉત્તપાદન કરી વેચાણ થતું હોવાની આરીફ ગુલામ હશેન ચાવડા, મુસ્તાક હાજીગુલામ ચાવડા અને સોસાયટીના સભ્યોએ વાંધો ઉઠાવતા તેનું મનદુઃખ રાખી વસીમ ઉર્ફે ચકો અબ્દુલ ખૈબર, રમીઝ ઉર્ફેબાબો ઈકબાલ ખૈબર, અબ્દુલ ઓસમાણ ખૈબર અને ઈકબાલ ઓસમાણ ખેબરે આરીફ ગુલામ હશેન ચાવડા અને મુસ્તાક હાજીગુલામ ચાવડા પર હુમલો કરી આરીફ ચાવડાની હત્યા કરી હતી. જે અંગે મુસ્તાક હાજીગુલામ ચાવડાએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં ઝડપાયેલા આરોપી વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબરે રાજકોટની સેશન્સ કોર્ટમાં જેલ મુક્ત થવા રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સ્પે. પીપી અને ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ દ્વારા આરોપી વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખેબરની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કરવામાં આવ્યો છે.આ કેસમાં સ્પે.પીપી તુષાર ગોકાણી અને ફરીયાદ પક્ષે એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીત પરમાર, હસેન હેરંજા, શક્તિભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાન સમા, દીપકભાઈ ભાટીયા અને અંકિતભાઈ ભટ્ટ રોકાયા હતા.

# જામનગરમાં ચાની હોટલમાં મફત ચા પીવા માટે આવેલા ૪ થી ૫ લુખ્ખા તત્વોનો હંગામો

## હોટલના સંચાલક ભરવાડ બંધુઓ પર મુઠ સહિતના હથિયાર વડે હુમલો કરાતાં ભારે અફડાતફડી, પોલીસ તંત્ર દોડતું થયું

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૧:

જામનગરમાં ખંભાળિયા નાકા બહાર આવેલી શક્તિ હોટલ માં રાત્રિના ૧૦.૦૦ વાગ્યાના અરસામાં મફત ચા પીવા આવેલા ચારથી પાંચ શખ્સો ના ટોળાએ હંગામો મચાવ્યો હતો અને હોટલમાં તોડફોડ કરી હતી. તેમજ ભરવાડ બંધુઓ પર મુઠ સહિતના હથિયાર વડે હુમલો કરી દીધો હતો .જે મામલે પોલીસ ફરિયાદ નોંધવા તજવીજ કરાઈ છે. આ હુમલા ના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખંભાળિયા નાકા બહાર આવેલી શકતિ ચા ની હોટલ કે જ્યાં ગઈકાલે રાત્રિના ૧૦.૦૦ વાગ્યાના અરસામાં હોટલ સંચાલક બીજલભાઇ ભરવાડ તથા તેનો ભાઈ સાગરભાઇ ભરવાડ કે જેઓ હોટલમાં ચા નું વેચાણ કરી રહ્યા હતા, જે દરમિયાન ચારથી પાંચ શખ્સો ચા પાણી પીવાના બહાને આવ્યા હતા. તેઓએ ચા પીધા બાદ પૈસા આપવાનો ઇનકાર કર્યો હતો, અને હોટલમાં હંગામા મચાવી દીધો હતો. અને તકરાર કરીને હોટલમાં રાખવામાં આવેલી ચાની પ્યાલીઓ પ્લાસ્ટિકના કેરેટ સહિતનો માલ સામાન વેરણ છેરણ કરી નાખ્યો હતોઝ૩ અને હાથમાં પહેરેલી મૂઠ સહિતના હથિયાર વડે હોટલ સંચાલક બંધુઓ બીજલ ભરવાડને સાગર ભરવાડ પર હીચકારો હુમલો કરી દીધો હતો. જેથી બંને ઈજાગ્રસ્ત બંધુઓ ને રાત્રિના સમયે સારવાર માટે જીજી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તાત્કાલિક અસરથી બંનેની પ્રાથમિક સારવાર કરી દેવામાં આવી હતી. આ બનાવની જાણ થતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો, અને સમગ્ર મામલામાં અજ્ઞાત શખ્સો સામે હુમલા અંગેની ફરિયાદ નોંધવા તજવિજ હાથ ધરી છે.

# રાજકોટઃ મને પૈસા આપવા પડશે કહી યુવકને મારમાર્યો

## કારખાને ઘસી જઈ કારખાનેદારને પણ ધમકી આપી વાહનમાં તોડફોડ

રાજકોટ તા.૩૧:

ભગવતીપરામાં રહેવું હોય તો મને પૈસા આપવા પડશે કહી અમિત બોરીચા નામના શખ્સે એક યુવકને તમાચા ઝીંક્યા બાદ કારખાને ઘસી જઈ કારખાનેદાર સાહિતને ધમકી આપી વાહન સાહિતમાં તોડફોડ કરનાર ચાર શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મામલામાં ભગવતીપરા વિસ્તારમાં આવેલ સુખસાગર સોસાયટીમાં રહેતા કારખાનેદાર કૈયુમભાઇ આશીફભાઈ કુરેશી(ઉ.વ.૨૪)એ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ભગવતીપરા બંધુલીલા સ્કુલની બાજુમા ગેબી સીલ્વર એન્ડ કાસ્ટીંગ નામના કારખાનુ છેલ્લા ત્રણ વર્ષથી ચલાવુ છું. મારા આ કારખાનામાં છેલ્લા નવેક મહિનાથી સેરફુલભાઈ બસીરભાઈ શેખ તથા તેનો દિકરો શાહરૂખ શેખ મજુરી કામ કરે છે. શાહરૂખ મારા કારખાનામાં જ રહે છે. તથા સૈરફુલભાઈ મારા કારખાનાની નજીકમાં ભાડેથી રહે છે.

આ બાબતે અમારા મકાન માલીક ભરણભાઈ મઠીયાને વાત કરતા તેમણે અમીતને મારા કારખાના પાસે બોલાવેલ અને બીજીવાર આવુ નહી કરવા અમીતને સમજાવી સમાધાન કરાવેલ હતું. બાદ બપોરના આશરે સાડા બારેક વાગ્યે હું તથા મારે ત્યા કામ કરતા સેરફુલભાઈ મારા કારખાનની ડેલીની બહાર ઉભા હતા ત્યારે અમીત બોરીચા તથા તેની સાથે ત્રણ અજાણ્યા માણસો સાથે રીક્ષામા આવેલ અને અમીત બોરીચાએ મને કહેલ કે, તે અમારા સગાને સવારના ઝઘડા બાબતે કેમ જાણ કરી તેમ કહી મને તથા સેરફુલભાઈને ગાળો આપવા લાગેલ હતો. મે તેને ગાળો આપવાની ના પડતા આ અમીત બોરીચાએ મને કહેલ કે, હવે તો તુ વચ્ચે આવીશ તો તને જાનથી મારી નાખીશ, જેથી અમે કારખાનામાં અંદર જતા રહેલ અને ડેલી બંધ કરી દીધેલ હતી. બાદ અમિતે મારા કારખાનાની લોખંડની ડેલીમા તથા મારા હસ્તકના એકસેસ સ્કૂટરમાં લોખંડના પાઇપ વડે તોડફોડ કરી હતી. અમિત બોરીચા અને તેના સાગરીતો સ્થળ પરથી નાસી ગયાં બાદ કારખાનેદાર બી ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યા હતા અને અમિત બોરીચા સહીત ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટઃ ઓનલાઈન રૂપિયા ૮.૮૧ લાખ પડાવનાર ગઠીયો રાજસ્થાનથી ઝડપાયો

રાજકોટ તા.૩૧:

સમય પૂર્વે ઓનલાઈન અલગ-અલગ ટાસ્ક પુરા કરી રૂપીયા કમાવવાના બહાને રૂ.૮.૮૧ લાખનો છેતરપિંડી આચરનાર ગઠીયાને રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસે રાજસ્થાન ખાતેથી પકડી પાડ્યો છે. નાગરીકો કે જેઓ સાયબર ક્રાઇમ ફ્રોડના ભોગ બનનાર નાગરીકો દ્વારા કરવામાં આવેલ ફરીયાદની ઉંડાણપુર્વક તપાસ કરી ઓનલાઈન છેતરપીડી કરનારાઓને પકડવાની સુચના આપેલ હતી. જે અનુસંધાને સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના મદદનીશ પોલીસ કમિશ્નર સી.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની નાણાકીય ફ્રોડ ડિટેક્શન ટીમ સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન ફરીયાદીને વોટસએપમા મેસેજ કરી વગર રોકાણે અલગ-અલગ ટાક્સ પુર્ણ કરી સારૂ એવુ વળતર મેળવાની લાલચ આપી લીંક મોકલી ટેલીગ્રામના ગ્રુપમા એડ કરાવી શરૂઆતમાં થોડુ વળતર આપી ફરીયાદીને વિશ્વાસમા લઇ અલગ અલગ બહાને ફરીયાદી પાસેથી અલગ અલગ બેન્ક એકાઉન્ટ તથા ગુગલ પે મારફતે કટકે-કટકે કુલ રૂ. ૮,૮૧,૦૦૦ પડાવનાર ગઠીયાનું પગેરું રાજસ્થાન તરફ મળી આવતા સાયબર ક્રાઇમની એક ટીમને રાજસ્થાન મોકલવામાં આવી હતી.સાયબર ક્રાઇમ પોલીસની ટીમે ગણપતલાલ રામલાલ ખટીક(ઉ.વ.૩૧ રહે ખોડીપ ગામ, ચિતોડગઢ, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

# મોરબીમાં મંજુરી વિના ગેસ લાઈન નાખી રોડને નુકશાન, ગેસ કંપનીને રૂ ૭૬.૩૬ લાખના દંડની નોટીસ

## ઓક્ટોબર માસમાં નોટીસ ફટકારવામાં આવી હતી છતાં દંડ ના ભર્યો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

મોરબીમાં ગુજરાત ગેસ કંપની દ્વારા ગેસ લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી હતી જેમાં રોડને નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું મંજુરી વિના કામગીરી કરી રોડને નુકશાન કરતા ગત ઓક્ટોબર માસમાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત પેટા વિભાગ દ્વારા ગુજરાત ગેસને નોટીસ આપવામાં આવી હતી અને આજે ફરીથી નોટીસ અંગે યાદી ગુજરાત ગેસને આપવામાં આવી છે

મોરબી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી દ્વારા ગુજરાત ગેસ લીમીટેડના ઓફિસરને ગત તા. ૨૯-૧૦-૨૪ ના રોજ નોટીસ આપી જણાવ્યું હતું કે માર્ગ અને મકાન વિભાગની કચેરીએ ૩.૬૦ કરોડના ખર્ચે રવાપર-લીલાપર રોડ જોઈનીંગ રવાપર ઘુનડા રોડ (એસ.પી.રોડ) બનાવવામાં આવ્યો હતો જેના બંને બાજુ ડોમેસ્ટિક ગેસ લાઈન નાખવામાં આવી છે આપની કચેરી દ્વારા ગેસની લાઈન નાખવા તેમજ રોડને નુકશાન પહોંચાડવા અંગે કચેરીથી પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે છતાં કોઈપણ પ્રકારની મંજુરી કે રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી નથી

જે અંતર્ગત રોડની તાત્કાલિક રીસ્ટોરેશન કામગીરી કરવાની જરૂરિયાત હોવાથી રોડને જે નુકશાન પહોંચાડવામાં આવેલ છે તેની કામગીરીનો ખર્ચ આશરે રૂ ૭૬,૩૬,૨૦૦ થાય છે જેથી રસ્તાના રીપેરીંગ/રીસ્ટોરેશન રીનોવેશન માટે માર્ગ અને મકાન પંચાયત જીલ્લા પંચાયત ડીપોઝીટ પેટે રકમ જમા કરાવ્યે રોડનું રીપેરીંગ હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું જે નોટીસને ત્રણ માસ વીત્યા છતાં ગુજરાત ગેસ દ્વારા દંડની રકમ ભરવામાં આવી ના હતી જેથી આજે ફરીથી યાદી મોકલી દંડની રકમ ૭ દિવસમાં ભરપાઈ કરવા જણાવ્યું છે

# રાજકોટઃ બુટલેગરે પોલીસ ચોકીમાં ધમાલ મચાવી, પોલીસ કર્મીને છરી ઝીંકી દેવાની ધમકી

## નશાખોરને ખાખીનો સહેજ પણ ખોફ ન હોય તેમ પોલીસ ચોકીમાં ઘસી જઈ કબાટ અને ખુરશીમાં માથા પછાડ્યા

રાજકોટ તા.૩૧:

હું નવા થોરાળાનો ડોન ગૌરવ... કહી ગુંદાવાડી પોલીસ ચોકીમાં ઘસી જઈ મહિલા પોલીસકર્મીને છરી ઝીંકી દેવાની બુટલેગરે ધમકી આપ્યાનો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામી છે. પોલીસ ચોકીમાં ધમાલ મચાવી, આજે બધાનું પૂરું કરી નાખવું છે, બધી પોલીસ મારા ખિસ્સામાં છે કહી પોતાનું માથું ખુરશી અને કબાટમાં પછાડનાર બુટલેગરે પીસીઆર ઇન્ચાર્જનો પણ કાઠલો પકડી લીધો હતો. મામલામાં એ ડિવિઝન પોલીસે ફરજમાં રુકાવટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ગૌરવ ખીમસુરીયાની ધરપકડ કરી છે.

મામલામાં ભક્તિનગર પોલીસ મથકની ગુંદાવાડી પોલીસ ચોકીમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ તોરલબેન જોષીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ગૌરવ ખીમસૂરીયા (રહે. નવા થોરાળા) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગુંદાવાડી પોલીસ ચોકીએ ફરજ ઉપર હાજર હતાં ત્યારે એક શખ્સ ચોકીની અંદર ઉશ્કેરાટમાં ગાળા ગાળી કરતો આવેલ અને કહેલ કે, હું નવા થોરાળાનો ડોન છું, મારૂ નામ ગૌરવ છે અને બધી પોલીસ મારા હાથમાં છે, મને હજી ઓળખતા નથી, બાકીની પોલીસ ક્યા છે, હું આજે બધાનુ પૂરુ કરી નાખવાનો છું, કહી અભદ્ર ભાષામાં ગાળાગાળી કરવા લાગેલ હતો. જેથી તેને ચોકીની બહાર જતા રહેવાનુ કહેતા કહેલ કે, આજ તો ચોકીની બહાર નીકળો છરીના ઘોદા મારી પતાવી દેવાનો છું.

બાદમાં આ શખ્સ વધુ ઉશ્કેરાઈ જઈ ચોકીની અંદર રહેલા લોખંડના કબાટ અને ખુરશી સાથે જોર જોરથી માથા તેમજ પોતાના શરીર વડે આગળના અને પાછળના ભાગેથી ભટકાડી કહેવા લાગેલ કે, હું હમણા બધાને ફીટ કરાવી દઉ છું. આરોપીને એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે લાવવવામાં આવેલ હતો.વધુમાં બનાવ અંગે તપાસ કરતાં પીએસઆઇ ડી. વાય. મહંતે જણાવ્યું હતું કે, આરોપી તેની પુત્રીને લઈ સારવાર કરાવવા માટે પદ્મકુંવરબા હોસ્પિટલમાં આવ્યો હતો અને ત્યારે તે નશાની હાલતમાં હોસ્પિટલની બહાર નીકળતો હતો.ત્યારે એક બાઈક ચાલક સાથે સામાન્ય અથડામણ થઈ હતી. જે બાદ તેને દેકારો કરતાં પોલીસ સ્ટાફ ત્યાં દોડી જતાં ઉશ્કેરાટમાં આવી પોલીસની ફરજમાં રૂકાવટ કરી ધમકી આપી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# રાજકોટઃ કચરો ફેંકવા બાબતે સમજાવવા ગયેલ રીક્ષાચાલક પર ત્રણ શખ્સોનો હુમલો

રાજકોટ તા.૩૧:

શહેરના પુનિતનગર વિસ્તારમા કચરો ફેંકવા બાબતે સમજાવટ કરવા ગયેલા રીક્ષાચાલકને ત્રણ શખ્સોંએ માર માર્યાનો તેમજ એક મહિલાએ ગાળો આપ્યાની ફરિયાદ તાલુકા પોલીસમા નોંધાઈ છે. રીક્ષાચાલકને લાકડાના ધોકા અને ઢીંકાપાટુનો માર મારનાર તેમજ ગાળો આપનાર એક મહિલા સહીત ચાર વિરુદ્ધ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો છે. શહેરના પુનિતનગર ચોક નજીક વિશ્વકર્મા સોસાયટીમા રહેતા હિમાંશુભાઈ શીવલાયકસિહ ચૌહાણ (ઉ.વ.૩૪) નામના રીક્ષા ચાલકે તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રે નવ વાગ્યાં આસપાસ હું મારા ઘર નજીક આવેલ મેલડી માના મંદિર નજીક હતો. ત્યારે મંદિરની બાજુમાં ઝુપડામા રહેતો ભાભલુભાઈ દેવીપુજક તેના ઘરનો કચરો મંદિર તરફ આવવા દેતા હોય જેથી મે બાબતે તેની સાથે વાત કરતા ભાભલુ દેવીપુજક તથા તેના સગા ભાઈઓ કિશન તથા દુદો મારી પાસે આવી મને જેમફાવે તેમ ગાળો આપી હતી. દુદો તથા ભાભલૂએ શરીરે જેમફાવે તેમ ઢીકાપાટુ મારવા લાગેલ અને કિશનએ લાકડાનો ધોકો લાવી મને મારતા જમણી આંખ ઉપર નેણ ઉપર તથા વાસા નીચે ઇજા થઇ હતી. મને નેણ પાસે લોહી નિકળવા લાગતા મે રાડો પાડતા મારા ભાભી રીટાબેન આવી જતા આ ત્રણેય પૈકી ભાભલુની પત્ની મને ગાળો દઈ નાસી ગયાં હતા.

જે બાદ સરકારી હોસ્પિટલમા સારવાર અર્થે દાખલ થયાં બાદ રીક્ષાચાલકે ભાભલુ દેવીપૂજક, દુદો દેવીપૂજક, કિશન દેવીપૂજક અને ભાભલુની પત્ની વિરુદ્ધ ગુનો નોંધાવતા પીએસઆઈ એલ બી ડીંડોરએ તપાસ શરૂ કરી છે.

# પડધરી નજીક બંધ ટ્રક પાછળ એક્ટિવા ઘુસી જતાં માતા-પુત્રના મોત

રાજકોટ તા.૩૧:

રાજકોટની ભાગોળે આવેલા પડધરીના સરપદડ ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ પર ઉભેલા ટ્રકની પાછળ એક્ટિવા ઘુસી જતાં માતા-પુત્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ મામલે પડધરી પોલીસ દ્વારા ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી સકંજામાં લીધો છે.

અકસ્માતની પ્રાપ્ત વિગત અનુસાર મૂળ ટંકારાના હરબટિયાળી ગામના વતની અને પડધરીના સરપદડ ગામે રિલાયન્સ પેટ્રોલ પંપ પાછળ રહેતા ભાવેશભાઈ હીરાભાઈ ચૌહાણ(ઉ.વ.૩૦) તેમની માતા બાલુબેન ચૌહાણ(ઉ.વ. આશરે ૬૦)ને એક્ટિવા સ્કૂટર જેના નંબર જીજે-૦૩-ઈજી-૧૪૫૩ લઈને ગત તા.૨૮ જાન્યુઆરીની રાત્રે અંદાજિત દસ વાગ્યા અરસામાં નાના ભાઈ ધનાભાઇ ચૌહાણને રામપરના પાટિયે તેડવાં જઈ રહ્યા હતા.

દરમિયાન સરપદડ ગામથી મેટોડા રોડના રસ્તે એક ટ્રક જેના નંબર જીજે-૧૨-એયુ-૭૦૨૧ ઉભેલો હતો. રાત્રીના સમયે રોડ પર ટ્રક ઉભો રાખી પાછળ કોઈ આડશ કે રીફ્લેકટર લગાવ્યો નહિ હોવાથી કે પછી કોઈ લાઈટ પણ ચાલુ નહિ હોવાથી ભાવેશભાઈને રાત્રીના અંધારામાં રોડ પર ઉભેલો ટ્રક નહિ દેખાતા એક્ટિવા પાછળ ઘુસી ગયું હતું. ટ્રક સાથે પાછળથી જોરદાર ટક્કર થતાં ભાવેશભાઈ અને બાલુબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જે બનાવ અનુસંધાને નાના ભાઈ ધનાભાઇને જાણ થતાં તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે માતા અને ભાઈને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જે મામલે પડધરી પોલીસે ડ્રાયવરની બેદરકારીથી બે લોકોના મોત થતાં ગુનો નોંધી ચાલકને સકંજામાં લીધો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર મૃતક ભાવેશભાઈ ચૌહાણ પોતે પરિણીત હતા અને સંતાનમાં એક દોઢ વર્ષની અને એક બે મહિનાની એમ કુલ પુત્રીઓ હોવાનું જાણવા મળ્યું છે. ગોઝારા અકસ્માતમાં બંને પુત્રીઓએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.

# દ્વારકા-ઓખા વચ્ચે રોડનું કામ મંથરગતિએ : તંત્રના ઢીલાનાંગર?

(વિજય ધ્રુણા દ્વારા)મીઠાપુર, તા.૩૧

દેવભૂમી દ્વારકા જીલ્લાના ઓખા-દ્વારકા વચ્ચે ફોરટ્રેક રોડ બનાવવાનુ કામ ચાલુ છે પરંતુ આ કામ મંથર ગતિથી અને મરજી મુજબ ચાલતુ હોવાનુ સ્પષ્ટ દેખાય છે. ઘણા સમયથી આ કામ ચાલુ છે પરંતુ પૂર્ણ કયારે થશે તે પ્રજા વિચારી રહી છે. મરજી મુજબ રોડના કટકા બનાવીને કામ બાકી રખાતુ હોય રાહદારીઓના હાલ બેહાલ બન્યા છે. મોટાભાગના વેપારીની દુકાને માલ સામાન લેવા જવુ હોય તો કઈ રીતે જવુ તે પણ ગ્રાહકે વીચારવુ પડે તેમ છે. કારણ કે આડેધડ બની રહેલ રોડના કામના કારણે પારાવાર ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે ગમે ત્યારે ગમે તે વ્યકિત વાહન હડફેટે ચડી જાય તેવી પરીસ્થિતીનુ નિર્માણ થયુ છે. વાતવાતમાં હડતાલ કે લડી લેવાના રણસીંગા ફુંકનાર અમુક આગેવાનો પણ રોડના મામલે મોઢા પર આંગળી રાખીને બેસી ગયા હોય અનેક તર્ક સર્જાયા છે. આ રોડના કામના તમામે તમામ ખુલાસા માટે કોઈ જાગૃત નાગરીક દ્વારા માહિતી માંગવામાં આવે તો નવાઈ નહીં.

# મહિલાને અર્ધનગ્ન કરી સરઘસ કાઢ્યું, હાથે સાંકળ બાંધી ગામમાં ફેરવી



દાહોદ,તા.૩૧

આજના શિક્ષિત સમાજને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. દાહોદના સંજેલી તાલુકામાં પરિણીતા પર અમાનુષી અત્યાચાર કરાયો. ગામ લોકોએ મહિલાને અર્ધનગ્ન હાલતમાં ફેરવી હતી. એટલું જ નહિ, તેને બાઈક પાછળ સાંકળથી બાંધી વરઘોડો કાઢ્યો હતો. અન્ય મહિલાઓ અને બાળકો પણ વરઘોડામાં જોવા મળ્યા હતા. સંજેલીના ઢાલસૂમળ ગામનો વીડિયો હોવાનું અનુમાન છે. મહિલા પ્રેમીને મળવા ગઈ હોવાનો લોકોનો આરોપ તેના પર મૂકાયો છે.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાનાના ઢાલસૂમળ ગામે ૩૫ વર્ષીય પરિણીતા મહીલા ઉપર અત્યાચારનો કિસ્સો સામે આવ્યો છે. પરિણીતા તેના પ્રેમીને મળવા ગઈ ત્યારે ૧૫ વ્યક્તિઓ ટોળાએ તેને ઘરમાંથી બહાર કાઢી અર્ધનગ્ન હાલતમાં બાઈક ઉપર બેસાડી આખા ગામમાં વરઘોડો કાઢ્યો હતો. ૧૫ લોકોના ટોળાએ મહિલાને અર્ધનગ્ન કરી માર મારી બાઈકના કેરીયર ઉપર બેસાડી ગામમાં ફેરવી હતી. એટલું જ નહિ, આ ઘટનાનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.ત્યારે આ ઘટના અનેક સળગતા સવાલ ઉભા કરે છે શક્તિ સ્વરૂપા મહિલા સાથે આ વ્યવહાર કેટલો યોગ્ય? મહિલાને અર્ધનગ્ન હાલતમાં ફેરવવી કેટલું ઉચિત? મહિલાએ ભૂલ કરી તો આવી રીતે સજા આપવાની? શું આવી રીતે સમાજ કોઈ સ્ત્રીનું સન્માન કરે છે? ટોળાને મહિલાનું સરાજાહેર ચિરહરણ કરતાં શરમ ન આવી? ટોળામાં અન્ય મહિલાઓ પણ હતી તેમને પણ દયા ન આવી? આધુનિક યુગમાં આ પ્રકારના જઘન્ય કૃત્ય ચલાવી શકાય? સમાજને કોણે આપી દીધો છે કોઈને સજા આપવાનો હક?

વીડિયો વાયરલ થયા બાદ સ્થાનિક પોલીસ હરકતમાં આવી છે. પોલીસે આ મામલે મહિલાની ફરિયાદ નોંધી ૧૫ જણા વિરુદ્ધ નામજોગ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બાહદુર કાંતી ડામોર-સસરા, સંજય બાહદુર ડામોર, કીર્તન કાંતી ડામોર, રાજુ ધર્મેન્દ્ર રાજુ ડામોર, હંસા રાજુ ડામોર, હીમંત ડાભોર, રમીલા સિસોદીયા, સીતા વિનોદ, ચંપા બાહદુર ડામોર, ગોવિંદ ભરત ડામોર, કલ્યાણ ડામોર, હીમત ગેદાલ ડામોર, વર્ષા પપ્પુ ડામોર, વિક્રમ બહાદુર પગી

# રાજયમાં ચૂંટણીના દિવસે કામદારોને રજા આપવા આદેશ

## સ્થાનિક સ્વરાજ તથા પેટા ચૂંટણીમાં મતદાન માટે ચૂંટણી પંચ દ્વારા કરાયો હુકમ

રાજકોટ તા.૩૧:

રાજયની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫, રવિવારના રોજ સવારના ૭૦૦ વાગ્યાથી સાંજના ૬૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

આ દિવસે જે તે વિસ્તારમાં ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ-કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી- કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં કે બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે, એમ રાજયના શ્રમ આયુકતશ્રીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મોરબી અને ટંકારામાં વસંત પંચમીના અવસરે પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

શ્રી મોરબી જીલ્લા ઉમિયા પરિવાર સમૂહ લગ્ન સમિતિ મોરબી દ્વારા રવિવારે બગથળા ગામ મુકામે ૨૭ મો સમૂહ લગ્નોત્સવ યોજાશે જેમાં પાંચ નવદંપતી પ્રભુતામાં પગલા માંડશે

શ્રી મોરબી ઉમિયા પરિવાર સમૂહ લગ્ન સમિતિ દ્વારા તા. ૦૨ ફેબ્રુઆરીના રોજ બગથળા ગામ ખાતે ૨૭ મો સમૂહ લગ્નોત્સવ યોજાશે જેમાં સમારંભ અધ્યક્ષ તરીકે ગોવિંદભાઈ વરમોરા, બગથળા શ્રી નકલંક મંદિરના મહંત દામજી ભગત, માજી સાંસદ મોહનભાઈ કુંડારિયા, પૂર્વ મંત્રી જયંતીભાઈ કવાડિયા, ઉમિયા મંદિર સીદસર પ્રમુખ જેરામભાઈ વાંસજાળિયા, ઉમિયા મંદિર સીદસર ટ્રસ્ટી બાબુભાઈ ઘોડાસરા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને નવદંપતીઓને આશીવચન પાઠવશે સમૂહ લગ્નમાં જોડાનાર તમામ દીકરીઓને કરિયાવરની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવશે

તે ઉપરાંત ટંકારામાં શ્રી સરદાર લેઉવા પાટીદાર સમાજ દ્વારા છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ વસંત પંચમીના દિવસે રવિવારન રોજ યોજાશે જેમાં ૨૭ નવદંપતીઓ પ્રભુતામાં પગલા માંડશે આ સમૂહ લગ્ન ઉત્સવમાં પાટીદાર સમાજના શ્રેષ્ઠીઓ ,દાતાઓ, રાજકીય મહાનુભાવો, સામાજિક આગેવાનો તથા સ્થિત ઉપસ્થિત રહેશે અને પ્રભુતામાં પગલા પાડનાર નવયુગલ દંપતિઓને આશીર્વાદ તથા શુભેચ્છાઓ પાઠવશે આ પ્રસંગે સ્નેહમિલન, વિદ્યાર્થી સત્કાર સમારોહ, દાતાઓના સન્માન અને ભોજન સમારંભ યોજાશે

# રાજકોટ જિલ્લાની તમામ તબીબી સંસ્થાઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા અપીલ

રાજકોટ તા. ૩૧:

ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લીશમેન્ટ અધિનિયમ ૨૦૨૧ અનુસાર તબીબી પ્રેક્ટિસ કરતા સેન્ટરોની નોંધણી ઓનલાઇન કરવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશિષ્ટ સુવિધા વિકસાવવામાં આવી છે. જેમાં ઓનલાઇન https://clinicalestablishment.gipl.in વેબ લિન્ક પરથી તમામ જાહેર, ખાનગી, ટ્રસ્ટ સંચાલિત, વ્યકિતગત કિલનિક, હોસ્પિટલ, પ્રસુતિ ગૃહ, નર્સિંગ હોમ, લેબોરેટરીઓ, એક્સ-રે, ઇમેજિંગ વગેરે સેન્ટરોએ નોંધણી કરાવવાની થાય છે. આ નિયમને અંતર્ગત તમામ ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે એલોપેથી, આયુર્વેદ, હોમિયોપેથી વગેરે અન્ય પદ્ધતિઓની સેવા આપતી તબીબી સંસ્થાઓએ નોંધણી કરાવવી ફરજીયાત છે. આ માટે જે સેન્ટરોએ ઓનલાઇન અરજી કરવાની બાકી હોય તેઓને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે. જે સેન્ટરોએ તા.૧૨/૦૩/૨૦૨૫ સુધીમાં પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન મેળવેલ નહીં હોય તેઓ સામે કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા રજીસ્ટરિંગ ઓથોરિટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રાજકોટની યાદી દ્વારા જણાવવામાં આવે છે.

# પુ.સંતરામજી મહારાજની સમાધિએ આજથી રામચરિત માનસ ગાન

## નડિયાદમાં મોરારિબાપુના વ્યાસાસને આયોજન

(તખુભાઈ સાંડસુર દ્વારા)

તલગાજરડા તા.૩૧:

મોરારીબાપુના વ્યાસાસને આજથી ૧ ફેબ્રુઆરી ૨૫થી નડિયાદના સુખ્યાત સંતરામ મંદિરના આયોજન હેઠળ ફરી એકવાર માનસકથાનું ગાન થવા જઈ રહ્યું છે.નડિયાદ એટલે બે મહાન ચેતનાઓની પાવનભૂમિ છે કે જે ભૂમિને તેઓએ પોતાના નામથી અને કર્મથી દેશ દુનિયામાં ઉજાગર કરી છે.

તેમાં સૌથી પ્રથમ નામ આવે છે પુ.સંતરામજી મહારાજ કે જેઓ સંવત ૧૮૭૨માં નડિયાદમાં પધાર્યા હતાં. પછીથી તેમની પ્રવૃત્તિઓ,અધ્યાત્મ્ય જગત સાથેનું તેમનું ઊંડાણ વગેરે સતત લોકોમાં ઊર્જા અને આદર ઊભું કરી રહ્યા હતા.સતત૧૫ વર્ષ સુધી અહીં તેઓ સમાધિસ્થ થઈ ધૂણી ધખાવીને બેઠા હતા.તેમને લોકો 'સુખસાગર'ના નામે પણ ઓળખતા હતા.તેમનો પરમ મંત્ર ''માનવસેવા એ જ પ્રભુ સેવા'' હતો અને તેને લોકોમાં વધુમાં વધુ પ્રચલિત કરીને પોતાનાથી થતું તમામ માનવસેવાનું કાર્ય તેમણે કરીને તેઓ પરમપદને પામ્યા હતા.એટલું જ નહીં એવું કહેવાય છે કે સવંત ૧૮૮૭ માઘ માસની પુર્ણિમાના દિવસે પુ.મહારાજશ્રીએ જીવતા સમાધિ લીધી હતી.તેથી તે દિવસે ખૂબ વિશાળ આયોજન અને મેળો મંદિર દ્વારા થાય છે. બીજા એવા જ મહાનુભાવ ભાગવાતાચાર્ય અને ભાગવતની સાથે ઊંડાણ અને અધ્યાત્મ્યથી જોડાયેલું નામ એટલે પુ. ડોંગરેજી બાપા કે જેમણે વર્ષો સુધી આ ભૂમિમાં પોતાની ભાગવત સાધના કરી હતી.આથી આ તપોભૂમિમાં પૂ. મોરારિબાપુ ૯૫૧મી રામકથા આજથી મંગલાચરણ કરી રહ્યાં છે.

સંગીતની દુનિયા મહુવાના સંવાહક શ્રી નિલેશભાઈ વાવડીયાના જણાવ્યા પ્રમાણે બાપુએ અત્યાર સુધીમાં આ ભૂમિ ઉપર પાંચ વખત કથાઓનું ગાન કર્યું છે. હવે આ કથાના ક્રમ ની ૯૫૧મી અને નડિયાદમા છઠ્ઠી કથાનું ગાન થવા જઈ રહ્યું છે.આ કથાઓની યાદી આ મુજબ છે.

(૧) ''રામકથા''-કથા ક્રમ-૧૪૧- તા ૨૨/૧/૭૭

(૨) ''રામકથા''- કથા ક્રમ ૨૯૭--તા.૦૬/૦૨/૮૪

(૩)'માનસ-સંતરામ''-



કથાક્રમ-૬૪૮-તા.૨૮-૦૧-૨૦૦૬

(૪) ''માનસ ગુરુપદ''-કથા ક્રમ -૭૧૪--તા.૦૫/૦૨/૨૦૧૧

(૫) ''માનસ સેવાધર્મ'' કથાક્રમ-૮૪૩ તા. ૦૨/૦૨/૨૦૧૯

અત્રે એ નોંધનીય છેકે તમામ કથાઓનું આયોજન માઘ પુર્ણિમાના ઉપલક્ષ્યમાં થયું હોય તે તમામની તારીખો જાન્યુઆરી, ફેબ્રુઆરી મહિનાની છે.કથાનું સમગ્ર આયોજન સંતરામ મંદિરના નેતૃત્વ હેઠળ મહંત શ્રી પુ. રામદાસજી મહારાજ સંભાળી રહ્યા છે.પુ.મહંત શ્રી ચેતન સમાધિ એવી પુ.સંતરામજી મહારાજના આ સ્થાનના નવમા મહંત તરીકે સંવત ૨૦૬૦ થી કાર્યરત છે.બાપુએ કહેલાં અગાઉના કથન મુજબ આ કથાનું શિર્ષક'' માનસ -યોગીરાજ'' પણ હોય શકે.

# એસ.એફ.એસ. એજયુ. એક્સ્પોનું ઈસરોના ચેરમેન ડો. કિરણકુમારના હસ્તે ઉદઘાટન થશે

રાજકોટ તા.૩૧:

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આગામી ૦૧ થી ૦૫ ફેબ્રુઆરીના રોજ રેસકોર્ષના મેદાનમાં લગભગ ત્રણ લાખ ચોરસ ફુટના વિસ્તારમાં આયોજિત જર્મન એ.સી. ડોમમાં અતિ આધુનિક સુવિધાઓ સાથે યોજાનાર ભવ્ય એજ્યુકેશન એક્સ્પોની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ એજ્યુ એક્સ્પોનું ઉદઘાટન તા. ૦૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૦૪૩૦ કલાકે ઈસરોના ચેરમેન શ્રી ડો કિરણકુમારના હસ્તે દેશની અનેક નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનીધીઓ, શિક્ષણવિદો, રાજકિય અને ઉદ્યોગ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતીમાં થનાર છે.

આ એક્સ્પોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે જેમાં લગભગ સમગ્ર ગુજરાતભરના શિક્ષણ જગત, સામાજિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, રાજકીય અને તબીબી ક્ષેત્રના ૫,૦૦૦ થી વધુ મહાનુભાવો આ પાંચ દિવસીય કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેનાર છે, તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અનેક વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓ પણ આ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરનાર છે. આ પાંચ દિવસિય પ્રદર્શનનો સમય સવારે ૦૯૩૦ થી સાંજે ૦૭૩૦ સુધી રાખવામાં આવેલ છે, તેમજ રોજ રાત્રે ૦૮૦૦ થી ૧૦૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંચાલકો તથા પ્રિ પ્રાઈમરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ તેમજ તમામ કોલેજ અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક મહાકુંભમાં ઉપસ્થિત રહીને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી આયોજનમાં સહભાગી બનવા તથા જુદી જુદી સ્પર્ધાઓ, સેમિનાર, વર્કશોપમાં ભાગ લેવા માટે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ આહવાન કરે છે.

# સૈનિક સ્કૂલ બાલાચડીમાં ઈન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધાનું આયોજન

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૧:

જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીમાં તાજેતરમાં ઇન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક અનોખી સ્પર્ધા છે જે સૈનિક સ્કૂલ બાલાચડી કેડેટ્સની શારીરિક અને માનસિક શક્તિ ચકાસવા માટે આયોજિત કરે છે.પાંચ સિનિયર હાઉસના ધોરણ ૦૯થી ૧૨ સુધીના કેડેટ્સે સ્પર્ધામાં ભાગ લીધો હતો. લગભગ તમામ કેડેટ્સે સ્ટ્રેટ બેલેન્સ, ગેટ વોલ્ટ, એલ્બો લિફ્ટ, ઝિગ ઝેગ બેલેન્સ, ડબલ ડિચ, બર્મા બ્રિજ, એઇટ ફીટ વોલ, સ્ક્રેમ્બલ નેટ, મંકી રોપ, વર્ટિકલ રોપ, ક્રોલ અને રેમ્પ જેવા તમામ અવરોધોને સફળતાપૂર્વક પાર કર્યા હતા. કઠિન સ્પર્ધા પછી, આંગ્રે હાઉસે ઇન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધા ૨૦૨૪-૨૫ જીતી અને ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી જ્યારે શિવાજી હાઉસ રનર્સ-અપ બન્યું. આંગ્રે હાઉસે ૧૮ મિનિટ ૧૧ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી. વ્યક્તિગત પોઝિશનમાં અનુક્રમે પ્રથમ કેડેટ પંકજ, દ્વિતીય કેડેટ જય માણેક અને કેડેટ રુદ્રએ તૃતીય સ્થાન મેળવ્યું.સભાને સંબોધતા, સૈનિક સ્કૂલ બાલાચડીના કાર્યકારી પ્રિન્સિપાલ લેફ્ટનન્ટ કર્નલ હરજોત કૌરે જણાવ્યું હતું કે, ''ઇન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધાનું આયોજન કરવાનો ઉદ્દેશ્ય કેડેટ્સને તેમની સહનશક્તિ, તેમના આયોજન અને નિર્ણય, તેમની ક્ષમતાઓનું અન્વેષણ કરવાની અને અંતે પોતાને ફિટનેસ શોધવાની તક આપવાનો છે''. તેમણે એ પણ કહ્યું કે ભાગીદારી વધુ મહત્વપૂર્ણ છે અને આ સ્પર્ધા નો વિચાર કેડેટ્સને પડકારો માટે તૈયાર કરવાનો છે. તેમણે કેડેટ્સ દ્વારા પ્રદર્શિત જૂથ ભાવનાની પ્રશંસા કરી અને કેડેટ્સને ક્યારેય હાર ન માનવાની સલાહ આપી.આ પ્રસંગે, અધિકારીઓ અને સ્ટાફે વિજેતાઓને અભિનંદન આપ્યા અને કેડેટ્સ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરી.

# જિલ્લાના ધો.૧૦ અને ૧૨ના પોણો લાખથી વધુ વિદ્યાર્થીઓ આપશે પરિક્ષા

## 300 ઈમારતો પર બેઠક વ્યવસ્થા : ચાલતી તડામાર તૈયારીઓ

રાજકોટ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક બોર્ડ દ્વારા આગામી તા.૨૭ ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થનાર હોય જેને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોય આ પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં સુચારૂ રૂપથી લેવાય તે માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાજકોટ શહેર-જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ના ૭૮૪૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસનાર છે.

બોર્ડની આ પરીક્ષા સંદર્ભે શિક્ષણ બોર્ડ દ્વારા રાજકોટ સહીત રાજ્યભરના તમામ શિક્ષણાધિકારીઓ સાથે ગાંધીનગર બેઠક યોજી જરૂરી માર્ગદર્શન આપી દેવામાં આવેલ છે. જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતીની બેઠક યોજાયા બાદ ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા બોર્ડ પરીક્ષાનો રાજકોટ જિલ્લાનો એકશન પ્લાન પ્રસિધ્ધ કરી દેવામાં આવનાર છે.

રાજકોટ શહેર-જિલ્લામાં ધો.૧૦ ના ૪૭૨૮૦ ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૩૩૭૦ તેમજ વિજ્ઞાન પ્રવાહના ૭૭૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસનાર હોય ધો.૧૦ ની પરીક્ષા માટે પાંચ ઝોન, ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ચાર ઝોન અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે ૩ ઝોન મળી કુલ ૧૦ ઝોન નિયત કરવામાં આવેલ છે.

બોર્ડની આ પરીક્ષા ૬૫ પેટા કેન્દ્રો ૩૦૫ શાળા બિલ્ડીંગ અને ૨૭૦૦ થી વધુ બ્લોકમાં લેવામાં આવનાર છે. બોર્ડની આ પરીક્ષામાં ગત વર્ષની સાપેક્ષમાં ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આગામી તા.૬ ફેબ્રુ.થી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગીક પરીક્ષાનો પ્રારંભ થનાર છે. ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમારે જણાવ્યું હતુ કે આગામી ટુંક સમયમાં જ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક મળશે જે બાદ જિલ્લાનો એકશન પ્લાન જાહેર કરી દેવામાં આવશે.

# ગીર સોમનાથ આર.ટી.ઓ., જી.ટ્રાફિક પોલીસ દ્વારા રાષ્ટ્રીય સડક સુરક્ષા માસની ઉજવણી

(વિશાલ ઘીયા દ્વારા)

વેરાવળ તા.૩૧:

વેરાવળ શ્રી સોમનાથ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી સી.પી.ચોક્સી આર્ટ્સ અને શ્રી પી.એલ.ચોક્સી કોમર્સ કોલેજ વેરાવળમાં રાષ્ટ્રીય સડક સુરક્ષા માસની ઉજવણી અંતર્ગત તા. ૩૧/૦૧/૨૦૨૫ના રોજ એન.એસ.એસ. યુનિટ દ્વારા માર્ગ સલામતી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત આર.ટી.ઓ ઈન્સ્પેકટર એચ.એમ. ગોહેલ જી. ઇન્ચાર્જ ટ્રાફિક પી.એસ.આઈ જે. આર. ડાંગર,એ.એસ.આઈ. પ્રતાપભાઈ પરમાર ઉપસ્થિત રહેલ.



ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓનુ શાબ્દિક સ્વાગત ઇન્ચાર્જ આચાર્ય ડો.એન.એલ.જોષી દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ ઈન્સ્પેકટર એચ.એમ. ગોહેલ દ્વારા વિધાર્થીઓને રોડ સેફ્ટી માટે જરૂરી હેલ્મેટ,સીટ બેલ્ટ તેમજ વીમો તેમજ જરૂરી ડૉક્યુમેન્ટ અંગે વિગતે માહિતી આપવામાં આવેલ. તેમજ જે.આર. ડાંગર દ્વારા વિધાર્થીઓ માર્ગ સલામતી માટે વાહનની ગતિ મર્યાદા,ઈન્ડીકેટરનો ઉપયોગ,સીટ બેલ્ટ, મોબાઈલનો ઉપયોગ ચાલુ વાહને ન કરવો તેમજ ડ્રાઇવિંગ દરમ્યાન માનસિક સ્થિરતા જાળવી રાખવી, બિન જરૂરી હોર્ન ન વગાડવા તેમજ કેફી દ્રવ્યનું સેવન ન કરવા જેવી બાબતો અંગે વિધાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ રોડ પર અવાર જવર કરતાં વાહન ચાલકોને રોકીને ડ્રાઈવર ક્યાં પ્રકારની અને કઈ ભૂલ કરે છે. તે અંગે ડેમો કરી બતાવવામાં આવેલ.આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો.એ.એમ.ચોચા દ્વારા કરવામાં આવેલ. તેમજ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહેલ.

# ગાંધી નિર્વાણ દિને ભારત સેવક સમાજ દ્વારા બાપુને પૂષ્પાંજલી

રાજકોટ, તા.૩૧

ભારત સેવક સમાજ-રાજકોટ દ્વારા ગાંધી નિર્વાણ દિનના ઉપક્રમે ભારત સેવક સમાજના રેસકોર્ષ, નહેરૂ ઉદ્યાન ખાતે આવેલા પરિસરમાં પૂષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહાત્મા ગાંધીજી પ્રત્યેના આદરભાવને પરિણામે બહોળી સંખ્યામાં રાજકોટના નગરજનોએ સર્વધર્મ પ્રાર્થનામાં ઉપસ્થિત રહીને પૂ.બાપુને પૂષ્પાંજલિને અર્પણ કરેલ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ સંસ્થાના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી એલ.એસ.સૈયદે અથાગ પ્રત્યનો કર્યા હતા. સર્વધર્મ પ્રાર્થનાની રજૂઆત રાજકોટના પ્રસિધ્ધ ગાયક રાજેશ વ્યાસના ગરવા કંઠે થઈ હતી. એમની સાથે તબલા પર યુવા કલાકાર ધ્રુવ મકવાણા અને ઋષિ મકવાણા તથા મંજીરા પર નૂતન ભટ્ટએ સંગત કરી હતી. સંસ્થાના મંત્રી જર્નાદનભાઈ પંડયાના નિમંત્રણને માન આપીને જુદી જુદી સંસ્થાના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ગરિમામય બનાવ્યો હતો.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# રૂા.૧.૬૧ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૭માં ડામર રી-કાર્પેટ કામનુ ખાતમૂહૂર્ત

રાજકોટ, તા.૩૧

રાજકોટ મનપા દ્વારા વોર્ડ નં.૧૭ માં રૂા.૧.૬૧ કરોડના ખર્ચે સુભાષનગર શેરી નં.૫, રામપાર્ક, ૪૦ ફૂટ રોડ ખાતે એકશન પ્લાન હેઠળ વિવિધ સોસાયટીના રસ્તાઓ પર ડામર રી-કાર્પેટ કરવાના કામનુ ખાતમુહુર્ત કાલે તા.૧ શનિવારના રોજ સવારે ૧૦ કલાકે, ધારાસભ્ય રમેશ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવશે. આ ખાતમુહુર્ત કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયના પેઢડીયા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાદયક્ષ, ડો.ભરત બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તુષાર સુમેરા, સાશક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશ દેથરીયા, રાજકોટ મનપાના કોર્પોરેટરો, સંગઠનના હોદેદારો, રાજકોટ મનપા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. ડામર રી-કાર્પેટનુ કામ થવાથી આસપાસના વિસ્તારના લોકોને હાલાકીમાંથી મુક્તિ મળશે અને સુવિધામાં વધારો થશે.

# ઓખામાં સ્થાવર મીલ્કતના મામલે મનાઈ હુકમની અરજી નામંજુર

(વિજય ધ્રુણા દ્વારા)મીઠાપુર, તા.૩૧

ઓખા ગામે બર્માશેલ કંપનીવાળી મીલ્કત અંગે જુસબઅલી શૈયદે જામનગરવાળાએ અબાસ અલી શૈયદ ત્થા તેના પુત્રો વિગેરે સામે કોર્ટમાં હીસ્સો અલગ કરી આપવા અને કાયમી મનાઈ હુકમનો દાવો અને વચગાળાના મનાઈ હુકમ માટે અરજી કરી હતી. જેના સમન્સ નોટીસ બજતા અબાસઅલીએ વકીલ આર.સી.ભાયાણી અને આર.એમ.માણેક મારફત હાજર થઈ કેસનો જવાબ આપેલ હતો. આ કેસમાં ઓખા અદાલતે વાદીની મનાઈ હુકમની અરજી નામંજુર કરી છે. વકીલ આર.સી.ભાયાણી અને આર.એસ.માણેકની દલીલ ગ્રાહ્ય રાખવામાં આવી હતી.

## જી.ટી.યુ. સેમેસ્ટર સાતના પરિણામમાં

# રાજયમાં વીવીપીની વિદ્યાર્થીની દેવીશા ગજજરે મેળવ્યુ ટોપ-૧૦માં સ્થાન

રાજકોટ, તા.૩૧

તાજેતરમાં જાહેર થયેલ જી.ટી.યુ. દ્વારા સેમેસ્ટર સાતના પરિણામને એનાલીસીસ કરાતા કુલ ૯૪ એન્જીનીયરીંગ કોલેજમાંથી કુલ ૧૬૯૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી સમગ્ર ગુજરાતમાં વી.વી.પી.ના વિદ્યાર્થીઓએ ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ.માં તમામ બ્રાંચમાં સી.પી.આઈ. મુજબ વી.વી.પી.ની વિદ્યાર્થીની દેવીશા મુકેશભાઈ ગજજર કોમ્પ્યુટર સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૭૮ મેળવી ચોથો રેન્ક પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ.માં બ્રાંચ વાઈઝ (સી.પી.આઈ.)મુજબ વી.વી.પી.ના વિદ્યાર્થીઓ આશીષ અશ્વિનભાઈ હુંબલ (સિવિલ) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૨૫ મેળવી પ્રથમ રેન્ક, દેવીશા મુકેશભાઈ ગજજર (કોમ્પ્યુટર) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૭૮ મેળવી પ્રથમ રેન્ક પ્રાપ્ત કરેલ છે. હેમાંશી મહેશભાઈ કટારીયા (ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકિસન)સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૧૯ મેળવી દ્વિતીય રેન્ક, ધ્યેય પરેશભાઈ દુધાત્રા (મિકેનીકલ) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૨૧ મેળવી દ્વિતીય રેન્ક, ક્રિષ્ના અરવિંદભાઈ બાલાસરા (કોમ્પ્યુટર) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૬૧ મેળવી તૃતીય રેન્ક, ચેતના દિનેશભાઈ પરમાર (ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકિસન) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૧૧ મેળવી ચોથા રેન્ક, ગૌરવ રાજેશભાઈ વઢવાણા (કોમ્પ્યુટર) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૪૫ મેળવી સાતમો રેન્ક, હેમાંગ પ્રકાશકુમાર મયાત્રા (ઈલેકટ્રીકલ) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૮.૭૪ મેળવી નવમો રેન્ક, કૃતી પરેશભાઈ વાછાણી (કોમ્પ્યુટર) સી.પી.આઈ. મુજબ ૧૦માંથી ૯.૪૧ મેળવી નવમો રેન્ક પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશીભાઈ શુકલ ડો.સંજીવ ઓઝા, હર્ષલ મણીઆર, ડો.નરેન્દ્ર દવે, ડો.નવીન શેઠ તથા પ્રિન્સીપાલ ડો.પિયુષ વણઝારાએ વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને સૌને અભિનંદન પાઠવેલ છે.

# ચોથી ટી-૨૦ માં ભારતે ઈંગ્લેન્ડને ૧૫ રને હરાવી શ્રેણીમાં અજય સરસાઈ પ્રાપ્ત કરી

## ભારતના ધુરંધર બેટધરોની વધુ નિષ્ફળતા બાદ મધ્યમક્રમે આબરૂ બચાવીઃભારતે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૧ રન નોંધાવ્યા બાદ ઈંગ્લેન્ડનું ૧૬૬ રનમાં ફીંડલુ વળ્યું

રાજકોટ, તા.૩૧

પ્રવાસી ઈંગ્લેન્ડ અને ભારતીય ક્રિકેટ ટીમ વચ્ચે ટી-૨૦ શ્રેણીના ચોથા મેચમાં પણ ભારતના ધુરંધર માનવામાં આવતા ખેલાડીઓની નિષ્ફળતા યથાવત રહેવા પામેલ પરંતુ મધ્યમ ક્રમના બેટધરોના એકંદરે સારા પ્રદર્શનના કારણે પ્રથમ દાવ લેતા ભારતીય ટીમે મર્યાદિત ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૮૧ રન નોંધાયા હતા. આજે સંજુ સેમસન, શ્રેણીમાં વધુ એકવાર સુર્યકુમાર યાદવ નિષ્ફળ સાબિત થતા પસંદગીકારોની ચિંતામાં વધારો થવા પામેલ છે. ઈંગ્લેન્ડના દાવનો મજબૂત પ્રારંભ થયા બાદ ૧૯.૪ ઓવરમાં સમગ્ર ટીમ ૧૬૬ રનમાં આઉટ થતા ભારતનો ૧૫ રનથી ચોથા મેચમાં વિજય થવા ઉપરાંત ભારતે શ્રેણીમાં ૩ વિ ૧ની અજય સરસાઈ મેળવેલ છે. ભારત તરફથી રવિ બિન્નોઈ ત્થા હર્ષિત રાણાએ ૩-૩, વરૂણ ચક્રવર્તિએ ૨, અર્શદિપ ત્થા અક્ષર પટેલે ૧-૧ વિકેટ ઝડપેલ હતી.

ભારતના દાવનો નબળો પ્રારંભ થવા પાછળ ધુરંધરોની નિષ્ફળતાને જવાબદાર માનવામાં આવે છે. દાવનો પ્રારંભ થતા જ સંજુ સેમસન અંગત ૧ રને અને તેના સ્થાને આવેલ તિલક વર્મા ખાતુ ખોલાવ્યા વગર જ આઉટ થયેલ ભારતે ૧૨ રનના જુમલે બે વિકેટો ગુમાવ્યા બાદ દાવમાં આવેલ સુર્યકુમાર યાદવ સમગ્ર શ્રેણીના બધા મેચમાં નિષ્ફળ રહેલ તેમણે આજે નિષ્ફળતાનુ પુનરાવર્તન કરેલ યાદવ ખાતુ પણ ખોલાવી શકયો ન હતો. એક તબક્કે ભારતે માત્ર ૧૨ રનમાં ૩ વિકેટો ગુમાવેલ હતી.

ચોથી ટી-૨૦ મેચમાં સસ્તામાં ૩ વિકેટ ગુમાવ્યા બાદ ભારતીય ટીનો આધાર મધ્યમ હરોળના બેટધરોના પ્રદર્શન પર આધાર રાખતો હતો. મધ્યમક્રમના તેમજ ઓલરાઉન્ડરના સારા પ્રદર્શનથી ભારતીય ટીમે ૨૦ ઓવરના અંતે ૯ વિકેટ ગુમાવી સન્માનજનક ૧૮૧ રનનો જૂમલો નોંધાવ્યો હતો.

ભારત તરફથી અભિષેક વર્મા ૨૯, રિંકુ સીંગ ૩૦, શિવમ દુબે ૫૩ અને હાર્દિક પંડયાના ૫૩ રન મુખ્ય હતા. દુબેએ ૩૪ દડામાં ૫૩ અને હાર્દિક પંડયાએ ૩૦ દડામાં ઝમકદાર અને ઝડપી રમતનુ પ્રદર્શન કરી ૫૩ રન નોંધાવેલ. ઈંગ્લેન્ડ તરફથી શકીબ મહેમુદે ૪ ઓવરમાં ૩૫ રન આપી ભારતની ૩ વિકેટો, જોફ્રા આર્ચરે ૩૭ રનમાં ૧ ઓવરમાં ૩૨ રન આપી ૨ અને આદિલ રશીદે ૩૫ રન આપી ૧ વિકેટ ઝડપેલ હતી.

શ્રેણી સરભર કરવાની તક સાથે વિજયના લક્ષ્યાંક સુધી પહોચવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમનો પ્રારંભ મજબૂત થયો હતો પરંતુ પ્રથમ વિકેટના પતન બાદ સમયાંતરે વિકેટો ગુમાવતા ઈંગ્લેન્ડ ટીમની મુશ્કેલી ઓવર ઘટવા સાથે વધતી જતી હતી.

ઈંગ્લેન્ડની ટીમ તરફથી ફિલ સોલ્ટે ૨૧ દડામાં ૨૯, હેરી બુકે ૨૬ દડામાં ૫૧, બેન ડયુકેટ્ટે ૧૯ દડામાં ૩૯, ઓવરટર્ને ૧૫ દડામાં ૧૯ રન નોંધાવેલ હતા. ઈંગ્લેન્ડની ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૬૬ રન નોંધાવી આઉટ થઈ જતા ભારતનો ચોથા ટી-૨૦ માં ૧૫ રને વિજય થવા સાથે શ્રેણીમાં અતૂટ ૩ વિ ૧ ની સરસાઈ મેળવી શ્રેણી પરનો કબ્જો કરેલ છે.

# રાજકોટ મનપાનું નવા નાણાકીય વર્ષનું રૂા.૩૧૧૨.૨૯ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજુ

## ૧૫૦ કરોડનો કરબોજ વધારવા દરખાસ્તઃ મિલ્કતવેરામાં ૪૦ કરોડ, ગાર્બેજ કલેક્શનમાં ૫૫ કરોડનો વધારો મુકાયો

રાજકોટ તા.૩૧

મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું ૩૧૧૨.૨૯ કરોડનું ડ્રાફ્ટ અંદાજપત્ર આજે મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાએ સ્ટેન્ડીંગ કમીટીમાં રજૂ કર્યુ છે. ફુલગુલાબી યોજનાઓના બદલે વાસ્તવિક કામો અને લોકોને મળતી સેવાઓ સુધારવાના ઈરાદા અને પ્રથમ વખત 'લીવેબલ રાજકોટ'ની થીમ સાથેના આ બજેટમા રાજકોટની જનતા પર ૧૫૦ કરોડના કરબોજની દરખાસ્તો મૂકી છે. હવે ભાજપ શાસકો એક સપ્તાહ આ બજેટનો અભ્યાસ કરીને ચૂંટણી વર્ષમાં કરબોજ વધારવો કે નહીં તેનો અંતિમ નિર્ણય લેશેરાજકોટમાં નવો ૫૫ કરોડનો ફાયર ટેકસ, ગાર્બેજ કલેકશનમાં ૫૫ કરોડ અને મિલ્કત વેરામાં ૪૦ કરોડનો વેરો વધારવા ભલામણ કરવામાં આવી છે.

આજે પત્રકાર પરિષદમાં બજેટ રજૂ કરતા કમિશ્નરે જણાવ્યું હતું કે, ઘરે ઘરે કચરા એકત્રીકરણનો ચાર્જ રહેણાંકમાં રૂા. ૩૬૫ અને બિનરહેણાંકમાં ૧૪૬૦ છે. હવે તે રહેણાંકમાં રૂા. ૧૪૬૦ અને બિન રહેણાંક ૨૯૨૦ કરવા પ્રસ્તાવ મૂકાયો છે. મિલ્કત વેરામાં પ્રતિ ચો.મી. દર રૂા. ૧૧માંથી રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫માંથી રૂા. ૩૦ કરવા દરખાસ્ત કરાઇ છે. ચાલુ વર્ષથી પ્રથમ વખત ફાયર ટેકસ લાગુ કરાશે જેનો દર રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫ હશે. આ તમામ કરવેરા વધારા સાથે રૂા.૧૫૦ કરોડની વધારાની આવક ઉભી કરવા અંદાજ મૂકાયો છે.

પોતાનું પ્રથમ અંદાજપત્ર રજૂ કરતા કમિશ્નરે ડિટેલ પ્રેઝન્ટેશન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ થી શરૂ કરવામાં કારપેટ એરિયા આધારીત પધ્ધત્તિના અમલ કરતી વખતે કંઝર્વન્સી ટેક્ષ, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ અને દીવાબત્તિ ટેક્ષ રદ કરવામાં આવ્યો હતો. હવે નવા વર્ષમાં મિલ્કત વેરો વધારવાથી મહાનગરપાલિકાને વધારાની રૂ. ૪૦ કરોડની આવક થવાની ધારણા છે. રાજકોટમાં સને ૨૦૨૪-૨૫ નાવર્ષ માટે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ, રહેણાંક મિલકતો માટે રૂ. ૩૬૫ તથા બિન રહેણાંક મિલકતો માટે હાલમાં વાર્ષિક રૂ. ૧,૪૩૦ વસૂલવામાં આવે છે, હાલ ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનની સેવામાં વિસ્તરણ, કચરો પ્રક્રિયા અને નિકાલ માટે સુવિધાઓનું આધુનિકીકરણ, કચરો એકઠા કરવાના વાહનોની સંખ્યા



વધારવી, જાગૃતિ અભિયાન અને સમુદાય ભાગીદારી વધારવાના પ્રયાસને તેજ કરવા માટે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રહેણાંક મિલકતો માટે રૂ. ૧,૪૬૦ તથા બિન રહેણાંક મિલકતો માટે હાલમાં વાર્ષિક રૂ. ૨,૯૨૦ સૂચવવામાં આવેલ છે, જેનાથી અંદાજીત રૂ. ૫૫ કરોડ રૂપિયા જેવી વધારાની આવક થવા સંભવ છે. કમિશ્નરે આ બજેટમાં વાસ્તવિકતાથી નજીક હોય તેવી જુદા જુદા કામોની ૧૩ પ્રકારની યોજનાઓ ઉમેર્યાનું જણાવી પ્રથમ વખત દાખલ થતા ફાયર ટેકસ અંગે જણાવ્યું હતું કે, મહાનગરમાં અગ્નિ સલામતીની જટિલતાઓ અને માંગો પણ વધતી જાય છે. લોકોની સલામતી સુનિશ્ચિત કરવા, મિલકતોને રક્ષણ આપવા અને કાર્યક્ષમ ફાયરફાઈટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવવાનો સંકલ્પ લઈને આગળ વધવું જરૂરી છે. આ પરિપ્રેક્ષ્યમાં, મજબૂત ફાયર સેફ્ટી વ્યૂહરચના હવે ઔપચારીકતા જ નથી. પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

જો કે, ઉચ્ચ ગુણવત્તાવાળી ફાયર સેવાઓ પ્રદાન કરવા માટે નોંધપાત્ર ખર્ચ આવતો હોય છે, જેથી આ ફાયર ટેક્સના પ્રસ્તાવથી ફાયર સલામતી સુધારવા અને ટકાવી રાખવા માટે વિશિષ્ટ નાણાંકીય પ્રબંધન કરવાની યોજના છે, જે ૧) ફાયર સ્ટેશન્સનું આધુનિકરણ ૨) પ્રશિક્ષણ અને ક્ષમતા નિર્માણ ૩) અગ્નિરોકથામ કાર્યક્રમો ૪) ડિઝાસ્ટર રેઝિલિયન્સ કેપેસિટી અને ઝીરો કેઝ્યુઆલિટીના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે. ફાયર સેવાઓના રેવેન્યુ ખર્ચમાં રૂ. ૩૧.૮૯ કરોડ મળીને કુલ ખર્ચ રૂ. ૧૫૨.૦૩ કરોડ થવાનો અંદાજ છે, જેમાં સામાન્ય રીતે પગાર ખર્ચ, વાહન ખરીદી, નવા ફાયર સ્ટેશન બનાવવાનો તથા સ્ટેટ ઓફ આર્ટ ટેક્નોલોજી અડોપ્શનનો ખર્ચ સામેલ છે, જેથી રાજકોટની સવા છ લાખ જેટલી મિલ્કતો પૈકી રહેણાંક મિલકતો માટે પ્રતિ ચોરસ મીટર દીઠ રૂ. ૧૫ રૂપિયા તથા બિન-રહેણાંક મિલકતો માટે પ્રતિ ચોરસ મીટર દીઠ રૂ. ૨૫ રૂપિયા વસૂલવા સુચવેલ છે, જેનાથી અંદાજે રૂ. ૫૫ કરોડની આવક થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

**મ્યુનિ.કમિશ્નર તુષાર સુમેરાએ સ્ટે.કમિટિ સમક્ષ વર્ષ ૨૦૨૪-૨૫નું રિવાઈઝડ બજેટ અને વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજુ કર્યુઃ અનેક નવી યોજનાઓની કરાઈ ઘોષણા।**

## ઈંગ્લેન્ડને ૯ વિકેટથી હાર આપી

# ભારતીય મહિલા ટીમે અંડર૧૯ ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સ્થાન બનાવ્યું

નવી દિલ્હી, તા.૩૧

ભારતીય મહિલા ટીમે સતત બીજી વખત અંડર૧૯ ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે. સેમિફાઈનલ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને માત આપી અને પોતાનું સ્થાન પાક્કું કર્યું. નિકી પ્રસાદની કેપ્ટનશિપવાળી ભારતીય ટીમ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય છે. પહેલી મેચમાં મેજબાન મલેશિયાને દસ વિકેટથી હરાવ્યા બાદ ભારતે શ્રીલંકાને ૬૦ રનથી અને બાંગ્લાદેશને આઠ વિકેટથી હરાવ્યું.

સુપર સિક્સ તબક્કામાં સ્કોટલેન્ડને ૧૫૦ રનથી માત આપી. ભારતે સેમિફાઈનલમાં પણ આ ક્રમ ચાલુ રાખ્યો. ખિતાબ માટે તેનો સામનો સાઉથ આફ્રિકા સાથે થશે. જેણે અન્ય સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને માત આપી.

ઈંગ્લેન્ડની ટીમે પહેલી બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૧૩ રન બનાવ્યા. ભારતીય ટીમે આ લક્ષ્ય ૧૫ ઓવરમાં જ પ્રાપ્ત કરી લીધું. ભારતીય ટીમ સતત બીજી વખત ફાઈનલમાં પહોંચી. વર્ષ ૨૦૨૩માં પહેલી વખત થયેલી આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પણ ભારતે ઈંગ્લેન્ડને જ હરાવીને ખિતાબ પોતાના નામે કર્યું હતું.

ભારતીય ટીમને જીત માટે ૧૧૪ રનનું લક્ષ્ય મળ્યું હતું. જી કમાલિની અને જી તૃષા ઓપનિંગ કરવા ઉતરી. બંનેની વચ્ચે પહેલી વિકેટ માટે ૬૦ રનની ભાગીદારી થઈ. તૃષા ૨૯ બોલમાં ૩૫ રન બનાવીને આઉટ થઈ. તેણે પોતાની ઈનિંગમાં પાંચ ચોગ્ગા માર્યા. ભારતે તે બાદ કોઈ વિકેટ ગુમાવી નહીં. કામલિની અને સાનિકા ચલકેએ ટીમને ૧૫ ઓવરમાં જ જીત સુધી પહોંચાડી દીધી. કામલિનીએ ૫૦ બોલમાં ૫૬ રન બનાવ્યા. તેની ઈનિંગમાં ૮ ચોગ્ગા સામેલ હતાં. સાનિકાએ ૧૨ બોલમાં ૧૧ રન બનાવ્યા. તેની ઈનિંગમાં એક જ ચોગ્ગા માર્યો.ટ્રુડી જોનસન (૦૦) સ્વીપ રમનારી પહેલી ખેલાડી હતી જે પારુનિકાના બોલ પર બોલ્ડ થઈ. ડેવિના પેરિન અને નોરગ્રોવને ત્રીજી વિકેટ માટે ૪૪ રનની ભાગીદારી કરી જેનાથી ઈંગ્લેન્ડે ૧૦ ઓવરમાં બે વિકેટ પર ૭૩ રન બનાવ્યા. ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ અંતિમ ૧૦ ઓવરમાં સતત સ્વીપ શોટ રમીને વિકેટ ગુમાવી અને આ દરમિયાન ટીમ માત્ર ૪૦ રન જ બનાવી શકી અને તેણે છ વિકેટ ગુમાવી દીધી. નોરગ્રોવ, પેરિન, ચાર્લોટ સ્ટબ્સ (૦૪) અને કેટી જોન્સ (૦૦) એ ખરાબ શોટ રમીને વિકેટ ગુમાવી. ઈંગ્લેન્ડે ૧૬મી ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી અને સમગ્ર ઈનિંગ ડગમગાઈ.

# સચિન તેંડુલકરને બીસીસીઆઈ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે

મુંબઈ,તા.૩૧



ભારતના મહાન બેટ્સમેન અને ભૂતપૂર્વ કેપ્ટન સચિન તેંડુલકરને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તેના વાર્ષિક સમારંભમાં સચિનને સન્માનિત કરશે. સચિને પોતાની શાનદાર કારકિર્દી દરમિયાન ૬૬૪ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૪૮.૫૨ ની સરેરાશથી ૩૪,૩૫૭ રન બનાવ્યા.

સચિન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તે સદીઓની સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી છે. ટેસ્ટ ક્રિકેટ ઉપરાંત, સચિને વનડે ફોર્મેટમાં પણ ઘણા રેકોર્ડ બનાવ્યા છે. તેમણે વનડેમાં ૪૪.૮૩ ની સરેરાશથી ૪૯ સદી અને ૯૬ અડધી સદી સાથે ૧૮,૪૨૬ રન બનાવ્યા અને ટેસ્ટમાં ૫૩.૭૮ ની સરેરાશથી ૫૧ સદી અને ૬૮ અડધી સદી સાથે ૧૫,૯૨૧ રન બનાવ્યા. તેણે પોતાની શાનદાર કારકિર્દીમાં ફક્ત એક જ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. કુલ મળીને, ૫૧ વર્ષીય સચિને ભારત માટે ૬૬૪ મેચ રમી અને ૪૮.૫૨ ની સરેરાશથી ૩૪,૩૫૭ રન બનાવ્યા. જેમાં ૧૦૦ સદી અને ૧૬૪ અડધી સદીનો સમાવેશ થાય છે. બોર્ડના એક સૂત્રએ જણાવ્યું, 'હા, તેમને વર્ષ ૨૦૨૪ માટે સીકે નાયડુ 'લાઈફટાઈમ એચિવમેન્ટ' એવોર્ડથી નવાજવામાં આવશે.' ભૂતપૂર્વ ભારતીય મુખ્ય કોચ રવિ શાસ્ત્રી અને ભૂતપૂર્વ દિગ્ગજ વિકેટકીપર ફારૂક એન્જિનિયરને આ એવોર્ડ મળ્યો છે.

# દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પારિતોષિક વર્ષ-૨૦૨૪

## રાજયકક્ષાના દિવ્યાંગ પારિતોષિક મેળવવા તા.૨૪ ફેબ્રુઆરી સુધીમાં અરજી કરી શકાશે

રાજકોટ તા. ૩૧:

દિવ્યાંગ વ્યકિતઓના કલ્યાણ માટે વિવિધ કેટેગરીમાં રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિકો આપવામા આવે છે. દિવ્યાંગ પારિતોષિક માટેની અરજીઓનો નમૂનો www. talimrojgar. gujarat. gov.inથી અથવા મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી-રાજકોટ માંથી વિનામૂલ્યે મળી શકાશે. તા.૨૪ ફેબ્રુઆરી સુધીમાં અરજી કરી શકાશે. વિવિધ કેટેગરી પૈકી શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ / સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ, દિવ્યાંગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યકિતઓને નોકરી અપાવવા કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ પારિતોષિક માટે અરજી કરી શકશે.

અરજી સાથે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું દાકતરી પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ પ્રમાણપત્રો, દિવ્યાંગતા દર્શાવતા પોસ્ટ કાર્ડ સાઈઝના ફોટા સહિત બિડાણમાં સામેલ રાખવાના રહેશે.નોકરી દાતા તેમજ પ્લેસમેન્ટ ઓફિસરે પણ ફોર્મમાં દર્શાવેલ કોલમ મુજબની પુરેપુરી વિગતો જણાવવી તેમજ તેને સંબંધિત જરૂરી બિડાણો અચૂક સામેલ કરવા. ભરેલા અરજી પત્રકો સાધનિક દસ્તાવેજો સહિત બે નકલમાં સંબંધિત મદદનીશ નિયામક(રોજગાર) કચેરી-રાજકોટને મોડામાં મોડા તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવા, અધૂરી વિગત વાળી/નિયત સમય મર્યાદા બાદની આવેલ અરજી રોજગાર કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહી.

વધુ માહિતી માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી-રાજકોટ. પ્રથમ માળ, બ્લોક નં. ૩, બહુમાળી ભવન રેસ્કોર્ષ સામે, રાજકોટ ફોન નં.૦૨૮૧-૨૪૪૦૪૧૯ નો સંપર્ક કરવા મદદનીશ નિયામક રોજગાર દ્વારા જણાવાયું છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બળવાખોરીનો પ્રારંભ થયો

રાજકોટ, તા.૩૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય ત્થા કેટલીક પેટાચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થયા બાદ રાજકીયપક્ષોના પંડિતો દ્વારા આગામી ચૂંટણીમાં બળવાખોરીનો દાવો કરાયેલ જે ધીમેધીમે સાચો પડી રહયો છે. રાજકીય પક્ષોને બળવાખોરનો ડર પહેલેથી જ હતો તેથી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા છેક છેલ્લી ઘડી સુધી ચાલેલ જેમાં ઉમેદવારોના નામ દબાયેલ અવાજે ઉપસી આવતા વર્ષોથી દાવેદારી કરતા કેટલાક ચૂંટણી લડવા ઈચ્છુકોએ પોતાને પસંદ ન કરાય તો પક્ષ સામે બળવો કરવા અગાઉથી જ નિશ્ચિત કરેલ હોવાની જાણ થતા પક્ષના મોવડી મંડળે ઉમેદવારોના નામ જાહેર કરવામાં થાય તેટલો વિલંબ કરેલ પરંતુ બળવાખોરી અટકાવી શકાયેલ નથી!

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં રાજકીય પક્ષો માટે ઉમેદવારની પસંદગી પ્રક્રિયામાં ઉકળતા ચરૂ જેવી સ્થિતીનો પ્રારંભ ચૂંટણી જાહેર થતા જ જોવા મળેલ. જેમાં ભાજપ-કોંગ્રેસ અને આપ સહિતના પક્ષમાં નેતાઓની ચિંતામાં વધારો થવા પામેલ. જુદા જુદા શહેરોની પાલિકા અથવા તાલુકા અને જીલ્લા પંચાયતોની બેઠકોમાં ઉમેદવારોનો રાફડો ફાટેલ તમામને ટિકીટ મળે જ નહીં તે સ્પષ્ટ હોવાથી ધીમેધીમે બળવાખોરીની પ્રવૃતિએ વેગ પકડયો છે.

બળવાખોરી કરનાર ઉમેદવારોને પક્ષના નેતાઓ દ્વારા બંધ બારણે સમજાવવાના પ્રયાસો હાથ ધરી પક્ષને થનાર રાજકીય નૂકશાન નિવારવાના ગુપ્ત પ્રયાસો હાથ ધરાયા છે. પરંતુ તેમા નેતાઓને ખાસ કોઈ મોટી સફળતા મળે તેવુ નજરે પડતુ નથી! બળવાખોરો પૈકી મોટાભાગના ઉમેદવારો પોતાનુ રાજકીય અને સામાજીક વર્ચસ્વ આગળ ધરી ચૂંટણી લડવા મક્કમતાથી આગળ વધી રહયા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બળવાખોરોની હાજરીથી પક્ષના પંડિતોએ ગોઠવેલા રાજકીય સોગઠા અને સમ્મીકરણો બદલવાનો પણ ભય સર્જાયો છે. સ્થાનિક ચૂંટણીઓમાં સાંકડી બહુમતિથી હાર-જીત થતી હોય ત્યારે કેટલીક બેઠકો પર બળવાખોર મહત્વનો ભાગ ભજવી ચૂંટણી પરિણામ ઉલ્ટાવી શકવા સક્ષમ હોવાથી રાજકારણના ચાણકયો પણ બળવાખોરીને નજર અંદાજ કરવા માંગતા નથી!

# વિવાદો બાદ મમતા કુલકર્ણીની મહામંડલેશ્વરની પદવી છીનવાઈ

## પદવી આપનાર ત્થા સ્વિકારનાર બન્નેને સાધુ-સંતો અને અખાડા દ્વારા હાંકી કાઢવા વિચારણા





રાજકોટ, તા.૩૧

તાજેતરમાં જ આશરે ૨૫ વર્ષ બાદ દુબઈથી ભારત પરત ફરેલી હિંદી ચિત્રજગતની વિવાદમાં રહેલ અભિનેત્રી મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના મહામંડલેશ્વરની પદવી લક્ષ્મીનારાયણ ત્રીપાઠી દ્વારા પદવી એનાયત કરવામાં આવેલ. જેની સામે દેશભરમાંથી અનેક સાધુ-સંતો અને બૌધ્ધિકો દ્વારા દબાયેલા અવાજે વિરોધના શૂર ઉઠાવેલ હતા. આજે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલ મહાકુંભ મેળા દરમ્યાન કેટલાક અખાડાઓના સંતો-મહંતોએ ખુલ્લેઆમ વિરોધ ઉઠાવી મમતા કુલકર્ણીને અપાયેલ મહામંડલેશ્વરની પદવીના કિન્નર અખાડાના નિર્ણય સામે વિરોધ ઉઠાવી પદવી પરત ખેચવા તેમજ પદવી આપવામાં ભાગ ભજવનાર લક્ષ્મીનારાયણ ત્રીપાઠી સહિત કેટલાક સાધુ-સંતોને અખાડામાંથી દૂર કરવાની માંગ ઉઠાવવામાં આવેલ છે.

## ઓસ્ટ્રેલિયાને મોટો ફટકો પડ્યો

# ખુંખાર ખેલાડી મિશેલ માર્શ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

સિડની, તા.૩૧

ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલા ઓસ્ટ્રેલિયન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર મિશેલ માર્શ પીઠની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. માર્શની રમવાની શક્યતા ઓછી છે, જેના કારણે IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ સાથે તેનું રમવાનું પણ શંકામાં છે. ઓસ્ટ્રેલિયન ટીમે ૨૨ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામે પોતાની પહેલી મેચ રમવાની છે.

ઈજાના કારણે મિશેલ માર્શ હવે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી શકશે નહીં. તેની પાસે મુશ્કેલ સિઝન રહી છે અને તેણે SCG ખાતે ભારત સામેની અંતિમ ટેસ્ટમાં પોતાનું સ્થાન ગુમાવ્યું છે. તેમણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સાત ઈનિંગ્સમાં ૭૩ રન બનાવ્યા અને બોલિંગમાં મર્યાદિત ભૂમિકા ભજવી હતી. પાંચ ટેસ્ટ મેચની સીરિઝ દરમિયાન તેમની ફિટનેસ નિયમિત ચર્ચાનો વિષય રહ્યો છે.

ભારત સામેની ટેસ્ટ સીરિઝ પછી તેણે ૭ જાન્યુઆરીએ એકમાત્ર BBL મેચ રમી હતી. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા માનસિક અને શારીરિક રીતે તાજગી મેળવવા માટે BBL સિઝનની છેલ્લી ત્રણ મેચમાંથી આરામ કર્યો હતો. તેમની પીઠની સમસ્યા ગંભીર રહી અને પસંદગીકારોએ તેમને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો છે.

સીએએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''મિશેલ માર્શ કમરના દુખાવાના કારણે ICC મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે.'' તાજેતરના અઠવાડિયામાં તેમની કમરના નીચેના ભાગમાં દુખાવો વધુ ગંભીર થયો છે, જેના કારણે NSPએ માર્શને લાંબા સમય સુધી રિહેબિટેશનમાં રહેવાની ભલામણ કરી છે. માર્શ હવે રમતમાં પાછા ફરવાની યોજનાના ભાગ રૂપે આરામ અને રિહેબિટેશનમાં વધુ સમય પસાર કરશે. માર્શ અંગે નિર્ણય લેવા માટે NSP બેઠક કરશે.

# ટીમ ઈન્ડિયાથી બે વર્ષ બહાર રહ્યા બાદ રિદ્ધિમાન સાહાનો સંન્યાસ

## અંતિમ મેચમાં દર્દ છલકાયું- કદાચ હું કાબેલ જ નહોતો

નવી દિલ્હી, તા.૩૧:ભારતનો પૂર્વ વિકેટકીપર અને બેટર રિદ્ધિમાન સાહાએ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. તેણે પંજાબ અને બંગાળ વચ્ચે રમાયેલી રણજી ટ્રોફીમાં પોતાની કારકિર્દીની છેલ્લી મેચ રમી હતી. ૪૦ વર્ષીય સાહા બંગાળ તરફથી રહી રહ્યો હતો. તેને ત્રણ વર્ષ પહેલા ૨૦૨૨માં ભારતીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. એ સમયે રિદ્ધિમાન સાહાની જગ્યાએ કેએસ ભરતને તક આપવામાં આવી હતી. હવે આં અંગે સાહાએ જણાવ્યું છે કે, ’મને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો એ મારા માટે અન્યાય ન હતો પરંતુ ટીમના સારા મારે આવું કરવામાં આવ્યું હશે.’સાહા ભારત માટે છેલ્લે વર્ષ ૨૦૨૧માં રમ્યો હતો. વર્ષ ૨૦૨૨ના અંતમાં જ્યારે રિષભ પંત ઘાયલ થયો ત્યારે પણ તેને ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો અને તેની જગ્યાએ ટીમ મેનેજમેન્ટે નવા ચહેરાઓને તક આપી. જ્યારે વર્ષ ૨૦૨૨માં શ્રીલંકા સામેની ઘરઆંગણેની સીરિઝ દરમિયાન સાહાની પસંદગી કરવામાં આવી ન હતી ત્યારે તેણે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે દ્રવિડ અને તત્કાલીન મુખ્ય પસંદગીકાર ચેતન શર્મા સાથેની વાતચીત જાહેર કરી હતી.

# પાટણમાં ગેરકાયદે ડીઝલના વેપલાનો પર્દાફાશ

પાટણ, તા.૩૧:પાટણમાં ગેરકાયદે ડીઝલના વેપલાનો SOG પોલીસે પર્દાફાશ કર્યો છે. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કરી રૂપિયા ૪૯૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.પાટણ જીલ્લામાં પાટણ – શિહોરી હાઈવે પર આરોપી કિરણ દેસાઈ નજીકના ગામોમાં ડીઝલ વેચાણ કરતો હતો. પોલીસને આરોપી ગેરકાયદેસર ડીઝલનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીઝલનો વેપલો ચાલતો હતો ત્યારે SOG ત્રાટકી હતી. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરના પાછળના ભાગમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કર્યુ છે.SOG પોલીસે સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા દરમિયાન, મોબાઈલ ફોન, મોટરસાયકલ સહિત રૂપિયા ૪૯,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આરોપી કિરણ દેસાઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# અવસાન નોંધઃ

રાજકોટ ચા. મ.મોઢ બ્રાહ્મણ, મૂળ હરીપર કેરાળા હાલ રાજકોટ નિવાસી સ્વ.જયંતીલાલ કાનજીભાઈ દવેના પુત્ર ભરતભાઈ જયંતીલાલ દવે (ઉં. વ. ૭૨) તે પારૂલબેનના પતિ, સ્વ.ભગવતીભાઇના લઘુબંધુ, જીતેન્દ્રભાઈ, સ્વ. મુકેશભાઈના મોટાભાઈ, શાસ્ત્રી હાર્દિકભાઈ દવે, શ્રદ્ધાબેન ધવલભાઈ ભટ્ટ(અમદાવાદ)ના પિતા, સ્વ. દુર્ગાશંકર રેવાશંકર જાનીના જમાઈ, સ્વ.દીપકભાઈ, યોગેશભાઈ જાનીના બનેવીનું તા.૩૦ના રોજ અવસાન થયું છે.ઉઠમણું તેમજ પિયરપક્ષનું બેસણું તા. ૧ ને શનિવારે, સાંજે ૪ થી ૫, અન્નપૂર્ણેશ્વર મહાદેવ મંદિર, ગુરુ પ્રસાદ ચોક, દોશી હોસ્પિટલ રોડ, પપૈયા વાડી, રાજકોટ ખાતે રાખેલ છે.

ગોંડલ : ગં.સ્વ.હીરાબેન (સરલાબેન) જયંતીલાલ ખોદાણી (ઉ.વ.૮૫) ગોંડલ તે સ્વ.કાંતિલાલ ત્રીભોવનદાસ બુદ્ધદેવ જૂનાગઢ (જે.પી.ઠક્કર વાળા)ના પુત્રી તેમજ સ્વ.દિલસુખરાય, જયેન્દ્રભાઈ, સુરેશભાઈ, વિનોદભાઈ, હરેશભાઈ, કનૈયાલાલ, જયપ્રકાશભાઈ, ગીતાબેન (આશાબેન) અરવિંદકુમાર મજીઠીયા (ખપોલી)ના બહેનનું તા.૩૦ ગુરૂવારના રોજ અવસાન થયુ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી તા.૧૦ શનિવારે સાંજે ૪ થી ૫.૩૦ લોહાણા વિદ્યાર્થી ભવન, ૨૨/૯ ભોજરાજપરા, ગોંડલ મુકામે રાખેલ છે.

### વિદેશ મોકલવાના બહાને

# યુવાનો સાથે રૂ.૧.૩૧ કરોડની છેતરપિંડી કરનાર ઠગ દંપતિ ઝડપાયું

કલોલ, તા.૩૧

કલોલના પંચવટી વિસ્તારમાં રહેતા યુવક સાથે અમદાવાદના દંપત્તિએ છેતરપિંડી કરી હતી વિદેશ મોકલવાનું કામ કરતા દંપત્તિએ યુવક પાસે ૧૬ લાખ જેવી માતબર રકમ લઈને યુવકને વિદેશ નહીં મોકલી છેતરપિંડી કરી હતી જેની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી દંપત્તિને મહારાષ્ટ્રમાંથી ઝડપી લેવામાં આવ્યું હતું પોલીસે તપાસ કરતા આ દંપત્તિએ વિદેશ જવા ઈચ્છુક લોકો પાસેથી રૂપિયા ૧ કરોડ ૩૧ લાખ ૪૦ હજાર પડાવ્યા હતા અને આ દંપત્તિ સામે કલોલ તથા અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા હોવાની હકીકત મળી હતી.આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં રહેતા યુવકને વિદેશ જવું હતી તેણે જાહેરાતના આધારે વિદેશ મોકલવાનું અને વિઝાનું કામ કરતા જીગ્નેશ ભાઉશેઠ રાઠોડ અને તેની સાથે કામ કરતી તેની પત્ની જયા જીગ્નેશ રાઠોડનો સંપર્ક કર્યો તો આ બંને જણા ચાંદખેડામાં ઓફિસ ચલાવતા હતા અને ઓફિસમાં તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેઓએ ઓસ્ટ્રેલિયાના વિઝીટર વિઝા અને ત્યારબાદ વર્ક પરમીટ અપાવવાની વાત કરી હતી અને તે પેટે દંપત્તિએ આ યુવક પાસેથી ૧૬ લાખ લીધા હતા અને કડીમાં રહેતા તેના મિત્રો પાસેથી પણ મોટી રકમ લેવામાં આવી હતી પણ યુવકના કાયદેસરના વિઝા થયા ન હતા અને તેની સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી તેમજ કડીના મિત્રો સાથે પણ છેતરપિંડી આચરવામાં આવી હતી.

જે અંગે યુવકે કલોલ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે કલોલ શહેર પોલીસ મથકના પીએસઆઈ અને ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી અને મહારાષ્ટ્રના જલગાવમાંથી દંપત્તિને ઝડપી લેવામાં આવ્યું હતું. દંપત્તિને જેલના સળિયા પાછળ ધકેલીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ દંપત્તિ સામે કલોલ તેમજ અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પણ છેતરપિંડીના ગુના નોંધાયા હોવાની હકીકત સામે આવી હતી.

# રાજકોટ મહાનગરપાલિકાએ શહેરીજનો પર ફાયર ટેક્સ લગાવ્યો

રાજકોટ,તા.૩૧

રાજકોટમાં મહાનગર પાલિકાએ શહેરીજનો પર ફાયર ટેક્સ લગાવ્યો છે. સ્ટ્રીટલાઈટ, પાણી, મકાન, રસ્તા વગેરે પર લાદવામાં આવેલા કર બાદ ફાયર ટેક્સ પણ પ્રજાએ ભરવો પડશે. ચૂંટણીના વર્ષમાં પણ વેરા વધારાની દરખાસ્ત કરાતા પ્રજાનું ખિસ્સાનું ભારણ વધશે.

મળતી માહિતી મુજબ, રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ બાદ મ્યુનિસિપલ તંત્ર સફાળું જાગ્યું છે. રહેણાંકો માટે રૂપિયા ૧૫ અને કોમર્શિયલ ઉપયોગ પર રૂપિયા ૨૫ ફાયર ટેક્સ લગાવાયો છે. રાજકોટ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કર્યુ છે. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રૂપિયા ૩૧૧૨.૨૯ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે.

કમિશ્નર દ્વારા નવા વેરામાં રૂપિયા ૧૫૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે, જેમાં નવો ફાયર ટેક્સ, ડોર ટુ ડોર ટેક્સમાં પણ વધારો કરવાનું સૂચન કર્યુ છે. કાર્પેટ એરિયા ટેક્સમાં સુધારો કરવામાં આવ્યો છે. મનપા દ્વારા લાદવામાં આવેલા કરવેરાથી નગરજનોને મિલકત વેરામાં પણ બોજો આવશે. ૭૦૦ કરોડથી વધુ જમીન વેચાણ કરવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે.

# મોરબીમાં વગર મંજુરીએ વીજ કેબલ નાખી રોડને નુકશાન, પીજીવીસીએલને રૂા.૯.૫૦ લાખના દંડની નોટીસ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

મોરબીમાં વગર મંજુરીએ અન્ડર ગ્રાઉન્ડ વીજ કેબલ નાખવાથી રોડ સાઈડ સોલ્ડરમાં નુકશાન થયું છે જેને પગલે માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ દ્વારા પીજીવીસીએલને રૂ ૯.૫૦ લાખનો દંડ ભરપાઈ કરવા નોટીસ આપવામાં આવી છે

મોરબી માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા પીજીવીસીએલ કાર્યપાલક ઈજનેરને નોટીસ આપી જણાવ્યું છે કે નેશનલ હાઈવેથી ગાળા ગામ સુધી વગર મંજુરીએ નાખવામાં આવેલ અન્ડર ગ્રાંડ વીજ કેબલ સાઈડ ફોલ્ડરથી દુર નાખવા માટે જાણ કરવામાં આવી હતી તેમજ વીજ કેબલના કારણે કોઈ અકસ્માત ના થાય તેમજ રસ્તાને ભવિષ્ય આ રસ્તો પહોળો કરવાની પ્રક્રિયામાં નડતરરૂપ ના થાય તે માટે વીજ કેબલ સાઈડ સોલ્ડરથી દુર નાખવા જણાવ્યું હતું તેમજ આપના વિભાગ હેઠળના ઈજનેરો ભવિષ્યમાં કચેરી હસ્તકના રસ્તાઓમાં કોઈપણ વીજ લાઈન નાખવાની થતી હોય તો કચેરીની મંજુરી લેવા જણાવ્યું હતું

અન્ડર ગ્રાઉન્ડ કેબલ દુર કરવાને બદલે નાખવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ કેબલની બાજુમાં વાતુલ હસ્તકની કચેરી દ્વારા કોઈપણ મંજુરી વગર લોખંડના વીજપોલ ઉભા કરવામાં આવ્યા છે જે ગંભીર બાબત છે જે અન્વયે રોડને નુકશાની પેટે રકમ રૂ ૯,૫૦,૦૦૦ પુરા ભરપાઈ કરવા જાણ કરવામાં આવે છે વધુમાં આપની કચેરી દ્વારા માર્ગ અને મકાન વિભાગની કચેરી હસ્તકના આવતા રસ્તાઓમાં વગર મંજુરીએ વીજપોલ ના નાખવા જાણ કરવા છતાં જો વિજલાઈન નાખવામાં આવશે નાછૂટકે આપના ખર્ચે ને જોખમે મંજુરી વગરના વીજપોલ દુર કરવા કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ પણ જણાવ્યું છે

# મોરબીમાં અપહરણ-દુષ્કર્મના ગુનામાં સાત વર્ષથી ફરાર ઈસમ ઓરિસ્સાથી ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:



મોરબીમાં અપહરણ અને દુષ્કર્મના ગુનામાં સંડોવાયેલ ઇસમ સાત વર્ષથી નાસતો ફરતો હતો જેને મોરબી સીટી બી ડીવીઝન પોલીસે ઓરિસ્સાથી ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હોય જેથી બી ડીવીઝન પીઆઈ એન એ વસાવાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન વર્ષ ૨૦૧૮ માં અપહરણ અને દુષ્કર્મ તેમજ પોક્સો કલમ હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી ચક્રધાર કેસવરણ કાનોચરણ ઓઝા (ઉ.વ.૩૦) રહે ઓરિસ્સા વાળો સાત વર્ષથી નાસતો ફરતો હતો જેને ટેકનીકલ અને હુમન સોર્સીસના આધારે આરોપીનું લોકેશન મેળવી આરોપીને ઓરિસ્સાથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

### મંત્રી રાઘવજી પટેલનો આબાદ બચાવ

# ચોટીલા નજીક કાર અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર

ગાંધીનગર, તા.૩૧

રાજયના કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા નજીક તેમની કારને અકસ્માત નડ્યો હતો. જોકે સદનશીબે રાજ્યના કેબિનેટ મંત્રીનો આબાદ બચાવ થયો હતો. આ દુર્ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો અકસ્માત સ્થળ પર પહોંચ્યો હતો.મળતી માહિતી અનુસાર, રાજ્યનાં કૃષિમંત્રી મંત્રી રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. તે દરમિયાન ચોટીલા નજીક તેમની કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં કારને નુકસાન થયું હતું, પરંતુ રાઘવજી પટેલને ચમત્કારીક બચાવ થયો હતો. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. મંત્રીની કારને અકસ્માત નડ્યો હોવાની માહિતી મળતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વાંકાનેરમાં ડોકટરો સાથે ચીટીંગ કરનાર ઈસમને સાત વર્ષની સખ્ત કેદની સજા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૩૧:

વાંકાનેરની હોસ્પીટલના ડોકટરોને ખોટા નામ ધારણ કરી મેડીકલ સારવારના કોન્ટ્રાકટ એમ.ઓ.યુ. આપવા અને તેની અવેજમાં કમીશન આપવાની લાલચ આપી ડોકટરો સાથે ચીટીંગ કરવામાં આવી હતી જે અંગેનો કેસ વાંકાનેર કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને કસુરવાન ઠેરવી સાત વર્ષની સખ્ત કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે

જે કેસની પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૨૩ માં શાસ્ત્રીનગર રોયલ કેર હોસ્પિટલ તથા મિલ પ્લોટ સાંઈ હોસ્પિટલ વાંકાનેરને આરોપીએ ફરિયાદી અને ફરિયાદીના હોદાનુ ખોટું નામ ધારણ કરી પોતે યોગેશકુમાર ભાસ્કર જનરલ મેનેજર રાજકોટ વાળા હોવાની મોબાઈલ ફોન પરથી સાહેદ ધર્મેન્દ્રસિંહ અને ડો. જીજ્ઞેશને ખોટી ઓળખ આપી હતી જેને ડોકટરોના એમ્પ્લોઈના મેડીકલ સારવારના કોન્ટ્રાકટના આપવા અને તેની અવેજીમાં પોતાને કમિશ્નર આપવા પ્રલોભન આપી ડોકટરો સાથે ઠગાઈ અને વિશ્વાસઘાત કરી ખોટા લેટરપેડ પર ખોટા ટેન્ડર બનાવી ખોટો રબ્બર સ્ટેમ્પ કરી ખોટા દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી ડો. સાહેદોની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા ખોટો દસ્તાવેજ બનાવી પોતાના અંગત આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચ્યું હતું અને અન્ય બે આરોપીઓએ મદદગારી કરી હતી જે ફરિયાદ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાઈ હતી

જે ફરિયાદને પગલે વાંકાનેર પીએસઆઈ ધર્મિષ્ઠ! કાનાણીએ તપાસ ચલાવી આરોપીને ઝડપી લીધા હતા અને કેસ વાંકાનેર એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ વાંકાનેરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ એરાકુમારી એન પટેલે કોર્ટમાં ધારદાર દલીલો અને પુરાવા રજુ કર્યા હતા જેને ધ્યાને લઈને કોર્ટે આરોપી રમેશ રામસુભાગ્પ્રજપતી રહે યુપી વાળાને કસુરવાન ઠેરવ્યો હતો જે આરોપીન ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૨૦, ૫૧૧ મુજબના ગુનામાં ૩ વર્ષની સખ્ત કેદ અને રૂ ૨૦૦૦ દંડ, કલમ ૨૪૮ (૨) અન્વયે ૧ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૧૦૦૦ દંડ, કલમ ૨૪૮ (૨) અને પીનલ કોલ્દની કલમ ૪૬૭ મુજબના ગુનામાં સાત વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૫૦૦૦ દંડ તેમજ પીનલ કોડની કલમ ૪૬૮ મુજબના ગુનામાં ૩ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૨૦૦૦ દંડ, પીનલ કોડની કલમ ૪૬૯ મુજબના ગુનામાં ૩ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૨૦૦૦ દંડ તેમજ પીનલ કોડની કલમ ૪૭૧,૫૧૧ મુજબના ગુનામાં ૧ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૧૦૦૦ દંડ ફટકારવામાં આવ્યો છે જે તમામ સજા એકીસાથે ભોગવવા અને આરોપીએ અગાઉ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવ્યો છે .

# જામનગરઃ યુવતીને પ્રેમજાળમાં ફસાવી અંગત પળોના ફોટા વાયરલ કરવા ધમકી

### યુવતિના ભાઈ અને પિતાને એસ્ટ્રોસિટીના કેસમાં ફીટ કરાવી દેવા ધમકાવી ચાર લાખ રૂપિયાની કાર પડાવી લીધાની પોલીસ ફરિયાદ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૩૧:

જામનગરમાં લીમડાલેન નજીક ઓફિસ ધરાવતી યુવતી કે જેને પ્રેમ જાળમાં ફસાવી દઈ તેના અંગત પળો ના ફોટા પાડી લીધા પછી તે ફોટા વાયરલ કરવા બાબતે યુવતીના ભાઈ અને પિતાને ડરાવ્યા ધમકાવ્યા હતા, તેમજ બળજબરીપૂર્વક ચાર લાખની કિંમતની કાર પડાવી લીધા ની ફરિયાદ સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છેકે મૂળ મોટા થાવરીયા ગામની વતની અને હાલ જામનગર નજીકના લીમડાલેન વિસ્તારમાં એક કોમ્પ્લેક્સમાં ફાઇનાન્સમાં લોન મેળવવા માટેની અરજીઓ તૈયાર કરવા માટેની ઓફિસ ધરાવતી એક યુવતી કે જે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા કાલિદાસ કમલભાઈ વાઘેલા નામના શખ્સ ના સંપર્કમાં આવી હતી, અને લોન મેળવવાના બહાને સંપર્કમાં આવ્યા પછી યુવતી અને કાલિદાસ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો, જે દરમિયાન તેણે કેટલાક મોબાઈલ ફોનમાં અંગત પળોના ફોટા પણ પાસે લીધા હોવાનું જાણવા મળ્યું હતું. જે સમયગાળા દરમિયાન કાલિદાસ વાઘેલા ના પરિચયથી ચાર લાખ રૂપિયાની એક કારની યુવતીના ભાઈ અને પિતાએ ખરીદ કરી હતી, અને પિતાના નામે રજીસ્ટ્રેશન કરાવી લીધું હતું. ત્યારબાદ કાલિદાસ વાઘેલા સાથે યુવતી સંબંધ રાખવા માગતી ન હોવાથી તોડી નાખતાં કાલિદાસ ઉસ્કેરાયો હતો, અને તેણે યૂવતીના ભાઈને ધાક ધમકી આપી હતી અને મેં અપાવી દીધેલી કાર મને પાછી આપી દેજો નહીં તો હું તમારી બેનના અંગત ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશ. ઉપરાંત એસ્ટ્રોસિટીના કેસમાં તમને અને તમારા પિતાને ફસાવી દઈશ તેવી પણ ધમકી ઉચ્ચારી હતી. જેથી ડરના માર્યા ચાર લાખ રૂપિયાની કાર કાલિદાસ વાઘેલા ને આપી દીધી હતી. પરંતુ આખરે હિંમત કરીને સમગ્ર મામલાને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જ્યાં યુવતીના ભાઈની ફરિયાદના આધારે પોલીસે કાલિદાસ કમલભાઈ વાઘેલા સામે બીએનએસ કલમ ૩૦૮-૨, અને ૩૫૧-૧ મુજબ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રીનાથજી જીનીગના ત્રણ ડિરેકટરોને પાંચ ચેક રિટર્ન કેસમાં એક-એક વર્ષની સજા

### સુરેશ શીલુ ૮૦ લાખની ઠગાઈના અન્ય ગુનામાં સંડોવાયેલ હોવાથી જજમેન્ટના દિવસે કોર્ટમાં હાજર ન રહેતાં સજાનું વોરંટ ઈશ્યુ

રાજકોટ તા.૩૧:

શ્રીનાથજી જીનીગ પ્રોસેસ પ્રા.લી.ના ત્રણ ડિરેકટરોને જુદા-જુદા પાંચ ચેક રિટર્ન કેસમાં કોર્ટે એક-એક વર્ષની સજા અને પાંચેય ચેક મુજબની કુલ રકમ રૂ.૨૩.૧૦ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત ફરીયાદી કાંતિલાલ ગાંડાલાલ કલોલાને તેના પુત્ર થકી શ્રીનાથજી જીનીગ પ્રોસેસ પ્રા.લી.ના ડિરેકટર સુરેશભાઈ લાભશંકરભાઈ શીલુ, અશ્વિન પોપટભાઈ ભાલોડી અને ભાવેશ પોપટભાઈ ભાલોડી સાથે ઓળખાણ થતા પારિવારીક સબંધો બંધાયા હતા. તે દરમ્યાન શ્રીનાથજી જીનીગ પ્રોસેસ પ્રા.લી. ખોટમાં ચાલતી હોવાથી કંપનીના ત્રણેય ડિરેકટરોએ ફરીયાદી પાસેથી કટકે કટકે કંપનીના વિકાસ માટે રૂા.૨૩.૧૦ લાખ હાથ ઉછીના લીધા હતા. જે રકમની કાંતિલાલ કલોલાએ માંગણી કરતા શ્રીનાથજી જીનીગ પ્રોસેસ પ્રા.લી.ના ડિરેકટર અશ્વિન ભાલોડીએ કંપનીના બેંક ખાતાના અલગ અલગ કુલ પાંચ ચેક આપ્યા હતા. જે પાંચેય ચેક ''ફન્ડ ઈન્સફીશ્યન્ટ'' ના શેરા સાથે વગર વસુલાતે પરત ફર્યા હતા. જે અંગે ફરીયાદીએ કંપની અને તેના ડિરેકટરોને પાઠવેલી લીગલ નોટીસો બજી જવા છતાં પાંચેય ચેક મુજબની રકમ નહી ચુકવી ફરીયાદીની નોટીસનો ઉડાવ જવાબ આપતા ફરીયાદીએ આરોપીઓ સામે ધી નેગાશીએબલ ઈન્સન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ અન્વયે કોર્ટમાં જુદી-જુદી પાંચ ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી.

જે પાંચેય કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલાઓ ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઇ કોર્ટે અલગ અલગ પાંચ કેસોમાં શ્રીનાથજી જીનીગ પ્રોસેસ પ્રા.લી.ના ડિરેકટર સુરેશ લાભશંકર શીલુ, અશ્વિન પોપટ ભાલોડી, ભાવેશ પોપટ ભાલોડીને દરેક કેસોમાં એક-એક વર્ષની સજા અને પાંચેય ચેક મુજબની કુલ રકમ રૂ.૨૩.૧૦ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ ફરમાવ્યો છે. આરોપી સુરેશ લાભશંકરભાઈ શીલુ સામે ચોટીલા પોલીસમાં ૮૦ લાખની ઠગાઈના કેસમાં સંડોવાયેલ હોવાથી જજમેન્ટના દિવસે કોર્ટમાં હાજર ન રહેતા તેની સામે સજાનું વોરંટ ઈશ્યુ કરવા હુકમ કર્યો છે.

# આટકોટઃ દુષ્કર્મના ગુનામાં પાંચવડાના પૂર્વ સરપંચના વચગાળાના જામીન રદ

### છાત્રાલયની રેકટર પર ટ્રસ્ટી પરેશ રાદડીયા સહિત બે સામે દુષ્કર્મની આટકોટ પોલીસમા ફરિયાદ નોંધાઈ હતી

રાજકોટ તા.૩૧:

આટકોટ સ્થિત ડી.બી. પટેલ કન્યા છાત્રાલયમાં રેકટર ને ધાક આપી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલ હવાલે રહેલા પાંચવડા ગામના પૂર્વ સરપંચે ભત્રીજાના લગ્નમાં જવા માનવતાના ધોરણે કરેલી ૧૦ દિવસની વચગાળાની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.આ કેસની હકીકત મુજબ જસદણ તાલુકાના આટકોટ ગામે આવેલ ડી.બી. પટેલ કન્યા છાત્રાલયમાં અભ્યાસ પૂર્ણ કરી રેકટર તરીકે નોકરી કરતી યુવતીએ પાંચવડા ગામના પૂર્વ સરપંચ મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણી અને વીરનગર ગામે રહેતા છાત્રાલયના ટ્રસ્ટી પરેશ રાદડીયા વિરૂધ્ધ આટકોટ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.

જેલહવાલે રહેલા પાંચવડા ગામના પૂર્વ સરપંચ મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણીએ ભત્રીજાના લગ્ન હોવાથી માનવતાના ધોરણે ૧૦ દિવસ જેલ મુક્ત થવા રાજકોટ સેશન્સ કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો સખત વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી વિરુદ્ધ સમાજ વિરોધી ગંભીર ગુનો છે. આરોપીના સગા ભત્રીજાના લગ્ન નથી કૌટુંબિક ભત્રીજાના લગ્ન છે. તેમાં આરોપીની હાજરીની કોઈ જરૂરિયાત નથી તેથી આરોપીએ માનવતાના ધોરણે માંગેલ જામીન મળવા માટેની અરજી રદ કરવી જોઈએ જેવી રજૂઆત કરી હતી. સેશન્સ જજ પી.જે. તમાકુવાળાએ સરકાર પક્ષે કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ આરોપી મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણીએ ભત્રીજાના લગ્ન માટે ૧૦ દિવસ માટે માનવતાના ધોરણે કરેલી વચગાળાની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# રાજકોટ રેલ્વેના ડિવિઝનલ મેનેજરને ખાસ અદાલતે ૩ વર્ષની કેદની સજા અને ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો

### કોન્ટ્રાકટ રીન્યુ કરવા માંગી હતી ૪૦,૦૦૦ની લાંચ

રાજકોટ તા.૩૧:

વર્ષ ૨૦૧૧માં રાજકોટ ખાતે ડિવિઝનલ મેનેજર તરીકે ફરજ બજાવતા આરોપી રમેશ ભગવાનભાઈ તોલાણી (ઉ.વ.૫૫)એ ફરિયાદી પાસેથી કોન્ટ્રકટ રીન્યુ કરવા બદલ માંગેલ રૂ.૪૦,૦૦૦ની લાંચ સ્વીકારતા ઝડપાઈ જતા રાજકોટની ખાસ અદાલતે ૩ વર્ષની કેદની સજા અને રૂ.૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

ફરિયાદી અનિરુધ્ધસિંહ જાડેજાએ હડમતીયા રેલ્વે જંકશન ઉપર પાણી પુરુ પાડવાનો કોન્ટ્રાકટ રાખ્યો હતો, જે પૂરો થઈ ગયા બાદ રીન્યુ કરવા માટે તેઓએ આરોપીને અરજી આપી હતી. આ અરજી આપ્યા બાદ ૫ માસ સુધી રીન્યુઅલનો હુકમ થયો ન હોવા છતા આરોપીએ ફરિયાદીને પાણી પૂરુ પાડતા રહેવાની સૂચના આપી હતી. ૯ માસ સુધી આરોપીએ કોન્ટ્રાકટ રીન્યુ કર્યો ન હતો તેમ છતાં ફરિયાદીને પાણી પૂરુ પાડવાની સૂચના આપી હોવાથી ફરિયાદીએ માર્ચ ૨૦૧૧ સુધી પાણી પૂરુ પાડ્યું હતું, જેની સામે આ ૬ માસ સુધીના પાણીનું કોઈ જ બિલ બન્યું ન હતું પરંતુ, આરોપીએ તમામ બિલો પાસ કરાવી આપવાની ખાતરી આપી હતી. ફરિયાદીએ પોતાના બિલને પાસ કરાવવા માટે આગ્રહ કરતા આરોપીએ ૪૦,૦૦૦ની લાંચની માંગણી કરતા ફરિયાદી અનિરુધ્ધસિંહ જાડેજાએ એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી ટ્રેપ ગોઠવી હતી. જે દરમિયાન આરોપી પોતાની ઓફિસમાં લાંચની રકમ સ્વીકારતા ઝડપાઈ ગયા હતા.

બચાવ પક્ષે આરોપી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, તેઓએ કોઈ લાંચની રકમ માંગી નથી પરંતુ, ફરિયાદીને નવા કોન્ટ્રાકટનો વર્ક ઓર્ડર આપ્યો હોવાથી ફરિયાદીએ ૪૦,૦૦૦ રાજી ખુશીથી આપ્યા છે. સરકાર તરફે સરકારી વકિલ એસ. કે.વોરાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ફરિયાદીએ આ રકમ સ્વખુશીથી આપી હતી. કેસ ચાલતા દરમિયાન આરોપી તરફે વકીલે રકમ સ્વીકારાયા હોવાનો જ ઈન્કાર કર્યો છે.

આ રીતે આરોપી જયારે ટ્રેપના અંતે એક ચોક્કસ પ્રકારને બચાવ લેતા હોય ત્યારે તેમના વતી વકીલ દ્વારા લેવામાં આવેલ બચાવ વિરોધાભાસી હોવો જોઈએ નહીં. બંને બચાવ વિરોધાભાસી હોય ત્યારે પ્રોસિક્યુશનનો કેસ વધુ મજબૂત બને છે.

કોઈ સરકારી કર્મચારી ફરિયાદી પાસેથી તેમની રાજીખુશી હોવા છતાં કોઈ રકમ સ્વીકારે તો તે પણ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમનની જોગવાઈ મુજબ લાંચની રકમ જ ગણાય છે. ફરિયાદીને પોતાની લેણી રકમ માટે મજબૂર સ્થિતિમાં મૂકી દીધા બાદ તેઓ રાજીખુશીથી કોઈ રકમ આરોપીને આપે તે સામાન્ય સમજથી બહારની વાત છે. હાલના કિસ્સામાં આરોપીએ પાણીનો કોન્ટ્રાકટ રીન્યુ કરેલ ન હોવા છતા ૬ માસ સુધી હડમતીયા રેલ્વે સ્ટેશને ફરીયાદી પાસે પાણી મંગાવ્યું છે. આ પાણીની કોઈ રકમ ન ચુકવી આરોપીએ ફરીયાદીને લાંચ આપવા માટે મજબુર કરી તેનો લાભ ઉઠાવ્યો છે.

તેથી, આ વર્તન લાંચથી પણ વધુ ગંભીર ગુનો ગણવો જોઈએ.સરકાર તરફેની આ રજૂઆતોના અંતે પ્રિન્સિપાલ સેશન્સ જજ વી.બી.ગોહિલ સાહેબે આરોપી રમેશ ભગવાનભાઈ તોલાણી ને ૩ વર્ષની કેદની સજા તથા ૧૫,૦૦૦નો દંડ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

### રૂપિયા ૨૦ લાખનો દંડ ફટકારાયો

# ESICના તત્કાલીન નિરીક્ષકને અપ્રમાણસર સંપત્તિ કેસમાં ૩ વર્ષની સખત કેદની સજા

અમદાવાદ, તા. ૩૧

સીબીઆઈ કોર્ટે અમદાવાદના કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ના તત્કાલીન નિરીક્ષકને અપ્રમાણસર સંપત્તિ કેસમાં ૦૩ વર્ષની સખત કેદ (RI) અને રૂ. ૨૦ લાખના દંડની સજા ફટકારી છે. અમદાવાદના સીબીઆઈ કેસોના વિશેષ ન્યાયાધીશ, કોર્ટ નં.-૦૧, અમદાવાદે આજે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ના તત્કાલીન નિરીક્ષક, અનિલ કુમાર સિંહને અપ્રમાણસર સંપત્તિ કેસમાં ૦૩ વર્ષની સખત કેદ (RI) અને રૂ. ૨૦ લાખના દંડની સજા ફટકારી છે.

સીબીઆઈએ ૩૧.૧૨.૨૦૦૭ના રોજ અમદાવાદના કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ના તત્કાલીન નિરીક્ષક, અનિલ કુમાર સિંહ વિરુદ્ધ ૦૧.૦૮.૨૦૦૧થી ૩૦.૧૧.૨૦૦૭ના સમયગાળા દરમિયાન આરોપીએ પોતાની આવકના સ્ત્રોત કરતાં વધુ અપ્રમાણસર સંપત્તિ એકઠી કરી હતી. જે તેની આવકના સ્ત્રોત કરતાં ૩૧૪% વધુ હતી. તપાસ પૂર્ણ થયા પછી, સીબીઆઈ દ્વારા ૦૯.૧૨.૨૦૦૯ના રોજ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

જેમાં આજે દોષિત/સજા પ્રાપ્ત આરોપીઓનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે આરોપીએ ૦૧.૦૧.૨૦૦૦થી ૦૧.૦૭.૨૦૦૬ના ચેક સમયગાળા દરમિયાન, તેમની આવકના જાણીતા સ્ત્રોત કરતાં રૂ. ૨૨,૧૫,૬૦૯/- ની અપ્રમાણસર સંપત્તિ એકઠી કરી હતી. જે તેમના આવકના જાણીતા સ્ત્રોત કરતાં ૮૪.૬% વધુ હતી. ટ્રાયલ પછી, કોર્ટે આરોપી અનિલ કુમાર સિંહને દોષિત ઠેરવ્યા અને તેમને તે મુજબ સજા ફટકારી છે.

# ગૂગલ પર સર્ચ કર્યુ 'સોમનાથ ટ્રસ્ટ રૂમ બુકિંગ', નકલી વેબસાઈટના કારણે ગુમાવ્યા રૂ.૭૦ હજાર

અમદાવાદ,તા.૩૧

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરના દર્શન કરવા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને અન્ય રાજ્યોમાંથી ભક્તો આવે છે. દૂર દૂરથી આવતા મુલાકાતીઓ રાત્રી રોકાણ માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી સુવિધાઓનો ઉપયોગ કરે છે પરંતુ ઘણી વખત ઓનલાઈન બુકિંગ કરતી વખતે કેટલાક લોકો સમાન નામવાળી વેબસાઈટમાં ફસાઈને છેતરપિંડીનો શિકાર બને છે.અમદાવાદના બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૫૮ વર્ષીય નિવૃત્ત પરેશ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી એફઆઈઆર મુજબ, પરેશ પટેલ ૨૪મી નવેમ્બરે તેમના પરિવાર સાથે સોમનાથ મંદિરે જવાના હતા. જે માટે સોમનાથમાં રૂમ બુકિંગ માટે સોમનાથ ટ્રસ્ટ રૂમ બુકિંગ માટે ગૂગલ પરથી સર્ચ કરવામાં આવ્યું હતું. સર્ચ કર્યા પછી પાનું ખોલ્યું. જેમાં આપેલા સંપર્ક નંબર ૯૬૬૧૩૯૮૭૬૭ પર ફોન કરતાં વ્યક્તિએ હિન્દીમાં વાત કરી હતી. સોમનાથ ટ્રસ્ટના રૂમ બુકિંગ માટે ગૂગલ પર સર્ચ કરતાં વેબસાઈટ અને નંબર દ્વારા સંપર્કમાં આવેલા વ્યક્તિએ ૨૪મી નવેમ્બરે ત્રણ રૂમ બુક કરાવવા માટે રૂ. ૫,૦૦૦ એડવાન્સ ચૂકવવાનું કહ્યું હતું. એસી અને નોન-એસી રૂમ બુકિંગ માટે વોટ્સએપ નંબર દ્વારા વિગતો મોકલવામાં આવી હતી, જેમાં નાસ્તો, લંચ, ડિનર, ફ્રી વાઈ-ફાઈ, ફ્રી પેકિંગ અને જીએસટી ચાર્જનો સમાવેશ થાય છે. બુકિંગ માટે આઈડી કાર્ડ પણ મોકલવામાં આવ્યું હતું.એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલી બેંક વિગતોમાં ફરિયાદીને ૫૦૦૦ નું એડવાન્સ મોકલવામાં આવ્યું હતું. બાદમાં સિક્યોરિટી ડિપોઝિટ તરીકે રૂ. ૮૧૦૦ માગવામાં આવ્યા હતા, જે હોટેલમાંથી ચેક આઉટ કરતી વખતે પરત કરવાનું કહેવામાં આવ્યું હતું. આ રકમ મોકલવા માટે, અન્ય બેંકની વિગતો મોકલવામાં આવી હતી, જેમાં સિક્યોરિટી તરીકે ૮,૧૦૦ રૂપિયાનો સ્ક્રીનશોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને તે પણ શેર કરવામાં આવ્યો હતો. આ પછી છેતરપિંડી કરનારે અલગ-અલગ બહાને ૫ ટ્રાન્ઝેક્શન કરીને કુલ ૬૯,૬૭૮ રૂપિયા જમા કરાવ્યા હતા. આ પછી વધુ પૈસાની માંગણી કરવામાં આવતાં ફરિયાદીને બુકિંગ અંગે શંકા ગઈ હતી અને ફરી એકવાર તેના મોબાઈલમાંથી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ સર્ચ કરતાં સોમનાથ ટ્રસ્ટની વાસ્તવિક વેબસાઈટ મળી આવી હતી. જેમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર કોલ કરીને બુકિંગની વિગતો શેર કરતાં જાણવા મળ્યું કે કોઈ બુકિંગ થયું નથી. જે પછી વ્યક્તિને તેની સાથે થયેલી નાણાકીય છેતરપિંડી વિશે જાણ થઈ. જે નંબર પર રૂમનું બુકિંગ કરાવ્યું હતું તે નંબર પર ફોન કરીને બુકિંગ કરાવનાર વ્યક્તિ સાથે વાત કર્યા બાદ તેણે મોકલેલી રકમ રિફંડની માંગણી કરીને ના પાડવાનું શરૂ કર્યું હતું. આ પછી વ્યક્તિએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. આ મામલામાં બોડકદેવ પોલીસે એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે અને કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૬(સી), ૬૬(ડી) હેઠળ એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. સમાન નામો સાથે વેબસાઈટ્સ બનાવવાનું છે.